Registered Under R.N.I. No. GUJGUJ/2023/84401

વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ
(ISO 9001:2015 - Approval No. 00044220)

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

₹ ૫૦-૦૦
₹ 50-00

Vishv UMIYA Foundation

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ માર્ચ, ૨૦૨૫
Published on - 01 March 2025

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી–ડૉ. પ્રભુદાસ આઈ. પટેલ
Editor-Dr. Prabhudas I. Patel



माघ मकरगते रबि जब होई, तीरथपतिहिं आव सब कोई ।
देव दनुज किन्नर नर श्रेनीं, सादर मज्जहिं सकल त्रिबेनीं ॥

માઘમાં જ્યારે સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે, ત્યારે બધાં તીર્થરાજ પ્રયાગ આવે છે.
દેવતા, દૈત્ય, કિન્નર અને મનુષ્યોના સમૂહ બધાં જ આદરપૂર્વક ત્રિવેણીમાં સ્નાન કરે છે.

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

**૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ**

**"આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"**



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

Mayflower
WOMEN'S HOSPITAL

# The Cradle **of Care**

ENDOMETRIOSIS CLINIC

INFERTILITY AND ART CLINIC

OBSTETRICS/GYNECOLOGY

FETAL MEDICINE

GI SURGERY

COSMETOLOGY AND GYNEC-COSMETOLOGY

ANESTHESIA

RADIOLOGY

PEDIATRICS & NEONATAL CARE



DR. SANJAY PATEL



DR. SMEET PATEL



DR. JAYA PATEL



DR. RAVINA PATEL

+91-9898036701

hello@mayflowerhospital.com

+91-79-27495001/02/03

"Mayflower House", Opp. - Police Helmet, Near Manas Mandir Temple, Drive-in Road, Ring Road Junction, Memnagar, Ahmedabad - 380052, Gujarat, India

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ


# ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | એક વૈશ્વિક વિચારધારા


**માર્ચ ૦૧, ૨૦૨૫**
**વર્ષ :** ૦૪, **અંક : ૨૩**
**સળંગ અંક : ૩૪**
**માલિક :** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

Vishv UMIYA Foundation

**March 01, 2025**
**Year** : 04, **Ank** : 23
**Owner** : Vishv Umiya Foundation




**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel



**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel





**પરામર્શકશ્રી**
**Consultant**

પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ  પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai  Padmashri-Devendra Patel

**સંપાદક મંડળ:**
ડો. હર્ષદ પટેલ
ડો. અશોક પટેલ
ડો. ઉત્પલ પટેલ
ડો. રૂપલ પટેલ

**Editor Board :**
Dr. Harshad Patel
Dr. Ashok Patel
Dr. Utpal Patel
Dr. Rupal Patel

**સહસંપાદક :** ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia

**કલાનિર્દેશક :** રાજુ પ્રજાપતિ **Art Director :** Raju Prajapati

**ફોટોગ્રાફી :** સદ્‌વિદ્યા ટી.વી. ચેનલ
**Photography :** Sadvidhya TV Channel

**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઈલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક :** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset,
B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham
Jaspur, Kalol, Gandhinagar

# અનુક્રમણિકા


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | વેદનો દિવ્ય સંદેશ | પ્રહ્‌લાદભાઈ પટેલ (કામેશ્વર) | ૦૫ |
| ૨. | શૈક્ષણિક પરીક્ષા જિંદગીની અંતિમ પરીક્ષા નથી | પ્રમુખશ્રીની કલમે | ૦૬ |
| ૩. | શ્રી રામચરિતમાનસ કથાસાર | ડો. પ્રભુદાસભાઈ પટેલ | ૦૮ |
| ૪. | સમર્પણ એટલે શું ? | શ્રી ભાણદેવજી | ૦૯ |
| ૫. | ભગવદ્‌ગીતામાં પૂર્વજન્મ અને પુનર્જન્મની મીમાંસા | ડો. અમૃત કાંજિયા | ૧૧ |
| ૬. | મહાકુંભ એટલે ધર્મ, સમાજ અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ | પ્રો. ડો. જે. એમ. પનારા | ૧૪ |
| ૭. | પૂર્વ - પ્રાથમિક શિક્ષણ શા માટે અને કઈ ઉંમરથી આપવું જોઈએ. | ગુલાબભાઈ જાની | ૧૭ |
| ૮. | વૈદિક સાહિત્યમાં બાળજન્મ, બાળઉછેર અને બાળકેળવણીનું મેનેજમેન્ટ | પ્રો. ડો. હર્ષદેવ માધવ | ૧૯ |
| ૯. | જીંદગી લીંબુ - ચમચીની રેસ જેવી છે | પ્રફુલ્લ કાનાબાર | ૨૨ |
| ૧૦. | કુટુંબમાં સ્ત્રીની વિશિષ્ટ ભૂમિકા | શ્રીમતી ગીતા ઉનડકટ | ૨૪ |
| ૧૧. | 'મા' એટલે મમતાનો ઝૂલો | ડો. ભાવેશ જેતપરિયા | ૨૫ |
| ૧૨. | નારી તારા નવલાં રૂપ | રામભાઈ એસ. પટેલ-USA | ૨૭ |
| ૧૩. | મેં મારી અસાધ્ય બિમારીને મારી તાકાત બનાવી દીધી | પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ | ૨૯ |
| ૧૪. | "દહેજ એટલે...સુષુપ્ત અવસ્થામાં ગૂંચળું વાળીને પડેલો ભોરિંગ નાગ અર્થાત્ એક દૈત્ય" | રસિક પટેલ | ૩૦ |
| ૧૫. | એકલો જાને રે ! | પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ | ૩૨ |
| ૧૬. | મહાદેવના વિશ્વ વિખ્યાત પ્રાચીન શિવાલય | પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી | ૩૬ |
| ૧૭. | પુણ્યભૂમિ ભારત | સ્વામી વિવેકાનંદ | ૩૯ |
| ૧૮. | આંખનો અજ્ઞાત શત્રુ : ઝામર | ડો. બિનિતાબેન ઠાકોર | ૪૦ |
| ૧૯. | સમતોલ આહાર અને આરોગ્ય | ડો. જિતેન્દ્ર અઢીયા | ૪૧ |
| ૨૦. | લોકોપયોગી માર્ગદર્શન | એચ. એસ. પટેલ-IAS Retd. | ૪૨ |
| ૨૧. | "ખેતી વ્યવસાય" માનવીય મૂલ્યોના જતન - વર્ધનનું ઘરૂવાડિયું | હીરજી ભીંગરાડીયા | ૪૩ |
| ૨૨. | ગટુના ગલ્લે | ગિરા પિનાકીન ભટ્ટ | ૪૫ |
| ૨૩. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૬ |
| ૨૪. | સમાચાર | ડો. રૂપલબેન પટેલ | ૪૯ |


⌘ ⌘ ⌘

**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar. **Editor -** Dr. Prabhudas I. Patel

# ધર્મ સૃષ્ટિ



**પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ

**सत्यं बृहद्दतमग्ने दीक्षा तपो ब्रह्मं यज्ञः पृथिवीं धारयन्ति ।**
**सा नो भूतस्य भव्यस्य पल्युरुं लोकं पृथिवी नः कृणोतु ॥**
(અથર્વવેદ ૧૨/૧/૧)

**ભાવાર્થ :** આ સંસારમાં જે લોકો પરમાત્મા અને વિદ્વાનોને પ્રેમ કરે છે, સત્યકર્મી, જ્ઞાની અને જીતેન્દ્રિય હોય છે તેઓ જ ઉન્નતિ કરે છે. અત્યાર સુધી એમ જ થયું છે અને હવે પછી પણ એવું જ થશે.

**સંદેશ :** ઉન્નતિ કોણ કરે છે ? બહુ ધન એકઠું કરવું, બંગલા, કાર અને સુખ-સગવડની વસ્તુઓનો ઢગલો કરી લેવો તેને લોકો ઉન્નતિ સમજે છે. આજે અનીતિપૂર્વક સંપત્તિ કમાવાની ચડસાચડસી શરૂ થઈ છે.

જ્યારે માનવી અને રાષ્ટ્ર બંને સાથે સાથે યશસ્વી બને ત્યારે ઉન્નતિ થાય. રાષ્ટ્રની ઉન્નતિ માટે, તેને શક્તિશાળી અને ગૌરવપૂર્ણ બનાવવા માટે દેશના નાગરિકો તપસ્વી બને તે જરૂરી છે. કોઈ શ્રેષ્ઠ લક્ષ્યને પૂરું કરવામાં આવતી બધી મુશ્કેલીઓને ધૈર્યપૂર્વક સહન કરતાં આગળ વધવાનું નામ તપ છે. યક્ષે યુધિષ્ઠિરને તપનાં લક્ષણો પૂછ્યાં હતાં ત્યારે તેમણે કહેલું, "તપઃ સ્વકર્મવર્તિત્વમ્" - એકનિષ્ઠ થઈને પોતાના કર્તવ્યનું પાલન કરવાનું નામ તપ છે અને તપનો સાર છે જિતેન્દ્રિયતા. ઈન્દ્રિયનિગ્રહ કરવામાં ન આવે તો ઉન્નતિ થઈ શકતી નથી. જ્યાં સુધી માયા, મોહ, લોભ, સ્વાર્થ વગેરે ઉપર વિજય મેળવીને રાષ્ટ્રહિતની ભાવના બળવાન થતી નથી, ચારેબાજુ લૂંટફાટનું વાતાવરણ રહેશે ત્યાં સુધી માનવી સુખશાંતિ મેળવી શકે નહિ.

ઉન્નતિ માટે સૌથી વધારે જરૂરી છે. મહાન સત્યને જાણીને સત્યાચરણની દીક્ષા લેવી. એ નિર્વિવાદ સત્ય છે કે સમગ્ર બ્રહ્માંડ પરમેશ્વરે પ્રગટ કર્યું છે. તે તેના કણકણમાં હાજર છે અને કરોડો વર્ષોથી તેને ગતિ આપી રહ્યા છે. આપણે પણ તે પરમેશ્વરના અંશ છીએ. આપણા કર્મોનો હિસાબ તે પૂરી ઈમાનદારીથી રાખે છે અને તેમની ન્યાયકારી સત્તા કર્મફળ નક્કી કરે છે. આ જ્ઞાન આપણને સંયમની પ્રેરણા આપે છે. આપણા આચરણમાં શ્રેષ્ઠતાનો સમાવેશ કરે છે.



ઈન્દ્રિયનિગ્રહ અને સત્યાચરણનો લાભ એ થાય છે કે માનવી પોતાના ક્ષુદ્ર સ્વાર્થ-ભાવનો ત્યાગ કરી દે છે અને દેશવાસીઓમાં રાષ્ટ્રભાવ જાગૃત થાય છે. બધા નાગરિકો બીજાના કષ્ટને પોતાનું કષ્ટ સમજીને તેના નિવારણમાં સહયોગ આપવા લાગે છે. આથી એકબીજાની ઉન્નતિનો મજબૂત આધાર બની જાય છે. સમગ્ર રાષ્ટ્રમાં આત્મીયતાની ભાવના બળવત્તર બને છે અને ત્યારે દેશમાં પ્રાણશક્તિનો સંચાર થાય છે. જે રાષ્ટ્રના બધા નાગરિકો ઓજસ્વી, તેજસ્વી અને યશસ્વી હોય છે તેની આ ઉન્નતિની સમક્ષ સંસારના શક્તિશાળી રાષ્ટ્રો પણ માથું નમાવે છે.

બીજનું શું મહત્ત્વ છે ? તે કોથળામાં પુરાઈને ઘરના એક ખૂણામાં પડી રહે છે ત્યારે તેની કશી કિંમત નથી હોતી. જ્યારે તેને ખેતરમાં વાવવામાં આવે છે ત્યારે થોડા સમયમાં તે એક વિશાળ વૃક્ષના રૂપમાં વિકસિત થાય છે. આ માટે તેણે પોતે ઓગળવું પડે છે અને ખાતર-પાણીના રૂપમાં સમાજનો સહયોગ લેવો પડે છે. પોતાના સ્વાર્થભાવનો ત્યાગ અને સમાજનો આત્મિક સહયોગ અને બંને ભેગાં મળીને ઉન્નતિના સુવર્ણમય સોપાનનું નિર્માણ કરે છે. કોઈ એમ સમજે છે કે તે એકલું જ બધું કરી શકે છે, તો તે તેનો ખોટો ભ્રમ છે. બીજાના સહયોગની સાથે સાથે પોતે તપ અને સાધનાનાં કષ્ટો સહન કરવાથી જ માનવી ઉન્નતિના માર્ગે આગળ વધે છે.

આ પરમપિતા પરમેશ્વર પોતાના પ્રિય પુત્રોને સૂચવે છે. તેના માટે તેમણે સર્વ ગુણયુક્ત માનવશરીરની રચના કરી છે અને તેને પોતાની બધી શક્તિઓથી વિભૂષિત કર્યો છે. દરેક પળે તે તેને મદદ કરવા તૈયાર રહે છે, પણ શરત એટલી જ છે કે માનવીએ નિઃસ્વાર્થ ભાવથી પુરુષાર્થમાં લાગી રહેવું જોઈએ. ઉન્નતિ માટે ઈશ્વરની સત્તામાં પૂર્ણ વિશ્વાસ રાખીને પોતાની પૂરેપૂરી ક્ષમતા અને પ્રતિભાનો ઉપયોગ લોકહિતનાં કાર્યો માટે કરવો એ જ જીવનનું મુખ્ય લક્ષ્ય છે.

વિદ્વાનોની એ જવાબદારી છે કે તેઓ સમાજને ઉન્નતિના એ સત્યમાર્ગ ઉપર આગળ વધવા પ્રેરિત કરે. તેમ કરવાથી જ બ્રાહ્મણત્વનો નિર્વાહ થઈ શકશે. ■

## પ્રમુખશ્રીની કલમે

# શૈક્ષણિક પરીક્ષા જિંદગીની અંતિમ પરીક્ષા નથી...



મિત્રો, નમસ્કાર !

આધુનિક શિક્ષણ વ્યવસ્થામાં પરીક્ષાઓનું મહત્ત્વ ઘણું મોટું છે. પ્રાથમિક શાળાથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી, વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં પોતાનું મોટાભાગનું જીવન વિતાવે છે. એક મહત્ત્વપૂર્ણ સત્ય એ છે કે જીવન માત્ર પરીક્ષાઓથી નક્કી થતું નથી. જીવન એક વિશાળ કેનવાસ છે, જેમાં અનેક રંગો છે - અનુભવો, સંબંધો, શોખ, સંઘર્ષ, સફળતા અને નિષ્ફળતા છે. પરીક્ષા માત્ર મર્યાદિત પ્રમાણમાં આપણા જ્ઞાન અને કુશળતાને માપી શકે છે. શૈક્ષણિક સફળતા મહત્ત્વપૂર્ણ છે, પણ તે જીવનની અંતિમ કસોટી નથી.

વર્ષ ૨૦૨૫માં ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થઈ ગયો છે. આખા વર્ષ દરમિયાન કરેલી તૈયારીઓને માપવાની આ એક્સરસાઈઝ છે. આ વર્ષે ૧૪.૨૮ લાખ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે. વિદ્યાર્થીઓની કારકિર્દી માટે બોર્ડની પરીક્ષા મહત્ત્વનું સિમાચિન્હ જરૂર છે, પણ પરીક્ષામાં સફળતા એ તેનો પ્રારંભ માત્ર છે. નિષ્ફળ થવાથી તેનો અંત આવતો નથી. કોઈપણ પરીક્ષા એ જીવનની આખરી પરીક્ષા નથી એ વાતનો સ્વીકાર કરવો અત્યંત જરૂરી છે. આજે પરિસ્થિતિ એવી છે કે સંખ્યાબંધ વિદ્યાર્થીઓ પરીક્ષાના ભાર હેઠળ માનસિક તાણ અનુભવી રહ્યા છે. આના કારણે માતા-પિતાએ મનોચિકિત્સકોની મદદ લેવી પડે છે અને કાઉન્સેલિંગ કરવું પડે છે. આવા વિદ્યાર્થીઓને એ ડર સતાવે છે કે પાસ થઈશ કે નાપાસ તેઓ કોઈને કોઈ કાલ્પનિક ભ્રમણામાં રાચે છે. સતત બેચેની રહે છે. વાંચેલુ યાદ રહેશે કે નહીં વિગેરે ચિંતાઓથી રાતની ઉંઘ ઉડી જાય છે, માનસિક સંતુલન ખોરવાઈ જાય છે, સતત ઉચાટ અનુભવાય છે અને પરિણામ ધાર્યા મુજબ નહીં આવે તો ઘરના લોકો શું કહેશે, સમાજ શું કહેશે વિગેરે વિચારો મનમાંથી જતા નથી.

### પરીક્ષાની મર્યાદાઓ :

આજની શિક્ષણ પ્રણાલીમાં હંમેશા ઉચ્ચ ગુણ મેળવવા પર જ ધ્યાન કેન્દ્રિ કરવાનું હોવાથી વિદ્યાર્થીઓ પર અનાવશ્યક માનસિક દબાણ વધે છે. મોટાભાગે સમાજ અને પરિવાર પણ આ દબાણ વધારવામાં ભાગ ભજવે છે. પરંતુ આપણે એ સમજવું જોઈએ કે એક પરીક્ષામાં મળેલ માર્ક્સ કદી પણ તેની સાચી સંભાવનાઓ અને સ્કીલને દર્શાવી શકતા નથી. પરીક્ષા સામાન્ય રીતે યાદ શક્તિ અને લેખન ક્ષમતાને જ માપે છે. જીવનમાં સફળતા માટે અન્ય વિશેષતાઓ તેમજ કુશળતાઓ જરૂરી હોય છે, જેમ કે :

(૧) સામાજિક કુશળતા : અન્ય લોકો સાથે સુમેળથી રહેવાની અને સંવાદ કરવાની ક્ષમતા.
(૨) સમસ્યા ઉકેલવાની કળા : જીવનમાં પડકારોનો સામનો કેવી રીતે કરવો તેનો વિવેક.
(૩) સર્જનાત્મકતા : નવી દૃષ્ટિથી વસ્તુઓને જોવાની અને નવી સંભાવનાઓ શોધવાની શક્તિ.
(૪) આંતરિક મજબૂતી : નિષ્ફળતા પછી પણ હિંમતથી આગળ વધવાની તાકાત.

પરીક્ષાઓ આ ગુણો માપી શકતી નથી અને તેથી જ, તે જીવનનો એકમાત્ર માપદંડ બની શકતી નથી.

### આજના યુગમાં સફળતા શું છે ?

આજના સમયમાં સફળતા માટે માત્ર શૈક્ષણિક જ્ઞાન જ પૂરતું નથી. એક વ્યક્તિમાં વિવિધ કૌશલ્ય હોવું જોઈએ, જેમ કે - ટેક્નોલોજીનું જ્ઞાન, કોમ્યુનિકેશન સ્કીલ, ટીમ વર્ક અને નવી ચીજોને શીખવાની ઈચ્છા. અનેક ઉદ્યોગો અને વ્યવસાયો હવે માત્ર ડિગ્રીના આધારે નહીં, પણ કુશળતા (સ્કીલ) અને અનુભવોના આધારે લોકોની પસંદગી કરે છે. માઈકલ ફારાડે, બિલગેટ્સ, સ્ટીવ જોબ્સ, ધીરુભાઈ અંબાણી જેવા વિશ્વ પ્રસિદ્ધ લોકોની શૈક્ષણિક પૃષ્ઠભૂમિ મધ્યમ જ રહી છે પરંતુ તેમના વિઝને અને મહેનતે તેમને સફળ બનાવ્યા છે.

આપણી આસપાસમાં જ ઘણી એવી વ્યક્તિઓ હોય છે કે જેઓ બોર્ડની પરીક્ષામાં નિષ્ફળ થયાં પછી પણ હતાશ થયા વગર એકાગ્રતા અને મહેનત થકી પોતાના ક્ષેત્રમાં સફળતા મેળવીને કારકિર્દીનું ચણતર કર્યું છે. જીવનમાં ઉતાર-ચઢાવ તો આવતા રહે છે. હારીને પછી જે લોકો જીતી જાય છે તેને જ દુનિયા યાદ કરે છે. જીવનના ઘડતરમાં પરીક્ષા સિવાય ઘણા વિકલ્પો હોય છે. પરીક્ષા એક માત્ર તમારી ક્ષમતાનો અંતિમ માપદંડ નથી. જો તમે આજે સારું કરી શક્યા નથી, તો કાલે એનાથી પણ વધુ સારું કરી શકવાની સંભાવનાઓ તમારી રાહ જોતી હોય છે. જે માટે તમારે ધૈર્ય રાખવું પડે છે.

પરીક્ષાના તનાવ હેઠળ ઘણા વિદ્યાર્થીઓ ડિપ્રેશનમાં જતા રહે છે અને ક્યારેક આત્મહત્યા કરી જીવન પણ ટૂંકાવી દે છે. શું આપણે આપણા અમુલ્ય જીવનનું મૂલ્ય પરીક્ષામાં પાસ કે નાપાસના માપદંડ ઉપરથી નક્કી કરીએ છીએ ? અનેકવાર નાપાસ થવા છતાં ટોમલ આલ્વા એડિસને બલ્બની શોધ કરી હતી, જે આજે સમગ્ર વિશ્વને પ્રકાશિત કરે છે. નિષ્ફળતાનું છેલ્લુ પગથિયું સફળતાના પ્રથમ પગથિયાની બાજુમાં જ હોય છે. આપણે ફક્ત સતત પ્રયાસશીલ રહીને જીંદગીની નવીનવી તકોને શોધવાની છે અને તે માટે અથાગ પ્રયત્ન કરતાં જ રહેવાનું છે. એકવારની ભૂલમાંથી જ આપણે ભવિષ્યમાં સારું પ્રદર્શન કરી શકીશું. બાળપણમાં એડિસનને નબળા મનના માનીને શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યા હતાં.

ડો. એપીજે અબ્દુલ કલામ એરફોર્સની પરીક્ષામાં નાપાસ થયા હતાં. તેમ છતાં ગભરાયા વિના હિંમત રાખી આગળ વધ્યા અને રાષ્ટ્રપતિ બન્યા. સપનાં પૂરાં કરવા માટે વ્યક્તિમાં ઈચ્છાશક્તિ, આત્મવિશ્વાસ અને શીખવાની ઈચ્છા જરૂર હોવી જોઈએ. યાદ રાખીએ કે, ક્રિકેટમાં છ બોલની એક ઓવર હોય છે. જેમાં સળંગ પાંચ બોલમાં એકપણ રન ન થાય તો એનો મતલબ નિષ્ફળતાં નથી. કારણ કે, છેલ્લા બોલે સિક્સર વાગી શકે છે. મતલબ કે, બે-પાંચ પરીક્ષાઓમાં નાપાસ થવાથી આપણી સફળતાનો અંદાજ ક્યારેય મેળવી શકાતો નથી.

ઉપરોક્ત બાબતો સિવાય સૌથી મહત્વની બાબત એ છે કે, સંતાનોનાં માતા-પિતા જ તેમનાં માટે સપોર્ટ સિસ્ટમ બનવા જોઈએ. તેમનો ભાવનાત્મક સહયોગ અભ્યાસના તણાવને દૂર કરવામાં વધુ સારી રીતે મદદ કરી શકે છે, કારણ કે બાળકોને તેના માતા-પિતા કરતાં વધુ સારી રીતે બીજું કોઈ સમજી ન શકે. આનાથી ઊલટું ઘણીવાર માતા-પિતા પોતાના અધૂરા સપનાઓ સંતાનો પર થોપે છે, કે અમે જે નથી કરી શક્યા તે હવે તમારે કરવાનું છે, અને અમે જે નથી બની શક્યા તે તમારે બનવાનું છે. સંતાનો કરતાં તેના વાલીઓ ઘણીવાર વધારે સ્ટ્રેસ લેતાં હોય છે. માટે અન્ય સાથે તેની ક્યારેય સરખામણી ન કરો અને તેમના પર કોઈપણ પ્રકારનું દબાણ ન કરો. સંતાનો એ માત્ર તમારી અપેક્ષાઓ સંતોષવાનું સાધન નથી, પરંતુ તેનું પણ અલગ વ્યક્તિત્વ છે. જેનું હરહંમેશ સ્મરણ વાલીઓએ રાખવું જોઈએ.

આ વખતે બોર્ડ છે, બોર્ડ છે....એવું કહીને મા-બાપ પોતે પણ ટેન્શનમાં રહે છે અને સંતાનોને પણ ટેન્શનમાં રાખે છે. સંતાનોની સાથે જાણે વાલીઓની પણ પરીક્ષા હોય તેવું વાતાવરણ ઊભું થાય છે. પરિણામે પરીક્ષાનો હાઉ સંતાનો ઉપર સવાર થઈ જાય છે. માટે પરીક્ષા જીવનનું અંતિમ સત્ય કદી ન હોય શકે. પરીક્ષામાં મળેલ નિષ્ફળતા એ જીવનની નિષ્ફળતા નથી. કારણ કે જીવનનાં દરેક તબક્કે નવી જ તકો અને સફળતાઓ તમારી રાહ જુએ છે. જીવન આકાશ જેટલું વિશાળ અને અસીમ છે. પરીક્ષામાં ઓછા માર્ક્સ મળવાથી જીવનના દરેક ક્ષેત્રમાં નિષ્ફળ હોવાનો થપ્પો નથી લાગતો. આલ્બર્ટ આઈન્સ્ટાઈન બાળપણમાં નબળા ગણાતા હતાં, પણ તે પછી વિશ્વને સાપેક્ષતાવાદના સિદ્ધાંતની ભેટ આપનાર તેઓ મહાન વૈજ્ઞાનિક બન્યાં.

## યુવા વિકાસ અને સશક્તિકરણ અંતર્ગત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની વિચારધારા અને પ્રેરક પ્રયાસો :

પરીક્ષા એ પૂર્ણ વિરામ નથી, પરંતુ અલ્પ વિરામ છે. કારણ કે કારકિર્દી બનાવવા માટેના અનેક વિકલ્પમાંથી પસંદગી કરવાની હોય છે : UPSC / GPSC / Defence કે અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ થકી વિવિધ પ્રકારની નોકરી કે બિઝનેસ કે સ્પોર્ટ્સ - સાંસ્કૃતિક ક્ષેત્રની કારકીર્દી કે સામાજિક - રાજકીય ક્ષેત્રે કારકીર્દી.

આપણી સંસ્થાએ ઉપરોક્ત તમામ વિકલ્પો અંતર્ગત કાર્યરત છે.

(૧) જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણ માટે વિભિન્ન યુનિવર્સિટીઓ અને સુપ્રસિદ્ધ કોલેજો સાથે જોડાણ કરેલ છે જેથી આર્થિક જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સંસ્થા સંલગ્ન યુનિવર્સિટી /કોલેજોમાં નિ:શુલ્ક એડમીશન મળી જાય.

(૨) UPSC/GPSC તથા Defence ની સ્પર્ધાત્મક પરીક્ષાઓના તાલીમ વર્ગ માટે ગાંધીનગર ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ઈન્સ્ટીટ્યુટ ફોર સીવીલ સર્વિસ - VUFICS ની સ્થાપના કરી છે.

(૩) યુવા એન્ટરપ્રિન્યોરનો બિઝનેસમાં વિકાસ થાય તે માટે વિશ્વ ઉમિયા ઈન્ટરનેશનલ બિઝનેસ એન્ટરપ્રિન્યોર એન્ડ સોશિયલ નેટવર્ક - VIBES ની રચના કરી છે.

(૪) જે યુવાનોને રમત-ગમત તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રે પોતાની કેરીયર બનાવવી છે તેમનાં માટે સ્પોર્ટ્સ - કલ્ચરલ ટ્રેનીંગ એન્ડ એક્ટિવીટી શરૂ કરી છે. જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૨૫માં વર્લ્ડ બિગેસ્ટ સોશિયલ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. જેની ફાઈનલ મેચ દુબઈ ખાતે ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાડવામાં આવી હતી.

આમ, શિક્ષણની વાત હોય કે કેરીયરની, તમામ ક્ષેત્રે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન એ યુવા વિકાસની પ્રવૃત્તિઓનું હબ બની ચૂક્યું છે.

## વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી ઉકેલ :

(૧) પરીક્ષાને ધ્યેય ન બનાવો, પણ શીખવા પર ધ્યાન આપો.

(૨) તમારા શોખ અને રસને જાણો - જો તમને સંગીત, કલા, રમત-ગમત કે અન્ય ક્ષેત્રમાં રસ હોય તો તે તરફ કેરીયર બનાવવા માટે આગળ વધવા વિચારવું જોઈએ.

(૩) નિષ્ફળતાથી ડરશો નહીં - પરીક્ષામાં મળેલ ઓછા માર્ક્સ કે જીવનમાં મળેલ એક - બે નિષ્ફળતાઓ એ જીવનનો અંત નથી. દરેક નિષ્ફળતા એક શીખ છે.

(૪) તમે જે છો તે જ સારા છો - જીવનમાં દરેક વ્યક્તિને અલગ - અલગ શક્તિઓ મળી છે. તમારું યથાર્થ મૂલ્ય એ નથી કે તમે કેટલા ગુણ મેળવો છો, પણ તમે શું કરી શકો છો.

(૫) સુખદ અને સંતોષભર્યું જીવન જીવવાનું શીખો - એક સારી નોકરી કે ઉચ્ચ અભ્યાસ એકમાત્ર સફળતા નથી. સંતોષ, શાંતિ અને સુખ પણ એટલા જ મહત્ત્વના છે.

જીવનમાં શીખવાની અને આગળ વધવાની પ્રક્રિયા સતત ચાલુ રહેવી જોઈએ. આપણે જીવનને માત્ર પરીક્ષાઓ અને ગુણોથી માપવા કરતાં, તેને એક તક તરીકે જોવી જોઈએ, જ્યાં દરેક ક્ષણ શીખવા અને આનંદ માણવા માટે હોય. પરીક્ષા સિવાય પણ જીવન ઘણું મોટું અને મજાનું છે.

બોર્ડ અને કોલેજોની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને હિંમત અને આત્મવિશ્વાસથી પરીક્ષા આપવા માટે મારી સલાહ છે. ટેન્શન, સ્ટ્રેસ અને નબળા વિચારને પાસે ફરકવા ન દેતાં, કારણ કે નિષ્ફળતાં એ જ સફળતા તરફનાં પ્રયાણની શરૂઆત છે, અંત નથી. પરંતુ નવી શરૂઆત છે. ઈશ્વરે આપેલું આ મનુષ્ય જીવન ખૂબ જ સુંદર છે, તેને જીવો અને દરેક પળનો આનંદ માણો.

આપણે છીએ તો પરીક્ષા છે. સૌ વિદ્યાર્થી મિત્રોને પરીક્ષાની હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.

**આર. પી. પટેલ - પ્રણેતા એવમ્ પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**



**સંપાદક : ડૉ. પ્રભુદાસ પટેલ**
લેખક જાણીતા કેળવણીકાર છે.

# શ્રી રામચરિતમાનસ કથાસાર

## ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ

**પૂર્વકથા :** રાજા દશરથજીએ રાજ્યાભિષેકની તૈયારી કરી. શ્રીરામજીને ઉપવાસ કરવાનું કહેવામાં આવ્યું. નગરમાં અતિશય આનંદ વર્તાઈ રહ્યો છે. લક્ષ્મણજી આવી પહોંચ્યા છે. બધા લોકો ભરત અને શત્રુઘ્નનું આગમન ઈચ્છી રહ્યા છે.

**હવે આગળ :**

कनक सिंघासन सीय समेता
बैठहिं रामु होई चित चेता

લોકો કહી રહ્યા છે જ્યારે સીતાજી સહિત શ્રીરામચંદ્રજી સુવર્ણના સિંહાસન ઉપર બિરાજશે ત્યારે અમારી મનોકામના પૂરી થશે. પણ બીજી તરફ દેવતા વિઘ્ન ઈચ્છી રહ્યા છે. તેમને અવધનાં આ વધામણાં નથી ગમતાં તેઓ કહે છે :

बिपति हमारी बिलोकि बाडे मातु करिऊ सोई आजु
रामु जाहि बन राजु तजि होई सकल सरकाजु

હે માતા ! અમારી મોટી વિપત્તિને જોઈને આજે એવું કરો કે જેથી રામચંદ્રજી રાજ્ય ત્યાગીને વનમાં જાય અને દેવતાઓનું કાર્ય સિદ્ધ થાય. દેવતાઓની વિનંતી સાંભળી સરસ્વતીજી ઉભાં પસ્તાઈ રહ્યાં. પણ દેવતા ફરી ફરી વિનય કરીને કહેવા લાગ્યા, હે માતા ! આપને જરાપણ દોષ નહિ લાગે.

आगिल काजु बिचारी बहोरी
करिहारि चाह कुसल कबि मोरि

શ્રી રામચંદ્રજી વનમાં જવાથી રાક્ષસોનો વધ થશે. જેથી આખું જગત સુખી થશે. મંથરા નામની કૈકેયીની એક મંદ બુદ્ધિ દાસી હતી. તેને અપયશનો પટારો બનાવી સરસ્વતી એની બુદ્ધિને ફેરવીને ચાલ્યાં ગયાં.

दीरथ मंथरा नगरु बनावा
मंजुल मंगल बाजे बधावा



મંથરાએ જોયું કે નગર સજાયેલું છે સુંદર વધામણાં વાગી રહ્યા છે. તેણે લોકોને પૂછ્યું કે શાનો ઉત્સવ છે ? શ્રી રામચંદ્રજીના રાજતિલકની વાત સાંભળતાં જ તેનું હૃદય બળી ઉઠ્યું. તે વિચારવા લાગી કે આ કાર્ય રાતોરાત કઈ રીતે બગાડી દેવું, તે ઉદાસ થઈ ભરતની માતા કૈકેયી પાસે ગઈ.

भरत मातु पहि गई बिलखानी
का अनमति हसि कह हँसी रानी

રાણી કૈકેયીએ હસીને કહ્યું, મંથરા તું ઉદાસ કેમ છે ? તું આંસુ કેમ સારી રહી છે ? અરે ! કશું કહેતી કેમ નથી ? શ્રીરામચંદ્ર, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન કુશળ તો છે ને ! આ સાંભળી કુબડી મંથરાના હૃદયમાં ઘણી પીડા ઉપજી. તે કહેવા લાગી.

कत सिख देई हमहि कोई माई
गालु करब केहि कर बलु पाई


હે માઈ ! મને કેમ કોઈ શિક્ષા આપશે અને હું કોનું બળ પામીને બોલકી થઈશ. રામચંદ્રને છોડીને આજ બીજા કોની કુશળતા છે, જેને યુવરાજ પદ આપી રહ્યા છે. કૌશલ્યાને ગર્વ સમાતો નથી. આપ સ્વયં જઈને કેમ જોતા નથી. મને તો મનમાં ક્ષોભ થયો છે. આપનો પુત્ર પરદેશમાં છે, તેની તમને કોઈ ચિંતા નથી. રાજાની કપટભરી ચતુરાઈ આપ જાણતાં નથી.

सुनि प्रिय वचन मलिन सनु जानी
झूकी रानि अब रहु अरगानी

મંથરાના પ્રિય વચનો સાંભળીને, પરંતુ તેને મનની મેલી જાણીને વાંકાં વળી ધમકાવતાં રાણી બોલ્યાં, બસ હવે ચૂપ રહે. જો ફરી ક્યારેય આમ કહ્યું તો તારી જીભ પકડીને ખેંચી કઢાવી નાખીશ. ■

(ક્રમશઃ આવતા અંકમાં)

ધર્મ સૃષ્ટિ



**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# સમર્પણ એટલે શું ?

तेरी ईच्छा पूर्ण हो, मेरी ईच्छा विलीन हो ।

આ સમર્પણ છે.

શ્રી અરવિંદનું એક ખૂબ મૂલ્યવાન વિધાન છે : "If the God wants me in hell why should I go to heaven ?" "જો ભગવાન મને નર્કમાં રાખવા ઈચ્છે તો મારે સ્વર્ગમાં શા માટે જવું જોઈએ ?"

જો ભગવાન મને નર્કમાં રાખવાનું પસંદ કરે તો મારે સ્વર્ગમાં જવાની ઇચ્છા પણ શા માટે રાખવી જોઈએ ? તેની ઈચ્છા પ્રમાણે જીવવામાં જ મારું પરમ કલ્યાણ છે.

•

ભગવાન સ્વામિનારાયણના પરમ ભક્ત દાદા ખાચરનાં બે બહેનો હતાં - જીવુબા અને લાડુબા. આ બંને બહેનો હરતાં-ફરતાં હાલતાં-ચાલતાં વારંવાર બોલતાં :

"મહારાજ ! તમને ગમતું થજો."

જુઓ ! શું કહે છે ? તમને ગમતું થજો. અમને ગમતું નહીં !

અમારી ઈચ્છાઓ વિલીન થાઓ ! તમારી ઈચ્છા પૂર્ણ થાઓ !

આ સમર્પણ છે.

•

મહારાજ ઉત્તાનપાદનો બાળપુત્ર ધ્રુવજી તપશ્ચર્યા કરવા માટે અરણ્યમાં જાય છે. નારદજીના માર્ગદર્શન પ્રમાણે તપશ્ચર્યામાં તલ્લીન બની જાય છે અને નારદજીએ આપેલા દ્વાદશ અક્ષરમંત્રનો અખંડ જપ કરે છે.

ધ્રુવજીની તપશ્ચર્યાથી ભગવાન પ્રસન્ન થાય છે અને ધ્રુવજીની સમક્ષ પ્રગટ થાય છે. ભગવાન ધ્રુવજીને વરદાન માગવા કહે છે : ધ્રુવજી શું માગે છે ? જુઓ ! આ નાનો બાળક ધ્રુવ ભગવાનને હાથ જોડીને, મસ્તક નમાવીને કહે છે : "ભગવન્ ! હું તો નાનો બાળક છું. મને માગતાં ન આવડે. આપને જે યોગ્ય લાગે ત આપ મને આપો !"

ધ્રુવજીના આ વચન સાંભળીને ભગવાન કહે છે : "બેટા ! ધ્રુવ ! તને જ માગતાં આવડ્યું. મોટા ઋષિમુનિઓને જે માગતાં ન આવડ્યું તે તને આવડ્યું છે." અને પછી પ્રભુ ધ્રુવજીને શું આપે છે ?

ધ્રુવને આપ્યાં અવિચળ રાજ, પોતાનો કરી થાપ્યો રે...



આ છે સમર્પણ અને આ છે સમર્પણનું પરિણામ !

## સમર્પણ એટલે શું ?

હું સમર્પણ કરું છું, એ બોલવું તે તો સમર્પણનો પ્રારંભ છે. હું સમર્પિત છું તેવો સંકલ્પ કરવો તે પણ સમર્પણનો પ્રારંભ છે તો સમર્પણ શું છે ?

- સમર્પણ એટલે પોતાની અંગત ઈચ્છાઓ, એષણાઓનો ત્યાગ કરવો.
- સમર્પણ એટલે પોતાનાં સર્વ આયોજનો, પોતાની સર્વ ધારણાઓ, પોતાની સર્વ રુચિ-અરુચિ ભગવાનનાં ચરણોમાં સોંપી દેવી.
- સમર્પણ એટલે પોતાની અંગત અહંકારી ચેતનાનું ભાગવત ચેતનામાં વિલીન થવાની મહાન ઘટના.
- સમર્પણ એટલે પરમાત્માની ઈચ્છા પ્રમાણે જીવવાની કળા.
- સમર્પણ એટલે પરમાત્માનું વિશુદ્ધ અને નમ્ર કરણ બનવું.
- સમર્પણ એટલે અંશ-જીવનું અંશી-પરમાત્મા સાથે તદાકાર થવું.
- સમર્પણ એટલે ચેતનાનું સમર્પણ.

# ધર્મ સૃષ્ટિ

## સમર્પણમાં શું બને છે ?

- સમર્પણમાં સાધકની ચેતનાનાં બધાં અંગો - શરીર, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, અંતરાત્મા આદિ સર્વ અંગો પરમાત્માને સમગ્રતયા સમર્પિત થઈ જાય છે.
- સમર્પિત સાધકના વિચારો, વાણી, વ્યવહાર, વર્તન, સાધના અને સમગ્ર જીવનપદ્ધતિ ભગવત્ - પ્રેરિત બની જાય છે.
- સમર્પણમાં સાધક એક શિશુ બનીને ભગવાનની ગોદનો આશ્રિત બને છે.
- સમર્પણમાં સાધક ભગવાનનું વિનમ્ર અને વિશુદ્ધકરણ બની જાય છે.
- સમર્પણમાં સાધક અહંકારની પકડમાંથી મુક્ત બનીને ભગવાનને આધીન બની જાય છે.
- સમર્પણમાં સાધક પ્રમાદી બનતો નથી, ભગવાન કરાવે તે બધું જ કરે છે.
- પૂર્ણ સમર્પણ દ્વારા જીવનમાં સંપૂર્ણ આધ્યાત્મિક ક્રાંતિ સિદ્ધ થાય છે.
- સમર્પણ સિદ્ધ થાય એટલે સાધકનું ભાગવત ચેતના સાથે પ્રગાઢ અને શાશ્વત તાદાત્મ્ય સિદ્ધ થાય છે.

સમર્પણનો આવો મહિમા છે.

તદનુસાર ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનજીને કહે છે :

सर्व गुह्यतमं भूयः श्रृणु मे परमं वचः ।
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ॥
मन्मना भव मद्‌भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥
सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच

– श्रीमद् भगवद्‌गीता : १८-६४/६५/६६

"સર્વ ગોપનીયથી પણ અતિ ગોપનીય મારા પરમ રહસ્યપૂર્ણ વચનને તું ફરીથી સાંભળ. તું મને અતિશય પ્રિય છે, માટે તને પરમ હિતકારી વચન કહું છું." "મારામાં મનવાળો બન, મારો ભક્ત બન, મારું પૂજન કર, મને પ્રણામ કર, આ રીતે તું મને જ પામીશ. આ હું તને પ્રતિજ્ઞાપૂર્વક સત્ય કહું છું. તું મને પ્રિય છે."

"બધા ધર્મો છોડીને મારે એકને જ શરણે આવ. હું તને બધાં પાપોથી મુક્ત કરીશ. ચિંતા ન કર."

અહીં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનજીને સમર્પણ સંબંધી છ બાબતો કહે છે :

(૧) આ જ્ઞાન અતિ ગોપનીય છે.
(૨) તું મને અતિશય પ્રિય છે, માટે તને આ રહસ્યપૂર્ણ જ્ઞાન આપું છું.
(૩) તું બધું જ છોડી સમગ્રતયા મને સમર્પિત થઈ જાય.
(૪) મને સમર્પિત થનાર મને જ પામે છે. આવી મારી પ્રતિજ્ઞા છે.
(૫) બધા ધર્મો છોડીને મારે શરણે આવ.
(૬) હું તને બધાં પાપોથી મુક્ત કરીશ. આવું છે સમર્પણ !


આવો છે સમર્પણનો મહિમા !

તેથી જ ભગવાન સમર્પણને સર્વ ગુહ્યતમં જ્ઞાન કહે છે અને તેથી ભગવાન અર્જુનને અને અર્જુનને નિમિત્ત બનાવીને આપણને સૌને સમર્પિત થવાનો આદેશ આપે છે.

ભગવાનના આદેશનો ઈન્કાર કરાય ?

■ ■ ■

## મજાની સફર



કવયિત્રી પ્રજ્ઞા પટેલ 'પ્રાર્થી'

કંટક નથી તો શું થયું ! હું સફર મજાની કરું છું.
હું જાત છું પોયણાની કાદવમાં પણ નિખરું છું.
સુગંધ નથી તો શું થયું ! ખુમારી સભરે ભરું છું.
હું જાત છું પોયણાની મસ્તીમાં ખુદની રહું છું.
સરોજ, પદ્મ, નલિન અરવિંદ, નીરજ, તોયજ જેવી ઉપમાથી સજાવું છું.
હું જાત છું પોયણાની, રાષ્ટ્ર પ્રતિકમાં સમાવિષ્ટ થાઉં છું.
ગુંજન કરે છે આસપાસ તોયે સ્વૈરવિહારી રહું છું.
હું જાત છું પોયણાની ભ્રમરોનું આકર્ષણ બનું છું.
મૃદુ, કોમળ, નાજુક અંગ, કમળ નામ ધરાવું છું
ભલે છું જાત પોયણાની, માતા લક્ષ્મીનું આસન બનું છું.
ફક્ત પુષ્પ બનીને જ નહિ, માનવ અંગોમાં પણ રહું છું.
કરકમળ, નેત્રકમળ, મુખકમળના નામે ઓળખાઉં છું.
ભગવાન વિષ્ણુએ પણ શિવજીને નેત્રકમળ ધર્યું હતું.
દેવાધિદેવ મહાદેવે પ્રસન્ન થઈને નિજ ભાલ મધ્યે સજાવ્યું હતું.
કાદવમાં પણ મસ્તીથી જીવન જીવી બતાવું છું.
વિષમતાઓ જીવનમાં ભરીને લોકવાયકામાં રહું છું.

મો. ૯૬૩૮૦૫૯૫૨ (કલોલ)

## ધર્મ સૃષ્ટિ



**ડૉ. અમૃત કાંજિયા**
લેખક જાણીતા હાસ્ય - વ્યંગ્યકાર
અને નિબંધકાર છે.

# ભગવદ્‌ગીતામાં પૂર્વજન્મ અને પુનર્જન્મ મીમાંસા

પુનર્જન્મમાં વિશ્વાસ એ હિન્દુ ધર્મના મહત્ત્વના સિદ્ધાંતો પૈકીનો એક છે. જો પુનર્જન્મ ન હોય તો સત્કર્મો, નીતિ, ન્યાય, કર્મફળ તેમજ ત્રિકાળજ્ઞાન આ બધું અર્થહીન શબ્દો જ બની રહે. કુદરતની સૃષ્ટિ સંચાલનની વ્યવસ્થા પણ જોખમાય. એકમાત્ર પુનર્જન્મના સિદ્ધાંતથી જગતની સ્થિરતા જળવાઈ રહે છે.

ભગવદ્‌ગીતા એ ભારતીય ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને અધ્યાત્મ સાહિત્યમાંહેનો છેલ્લો ગ્રંથ છે. પછીનું તમામ અધ્યાત્મ સાહિત્ય અને ધર્મ સંપ્રદાયો ભગવદ્‌ગીતાથી પ્રભાવિત છે. ગીતા એનાથી પહેલાના તમામ મતો, માર્ગો અને તત્ત્વદર્શનનું સરળ અને સુચારુ સંકલિત સમાધાન કરનારું નિરૂપણ છે. ભગવાનના શ્રીમુખે કહેવાયેલી હોવાથી ગીતા એ દર્શનશાસ્ત્ર છે. એથી જ ધર્મના સિદ્ધાંતોમાં ગીતા એ પ્રમાણભૂત ગ્રંથ બની રહ્યો છે. મતમતાંતરો વખતે ગીતામાં વર્ણવાયેલ વાતને આખરી માનવામાં આવે છે. આજે ન્યાયમંદિરોમાં ગીતા પર હાથ રાખીને અપાતી જુબાનીને પણ સત્યરૂપે સ્વીકારવામાં આવે છે ત્યારે એમાં કહેવાયેલી બાબતમાં કોઈને સંદેહ ન હોય એ સ્વાભાવિક છે.

ભગવદ્‌ગીતા માનવના પૂર્વજન્મ અને પુનર્જન્મ વિશે શું કહે છે એ અભ્યાસ સ્વયં રસપ્રદ છે. અનેક જગ્યાએ શ્રીકૃષ્ણે અર્જુનના માધ્યમથી જીવનમરણના ચક્રનું વર્ણન કર્યું છે. ગીતા એ પૂર્વજન્મ હતો અને એ જ રીતે પુનર્જન્મ પણ નિશ્ચિત છે એવું અંતિમ સત્ય છેડેચોક જાહેર કર્યું છે. ગીતા મુજબ જીવના મૃત્યુ પછી જે સંભાવનાઓ છે તે ગતિ ત્રણ પ્રકારની છે : (૧) પૃથ્વી પર ફરી જન્મ (૨) અન્ય લોકમાં પુણ્યક્ષય સુધી નિવાસ અને (૩) અવિનાશી પરમ પદ અથવા નિર્વાણ કે મોક્ષ. આ વિષયને વિસ્તારથી સમજવાની કોશિશ કરીએ.

ગીતાના આરંભે અર્જુનની વિષાદ ભરેલી વાણી સાંભળીને શ્રીકૃષ્ણ અર્જુનનો ઉપહાસ કરતા બીજા અધ્યાયમાં પ્રથમ વાત આ કરે છે. જીવતા મરેલાનો શોક જ્ઞાનીઓ કરતા નથી. नानुशोचन्ति पण्डिताः। અને પછીના બે શ્લોકમાં બહુ સ્પષ્ટ અને વિસ્તારથી વાત કરતા કહે છે કે, "હું કદી ન હતો એમ નથી; તેમજ તું ન હતો કે આ રાજાઓ ન હતા એવું નથી; અને હવે પછી આપણે બધા ન હોઈએ એમ પણ નથી. જેવી રીતે દેહધારીને આ દેહમાં બાલ્ય, યૌવન અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે તેવી રીતે બીજા દેહની પ્રાપ્તિ થાય છે; ધીરજવાળો તેમાં મોહ પામતો નથી." (न त्वेवाहं....न मुह्यति ॥ ગીતા ૨-૧૨,૧૩) અહીં અર્જુનને ઉદ્દેશીને કહેલી વાત બહુ સ્પષ્ટ અને સીધી જ છે. ભગવાન પોતે પણ આ જન્મ પહેલાં હતા. અર્જુન અને અનેક રાજાઓ તેમજ સૈન્યથી ભરચક આખા સમરાંગણને આ બાબતે સ્વયં શ્રીકૃષ્ણ આવરી લે છે. શરીરની સ્વાભાવિક અવસ્થાની જેમ બીજા દેહની પ્રાપ્તિને મૂલવે છે !

જીવમાત્રને તમામ ભય મૃત્યુથી જ છે. સંપૂર્ણ નિર્ભયતા માટે આત્મા અને શરીરનો ભેદ ચિત્તમાં દૃઢતાપૂર્વક બેસી જવો જોઈએ. એ માટે આત્માનું સ્વરૂપ અને શરીરની ગતિવિધિ સ્પષ્ટ સમજવી પડે. મારવા-મરવાની વાત આવે છે ત્યારે શરીર ક્ષય કે દેહનાશને જ લાગુ પડે છે. આત્મા અજન્મા, શાશ્વત, પુરાતન, અવિનાશી, નિત્ય, અજન્મા અને અવિકારી છે. એટલે તેનો નાશ શક્ય જ નથી. (ગી.૨-૨૦,૨૧) પછી એક બહુ જ સરળ દૃષ્ટાંત આપતા શ્રીકૃષ્ણ કહે છે : जीर्णान्यन्यानि संयाति नवानि देही । (ગી.૨-૨૨) આ વાત આપણે સમજીએ એટલી છીછરી નથી. શરીરને વસ્ત્રો સાથે સરખાવ્યું છે. આપણે પ્રાયઃ પાંચેક વસ્ત્રો પહેરતા હોઈએ છીએ. આપણે નવા વસ્ત્રો ધારણ કરીએ છીએ ત્યારે આપણા રસ, રુચિ કે સ્વભાવ બદલાતો નથી. તે રીતે શરીરના પાંચ મહાભૂતો જ બદલાય છે. બાકીના તત્ત્વોવાળું સૂક્ષ્મ શરીર એનું એજ રહે છે. ટૂંકમાં વાસના કે ભાવના મુજબ બાહ્ય આકૃતિ બદલાય છે અને એ મુજબની યોનિમાં પ્રવેશે છે. આટલેથી પણ કદાચ કોઈને સંશય હોય તો બહુ ચોક્કસ પણે કહેલું આ વિધાન जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च । (ગી. ૨,૨૭) જન્મેલાનું મરણ નક્કી છે અને મરેલાનો જન્મ નિશ્ચિત છે.

ચોથા અધ્યાયમાં અર્જુનના એક પ્રશ્નના ઉત્તરમાં શ્રીકૃષ્ણ કહે છે, "હે અર્જુન મારા અને તારા ઘણા જન્મો થઈ ગયા છે, તે બધા હું જાણું છું, પણ તું નથી જાણતો !" बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन । (ગી.૪-૫) ભગવાન આ ઉત્તરથી અર્જુનની જેમ આપણને પણ એમ થાય કે જીવમાત્ર પોતાના શુભાશુભ કર્મોને કારણે જન્મો ધારણ કર્યા કરે એ સમજી શકાય એવું છે. પરંતુ આપ પણ વારંવાર જન્મ ધારણ કરો છો એ કયા કારણથી ? અહીં શ્રીકૃષ્ણ સાફ સાફ જાહેર કરે છે કે હું અજન્મા, નિર્વિકાર સ્વરૂપ અને સર્વ પ્રાણીઓનો ઈશ્વર છું. भूतानामीशवरोऽपि सन् । છતાં મારી પ્રકૃતિનો આશ્રય કરી, મારી પોતાની માયા વડે જન્મું છું. (ગી. ૪-૬) અહીં પોતાના જન્મના એટલે કે અવતાર ધારણ કરવાના કારણો પણ ભગવાન જણાવે છે. ત્યારબાદ અર્જુનને કહે છે કે મારા દિવ્ય જન્મ તથા દિવ્ય કર્મને જે તત્ત્વથી જાણે છે, त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन । (ગી. ૪-૯) તે દેહ ત્યજીને પુનર્જન્મ પામતો નથી, પણ

# ધર્મ સૃષ્ટિ

મને પામે છે. પછીના શ્લોકમાં આવા ઘણા લોકો મારું સ્વરૂપ પામ્યા છે એ હકીકત જણાવી દે છે. અહીં એવું સ્પષ્ટ થાય છે કે જન્મ-મરણના ચક્રથી માણસ બહાર નીકળી જઈ શકે છે. ઈશ્વરની પરમ ચેતનામાં એકરૂપ થઈ ગયા પછી શરીર છોડનારને નિર્વાણ પ્રાપ્ત થાય છે. આ જ વાત ભગવાન ફરી અધ્યાય-૫ માં પુનઃ દોહરાવે છે. “તે (આત્મ) જ્ઞાનમાં જેમનું મન એકરૂપ છે, જેમની બુદ્ધિ એકરૂપ છે, જેમના શરીરની સ્થિતિ તન્મય છે, જેઓ પરમ ભાવે તેમાં જ સ્થિર છે તેઓ પાપરહિત થઈ જન્મમરણથી છૂટી જાય છે.” गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥ (ગી.૫-૧૭)

ગીતાના છઠ્ઠા અધ્યાયમાં યોગભ્રષ્ટની મરણબાદની ગતિ વિશે અર્જુન જિજ્ઞાસા વ્યક્ત કરે છે. આ વાત પણ સમજવા જેવી છે. કોઈ સાધક પૂર્ણ પ્રેમ, નિષ્ઠા, ઝંખના સાથે સાધના માર્ગમાં પ્રવૃત્ત હોય અને સંજોગોવશાત્ પૂર્ણત્વ પ્રાપ્ત થાય એ પહેલાં મૃત્યુ આવે અથવા સાધનામાર્ગમાં મોહજનીત કોઈ વિઘ્ન આવવાથી એનો માર્ગ જ ફંટાઈ જાય તો શું એમની કરેલી સાધના કે તપસ્યા આકાશમાંના વાદળાંની પેઠે છિન્નભિન્ન થઈ જાય?

અર્જુનને ઉત્તર આપતા શ્રીભગવાન કહે છે કે આ લોક કે પરલોકમાં તેનો વિનાશ નથી જ, કેમ કે શુભ કર્મ કરનારો કોઈ દુર્ગતિ પામતો નથી. તે યોગભ્રષ્ટ મનુષ્ય પુણ્યકર્મ કરનારાઓના લોકને પામી, ઘણાં વર્ષો સુધી ત્યાં રહી પછી પવિત્ર શ્રીમંતોના ઘેર જન્મે છે અથવા બુદ્ધિમાન યોગીઓના કુળમાં જન્મે છે. ખરેખર, લોકમાં આવો જન્મ તે અતિ દુર્લભ છે. આ જન્મમાં તેને પૂર્વજન્મની (યોગસાધનાવાળી) બુદ્ધિનો સંયોગ થાય છે અને ફરીથી યોગસિદ્ધિને પ્રાપ્ત કરવા માટે તે આગળ પ્રયત્ન કરે છે. તે જ પૂર્વના અભ્યાસને લીધે તે અવશ્ય યોગ પ્રત્યે ખેંચાય છે. આ યોગનો જિજ્ઞાસુ પણ શબ્દબ્રહ્મને ઓળંગી જાય છે. કાળજીથી યત્ન કરતાં પાપરહિત થયેલો તે યોગી અનેક જન્મે સિદ્ધ થયા પછી પરમ ગતિ પામે છે. (ગી.-૬-૪૦ થી ૪૫)

બહુ જન્મોને અંતે આ બધું વાસુદેવ જ છે, એવા જ્ઞાનવાળો જ્ઞાની મને પામે છે. बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते । (ગી.૭-૧૯) અહીં શ્રીભગવાને બહુ રહસ્યમયી હકીકત ખુલ્લી કરી છે. એક તો કોઈની સાધના અટકી ગઈ હોય તો પણ નાશ પામતી નથી. દિવસનું અધૂરું કામ બીજા દિવસે આગળ ધપે છે એમ યોગ કે સાધના આગળના જન્મોમાં આગળ વધે છે ત્યાં સુધી કે એ સાધકને પરમગતિ પ્રાપ્ત ન થઈ જાય. બીજું પુણ્યકર્મોના પ્રતાપે એ મરણોપરાંત બીજા પવિત્ર લોકને પામે છે. ત્યાં પુણ્યકર્મો ભોગવાઈ જાય પછી ફરી જન્મે છે. હવે તેના જન્મની ગોઠવણ પરમાત્માના ઋતના નિયમો પ્રાણે થાય છે. न मे भक्तः प्रणश्यति । (૯-૩૧) એ પવિત્ર શ્રીમતને ઘેર જન્મે છે અથવા બુદ્ધિમાનોના કુળમાં જન્મે છે. એ વખતે આવા સંસ્કારી કુળો પણ વિદ્યમાન હશે કે જેમાં અધ્યાત્મનું વાતાવરણ સદૈવ બની રહેતું હશે. આવા પરિવારમાં જન્મેલો તે જીવ અધ્યાત્મ તરફ ખેંચાયેલો હોય છે. સમય થતા આગળના જન્મોની સાધનાવાળી બુદ્ધિનો સંયોગ પ્રાપ્ત થાય છે ને અધૂરી સાધના આગળ વધારે છે. આવું અનેક જન્મો સુધી પણ ચાલી શકે છે. આમ પુનર્જન્મ અને પવિત્ર લોકની એ બાબતો સાવ સ્પષ્ટ થઈ છે.

પુનર્જન્મની આવી ચોકસાઈ ભરેલી ગોઠવણ કોઈક સંભાળતું હોય તો તેણે જીવમાત્રના તમામ કર્મસંસ્કારો અને ભાવનાને ધ્યાનમાં લેવા પડે અથવા એમ કહીએ કે કશુંય નજરની બહાર ન હોવું જોઈએ. એટલે જ આગળ એ વિશે ભગવાન કહે છે : “ભૂતકાળનાં, વર્તમાનકાળનાં તથા ભવિષ્યકાળનાં ભૂતોને હું જાણું છું; પરંતુ મને કોઈ જાણતું નથી.” (ગી.૭-૨૬) मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् । (૯-૧૦) મારી અધ્યક્ષતાને લીધે પ્રકૃતિ, જડચેતન સહિત જગતને ઉત્પન્ન કરે છે અને જગતનું ચક્ર ફર્યા કરે છે.

મરણ સમયે માણસના ચિત્તમાં જે વિચાર ચિંતન ચાલતું હોય છે તેનો પછીની ગતિમાં બહુ મોટો ફાળો હોય છે. અંતકાળે ઈશ્વરનું સ્મરણ કરતો શરીર છોડી જાય છે તે ઈશ્વરભાવ मदद्भावं પામે છે. આ જ વાત તરત દોહરાવતા શ્રીકૃષ્ણ કહે છે, “મનુષ્ય અંતકાળે જે જે પદાર્થને યાદ કરતો શરીર છોડે છે તેને જ તે પામે છે. કેમ કે હંમેશ તે પદાર્થની ભાવનાવાળો હોય છે.” (ગી.૮-૫,૬) આ વિષયને આગળ વધારતા અર્જુનને ઉદ્દેશીને શ્રીકૃષ્ણ કહે છે, “પરમ ઉત્કૃષ્ટ સિદ્ધિ પામેલા મહાત્માઓ મને પામી દુઃખના સ્થાનરૂપ અને નાશવંત પુનર્જન્મને પામતા નથી. બ્રહ્મલોક સુધીના જે સર્વ લોક છે, તે સર્વ લોકને પામવાથી (પણ) મનુષ્ય ફરી સંસારમાં આવે છે; પરંતુ હે કુંતીપુત્ર ! મને પામી पुनर्जन्म न विद्यते ફરી જન્મ થતો નથી.” (ગી. ૮-૧૫,૧૬) અહીં એક બે બાબત બહુ ધ્યાન દેવા યોગ્ય છે. એક તો એ કે આ શરીર છૂટ્યા પછી સૂક્ષ્મ શરીર આવાગમન કરી શકે એવા અનેક લોક છે. આ લોકમાં સૌથી ઉચ્ચ બ્રહ્મલોક છે એવું સ્વ્યં પરમાત્મા શ્રીકૃષણ કહે છે. શુભાશુભ કર્મ સંસ્કારો પ્રમાણે, એ મુજબ નિયતકાળ સુધી જે તે લોકમાં નિવાસ થાય છે. સૌથી ઉચ્ચત્તમ હોવા છતાં બ્રહ્મલોકમાંથી પણ પુણ્યકર્મફળ ક્ષય થતા મૃત્યલોકમાં પરત આવવું જ પડે છે. ટૂંકમાં પુનર્જન્મ છે અને છે. બે જન્મો વચ્ચેની અવધિ અને ત્યાં સુધીના નિવાસ માટેના લોક અથવા તો શીઘ્ર નવો જન્મ એ બધું જીવાત્માના પુણ્યાપુણ્ય કર્મો અને અંતકાળની મનઃસ્થિતિને ધ્યાનમાં લઈ પરમાત્મા નક્કી કરે છે. ■ (ક્રમશઃ આવતા અંકમાં)

મો. ૯૮૭૯૮ ૭૯૯૦૦

# ધી મહેસાણા અર્બન કો.ઓપ.બેન્ક લિમિટેડ

**(મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)**

**: હેડ ઓફિસ :**

અર્બન કોર્પોરેટ બિલ્ડીંગ, હાઈવે, મહેસાણા-૩૮૪૦૦૨, ફોન : (૦૨૭૬૨) ૨૫૭૨૩૩, ૨૫૭૨૩૪

E-mail: info@mucbank.com | Website : www.mucbank.com

## પ્રગતિનાં સોપાન (તા. ૩૧-૦૩-૨૦૨૪) અન ઓડિટેડ (ઓડિટ વર્ગ 'અ')

(રકમ રૂા. કરોડમાં)



**58 શાખાઓ**

| | | | |
|---|---|---|---|
| શેર ભંડોળ | : ₹ ૩૮૮.૭૮ | કામકાજનું ભંડોળ | : ₹ ૧૦૯૯૧.૫૦ |
| રીઝર્વ ફંડ | : ₹ ૧૦૦૦.૫૦ | ગ્રોસ નફો (૩૧-૦૩-૨૦૨૪) | : ₹ ૨૪૭.૯૬ |
| ધિરાણ | : ₹ ૬૧૧૭.૯૪ | નફો (૩૧-૦૩-૨૦૨૪) | : ₹ ૧૨૨.૯૫ |
| ડિપોઝીટ | : ₹ ૯૧૮૬.૭૦ | ડીવીડન્ડ (સાધારણ સભાની* મંજુરીની અપેક્ષાએ) | : ૧૫%* |

### થાપણનાં વ્યાજના દર (તા. ૨૧-૦૨-૨૦૨૩ થી અમલમાં)

| | | | |
|---|---|---|---|
| ૦૭ થી ૨૯ દિવસ સુધી | : ૩.૭૫% | ૧૨ માસ વધુ થી ૨૪ માસ સુધી | : ૭.૨૫% |
| ૩૦ થી ૯૦ દિવસ સુધી | : ૪.૨૫% | ૨૪ માસ વધુ થી પરંતુ ૩૬ માસ સુધી | : ૭.૭૫% |
| ૯૧ થી ૧૮૦ દિવસ સુધી | : ૫.૦૦% | ૩૬ માસ થી વધુ પરંતુ ૬૦ માસ સુધી | : ૭.૫૦% |
| ૧૮૧ થી ૩૬૪ દિવસ સુધી | : ૬.૦૦% | ૬૦ માસ થી વધુ પરંતુ ૧૨૦ માસ સુધી | : ૭.૫૦% |
| ૧૨ માસ સુધી | : ૬.૭૫% | સેવિંગ્સ ડીપોઝીટ ઉપર મળવા પાત્ર વ્યાજ | : ૩.૭૫% |

સીનીયર સીટીઝન ખાતેદારને ૦.૫% વધારે વ્યાજદર ● સુપર સીનીયર સીટીઝન(૭૫ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા) થાપણદારોને સીનીયર સીટીઝન ખાતેદાર કરતા ૦.૧૦% વધારે વ્યાજ દર

**1,16,646 સભાસદો**

## અર્બન બેન્કની વિવિધ સેવાઓ

(૧) કોર બેન્કીંગ સુવિધા તમામ ૫૮ શાખાઓમાં
(૨) ATPAR ચેકબુક ફેસીલીટી, ATM તથા SMS ની સુવિધા
(૩) RTGS, NEFT તથા NACH ફંડ ટ્રાન્સફરની સગવડ
(૪) બેન્ક ગેરંટી તથા LC ઈસ્યુ
(૫) ૧૦ શાખાઓમાં સ્ટેમ્પ ફ્રેન્કીંગ તથા ૨૮ શાખાઓમાં લોકર સુવિધા
(૬) સ્થાપના વર્ષથી જ સતત ૪૦ વર્ષથી નફો કરતી બેંક
(૭) સેવિંગ્સ-કરંટ ખાતેદાર તથા બેન્કના સભાસદોને રૂા. ૫ લાખનો અકસ્માત વિમાનો લાભ વિના મૂલ્યે
(૮) બીજી બેન્કોના ATM સેન્ટરથી નાણા ઉપાડવાની સગવડ
(૯) મોબાઈલ, ઈન્ટરનેટ તેમજ વોટસએપ બેન્કીંગ સુવિધા
(૧૦) કરન્સીચેસ્ટ, પબ્લીક ઈસ્યુ ભરવા માટે ASBA ફેસીલીટી, DEMAT સુવિધા

| | | |
|---|---|---|
| **શ્રી કે.કે.પટેલ**<br>ચેરમેન | **શ્રી જી.કે.પટેલ**<br>વાઈસ ચેરમેન | **શ્રી એમ.એસ.પટેલ**<br>ચીફ એક્ઝીક્યુટીવ |

### બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

| | | | |
|---|---|---|---|
| શ્રી ચંદુભાઈ આઈ. પટેલ | શ્રી ખોડાભાઈ એન.પટેલ | શ્રી ડૉ.અનિલભાઈ ડી.પટેલ | શ્રી કાનજીભાઈ એસ.પટેલ |
| શ્રી નરોત્તમભાઈ એસ.પટેલ | શ્રી જીતેન્દ્રભાઈ પી.પટેલ | શ્રી ભાઈલાલભાઈ એમ.પટેલ | શ્રીમતી કોકીલાબેન એન.પટેલ |
| શ્રી ઘનશ્યામભાઈ કે.પટેલ | શ્રી અમૃતભાઈ જી.પટેલ | શ્રી વિનોદભાઈ બી.પટેલ | શ્રીમતી દીપીકાબેન આર.પટેલ |
| શ્રી ઉપેન્દ્રભાઈ કે.પટેલ | શ્રી અલ્કેશભાઈ બી.પટેલ (C.A.પ્રો.ડીરેક્ટર) | શ્રી અશોક કુમાર (એડીશનલ ડાયરેક્ટર-આર.બી.આઈ.) | |
| શ્રી લક્ષ્મણભાઈ એસ.વણકર | શ્રી સોમાભાઈ બી.પટેલ (પ્રો.ડીરેક્ટર) | | |

**તેમજ સમગ્ર અર્બન બેન્ક પરિવાર...**

**ઉત્તમ, ઝડપી, વિનયી, ગ્રાહક સેવા એજ અમારો ધ્યેય**

## કવર સ્ટોરી



**પ્રો. ડો. જે. એમ. પનારા**
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

# મહાકુંભ એટલે ધર્મ, સમાજ અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ

### *વિશ્વનું સૌથી મોટું આધ્યાત્મિક - સાંસ્કૃતિક સંમેલન*
### *(૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી-૨૦૨૫ - ૪૫ દિવસનું મહાપર્વ)*

દર વર્ષે યોજાતો કુંભ મેળો આ વર્ષે પ્રયોગરાજના ત્રિવેણી સંગમ સ્થાને ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન ૪૫ દિવસ માટે યોજાયેલ છે, જેમાં કરોડો શ્રધ્ધાળુઓએ આસ્થાની ડૂબકી લગાવી છે. આ કુંભ ધર્મ, વિજ્ઞાન અને આસ્થા સાથે ઉજવાતો વિશ્વનો સૌથી મોટો ધાર્મિક અને સામાજિક ઉત્સવ છે. તેમાં મુખ્ય ભૂમિકા અખાડાઓની છે. કુલ ૧૩ અખાડા છે. આદિ શંકરાચાર્યજીએ સાત અખાડા સ્થાપી ત્રણ વર્ગમાં વર્ગીકૃત કર્યા હતા. તેના નામ નિર્વાણ અની દિગંબર અની અને નિર્મળ અની છે. તેર અખાડા સાથે ૪૫ લાખ સાધુ-સંતો જોડાયા હોવાની ધારણા છે.

### ◆ મહાકુંભનું પૌરાણિક તથા ઐતિહાસિક મહત્ત્વ :

કુંભમેળા સાથે પૌરાણિક કથા જોડાયેલી છે. સાથે - સાથે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ પણ સમાયેલો છે. ધર્માચાર્યો માને છે કે કુંભમેળો અનાદિ છે. આ આયોજન માનવતાની એક એવી ધરોહર છે, જેમાં ધર્મ, સમાજ અને સંસ્કૃતિનો અદ્‌ભૂત સંગમ છે. ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મનો આ સૌથી મોટો મહા ઉત્સવ છે. આ મેળો ઈતિહાસ, ધર્મ, દર્શન અને સમાજના અદ્વિતિય સંગમ છે. મેળો ન માત્ર આસ્થાનું પ્રતીક છે, પણ ભારતીય દર્શન, પરંપરા અને ખગોળીય વિજ્ઞાનનો અદ્‌ભૂત સંગમ છે. મહાકુંભનો ઉલ્લેખ વેદો-પુરાણો અને મહાકાવ્યોમાં મળી આવે છે. શ્રીમદ્ ભાગવત પુરાણ, વિષ્ણુ પુરાણ અને મહાભારતમાં સમુદ્ર મંથનની કથા વિસ્તારપૂર્વક જણાવવામાં આવી છે. આ કથા અનુસાર દેવતાઓ અને અસુરોએ અમૃત પ્રાપ્તિ માટે સમુદ્ર મંથન કર્યું હતું. મંથનમાંથી નીકળેલા અમૃત કળશને લઈને દેવતાઓ અને અસુરો વચ્ચે સંઘર્ષ થયો. અમૃત કળશ માટે થયેલા યુદ્ધને કારણે અમૃતના ટીપાં છલકાયા. આ ટીપા ચાર પવિત્ર સ્થળો - હરિદ્વાર, નાસિક, ઉજ્જૈન અને પ્રયાગરાજમાં પડ્યા હતા. કહેવાય છે કે આ યુદ્ધ બાર દિવસ ચાલ્યું હતું. દેવ-દાનવોના એ બાર દિવસ પૃથ્વીલોકના બાર વર્ષ ગણાય છે, તેથી જ દર બાર વર્ષે કુંભમેળાનું આયોજન આ ચાર સ્થાન પર થાય છે.

### ◆ કુંભનું ખગોળીય મહત્ત્વ :

કુંભનો સમય નક્કી કરવા માટે ગુરુ, સૂર્ય અને ચંદ્રની આકાશીય સ્થિતિ ધ્યાનમાં લેવાય છે. તેમાં સૌથી મહત્ત્વનો ઘટક ગ્રહ ગુરુ છે. ગુરુનો સૂર્ય આસપાસ ભ્રમણનો સમય લગભગ બાર વર્ષ છે. જે મહાકુંભની ઘટનામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ અર્થમાં ગુરુ વૃષભ રાશિમાં અને સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે ત્યારે પ્રયાગમાં ગંગા, યમુના અને સરસ્વતીના સંગમ સ્થાન ત્રિવેણીના કાંઠે કુંભ મેળો ભરાય છે. આવી જ રીતે ગુરુ કુંભ રાશિમાં અને સૂર્ય મેષ રાશિમાં પ્રવેશ કરે ત્યારે કુંભ મેળો હરિદ્વારમાં ગંગા કાંઠે ભરાય છે. જ્યારે ગુરુ અને સૂર્ય સિંહ રાશિમાં પ્રવેશ કરે ત્યારે નાસિકમાં ગોદાવરી નદીના કાંઠે કુંભ મેળો ભરાય છે. જ્યારે ગુરુ સિંહ રાશિમાં અને સૂર્ય મેષ રાશિમાં પ્રવેશ કરે ત્યારે કુંભ મેળો ઉજ્જૈનમાં ક્ષિપ્રા નદીના કાંઠે ભરાય છે. આ બાબતોનો ઉલ્લેખ વિષ્ણુપુરાણમાં પણ છે.

પ્રયાગરાજમાં કુંભનું વિશેષ મહત્વ એટલા માટે છે કે અહીં ગંગા, યમુના અને સરસ્વતી (અદ્રશ્ય) નદીનો સંગમ થાય છે. કુંભ મોળો દર ૧૨ વર્ષે એક વખત આયોજિત કરવામાં આવે છે. જ્યારે દર ૬ વર્ષે અર્ધકુંભ અને ૧૨ પૂર્ણકુંભ પછી ૧૪૪ વર્ષે મહાકુંભ યોજાય છે. જે ધાર્મિક દ્રષ્ટિએ સૌથી શ્રેષ્ઠ માનવામાં આવે છે.

કુંભ મેળો આધ્યાત્મિક ચેતનાને ગતિ આપે છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ ગ્રહોની આ સ્થિતિ અને ચુંબકીય ક્ષેત્રના ફેરફારો શારીરિક અને માનસિક આરોગ્ય પર અસર કરી શકે છે. લાખો-કરોડો લોકો એકત્ર થતાં હોવાથી તેઓની માનસિક શક્તિ એકત્ર થાય છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ આટલા મોટા સમૂહની ઉર્જા માનસિક શક્તિમાં વધારો કરે છે. આમ, કુંભમેળો આધ્યાત્મિકતા સાથે વૈજ્ઞાનિક અભિગમ ધરાવતો અનોખો મેળો છે.

### ◆ ઐતિહાસિક મહત્ત્વ :

ઈતિહાસકારો માને છે કે કુંભ મેળો સિંધુખીણની સભ્યતાથી પણ પ્રાચીન છે. ત્રીજીથી પાંચમી સદીમાં કુંભમેળાનું આયોજન સુવ્યવસ્થિત રીતે થયું હતું. તેનું આયોજન ગુપ્તકાળથી ચક્ર થયું હતું. ચીની યાત્રી હ્યુએનસાંગે પણ ૬૨૯-૬૪૫ વચ્ચે સમ્રાટ હર્ષવર્ધનના શાસનકાળ દરમિયાન પ્રયાગરાજના કુંભમેળાનું વર્ણન છે. તેમણે મેળાના આયોજનને વિશાળ અને ભવ્ય જણાવ્યું હતું, જેમાં અસંખ્ય સાધુઓ, વિદ્વાનો અને શ્રધ્ધાળુઓ આવ્યા હતા. પ્રશાસનિક માળખા હેઠળ કુંભનું સ્વરૂપ ગુપ્ત કાળથી શરૂ થયું અને શંકરાચાર્યે તેને ધર્મ અને સમાજ સાથે જોડવાનું એક માધ્યમ બનાવ્યું.

### ◆ ઊર્જા અને દિવ્ય માહોલ :

આઝાદ ભારતનો સૌ પ્રથમ મહાકુંભ મેળો ૧૪ જાન્યુઆરી થી ૩ માર્ચ ૧૯૫૪માં યોજાયો હતો, જેમાં ૪૦ લાખ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું હતું.

૨૦૨૫નો આ કુંભમેળો સૌપ્રથમ એવો છે જેને ડિજિટલ અને સોશિયલ મીડિયાનો મંચ મળ્યો છે. કરોડો શ્રદ્ધાળુઓ કુંભમેળામાં હિંદુધર્મની આસ્થાની પરમ શક્તિ બતાવવા જતાં હોય છે. આ માનવ મહેરામણમાં જોડાવાનો આનંદ જ અકલ્પનીય હોય છે. સંતો, મહાત્માઓ અને સિદ્ધ બાવાઓના એક સાથે આવા માહોલમાં દર્શન કરવા તે પણ રોચક બની રહે છે.

**◆ પ્રયાગરાજ ત્રિવેણી સંગમનું પવિત્ર સ્નાન :**

કુંભમેળાનો સૌથી મહત્વનો કાર્યક્રમ છે, શાહી સ્નાન. પ્રયાગરાજમાં ગંગા, યમુના અને સરસ્વતી નદીઓનો પવિત્ર સંગમ છે. આ સંગમને અતિ પવિત્ર માનવામાં આવે છે. આ ત્રિવેણીમાં સ્નાન કરવાથી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શુદ્ધિ પ્રાપ્ત થાય છે અને પાપોથી મુક્તિ (મોક્ષ) મળે છે. સંગમ પર અનેક ધાર્મિક વિધિઓ થાય છે. અહીં શાહી સ્નાન, હવન, કથાવાચન, પ્રવચનો અને ધાર્મિક વિધિઓ થાય છે. આમ, ત્રિવેણી સંગમ એ ભારતીય સંસ્કૃતિની એકતા અને પ્રાચીન જ્ઞાનનું પ્રતીક છે. અમૃત સ્નાનનું ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ પણ ઘણું છે. આ સ્નાન આત્માને શુદ્ધ કરે છે તથા જીવન-મૃત્યુના ચક્રમાંથી મુક્તિ આપે છે. ત્રિવેણીમાં પહેલાં સાધુ-સંતો અને પછી સામાન્ય જનતી ડૂબકી લગાવે છે.

**◆ કુંભમાં ત્રિવેણી સ્નાનની વિશિષ્ટ તિથિઓ :**

પ્રયાગરાજ મહાકુંભમાં ખાસ કરીને કેટલીક નિર્ધારિત તિથિઓ અને તારીખો પર સ્નાન કરવાનું મહત્વપૂર્ણ આયોજન કરવામાં આવે છે.

પહેલું સ્નાન-૧૩ જાન્યુ. (પોષ સુદ પૂર્ણિમાં) : મહાકુંભના આરંભનો દિવસ છે, જેમાં સ્નાન કરવાથી ભક્તો તાજગી અને ઉત્સાહનો અનુભવ કરે છે.

પ્રથમ શાહી (અમૃત) સ્નાન-૧૪ જાન્યુઆરી (મકરસંક્રાતિ) : એક માન્યતાનુસાર જ્યારે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે, ત્યારે સ્નાન કરવાથી પાપનો નાશ થાય છે.

દ્વિતીય શાહી (અમૃત) સ્નાન-૨૯ જાન્યુઆરી (મૌની અથાવસ્યા) : આ દિવસે મૌન વ્રત અને સ્નાન કરવાથી મનની શાંતિ પ્રાપ્ત થાય છે.

તૃતીય શાહી (અમૃત) સ્નાન-૩ ફેબ્રુઆરી (વસંત પંચમી) : વસંત ઋતુના આગમનનું પ્રતિક છે, જેમાં આધ્યાત્મિક ઉપાસનાનો ભાવ ઉત્પન્ન થાય છે.

સ્નાન પર્વ-૧૨ ફેબ્રુઆરી (માઘપૂર્ણિમાં) : આ દિવસે સ્નાન કરવાથી શારીરિક અને આધ્યાત્મિક શુદ્ધિ પ્રાપ્ત થાય છે. કલ્પવાસનું સમાપન

અંતિમ શાહી સ્નાન પર્વ-૨૬ ફેબ્રુઆરી (મહાશિવરાત્રી) : મહાદેવની ઉપાસનાનો દિવસે છે, જે મહાકુંભ-૨૦૨૫નો સમાપન દિવસ છે.

**◆ સાંસ્કૃતિક એકતા અને વૈવિધ્ય :**

મહાકુંભ એ માત્ર ધાર્મિક પ્રસંગ જ નથી, પરંતુ તે ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને એકતાનું પ્રતીક છે. સમગ્ર દેશના વિવિધ પ્રાંત, ભાષા અને સમાજના લોકો આ ઉત્સવમાં જોડાય છે. અનેક વિદેશી યાત્રીઓ, ભક્તો અને પત્રકારો આવે છે. મહાકુંભ ભારતની વિવિધતા અને એકતાને એક જ પ્લેટફોર્મ પર લાવે છે. અને આપણી વૈવિધ્યસભર સાંસ્કૃતિક સમૃદ્ધિને ઉજાગર કરે છે. આ વિશાળ મેળામાં વિવિધ સમાજના લોકો એકત્રિત થાય છે, જે ભારતના સાંસ્કૃતિક અને સામાજિક બંધનને મજબૂત કરે છે.

**◆ મહાકુંભનો આધ્યાત્મિક પ્રભાવ :**

મહાકુંભ દરમિયાન સત્સંગ, કથાઓ, પ્રવચનો દ્વારા ભક્તો પોતાના જીવનમાં આધ્યાત્મિક ઉત્થાનનો અનુભવ કરે છે. સાધુ-સંતો શાસ્ત્રીઓ અને યાગીઓ દ્વારા અપાયેલ ઉપદેશો આધ્યાત્મિક-માર્ગદર્શનનું કામ કરે છે. ભક્તો પોતાના જીવનની મુશ્કેલીઓ, દુઃખ અને પાપોમાંથી મુક્તિ મેળવવાની આશા સાથે સ્નાન કરે છે, જે તેમના આત્મવિશ્વાસ અને જીવન પ્રત્યેના દ્રષ્ટિકોણને નવી દિશા આપે છે.

આ તમામ વિશેષ તિથિઓને ધ્યાનમાં રાખી મહાકુંભના દિવસો અને સમયનું સંપૂર્ણ આયોજન ખગોળીય ગણતરીઓ પર આધારિત થાય છે.

**◆ નાગા સાધુઓ અને અખાડા :**

મહાકુંભમાં નાગા સાધુઓનું વિશેષ સ્થાન અને આકર્ષણ હોય છે. તેઓ તેમના અનોખા રૂપ, નિઃસ્વાર્થ અને વિરક્ત જીવનશૈલી તથા તપસ્વી અનુભવો માટે જાણીતા હોય છે. મહાકુંભ દરમિયાન આ સાધુઓ પ્રથમ સ્નાન કરીને ભક્તો માટે આદર્શરૂપનું પ્રદર્શન કરે છે. સાધુ-સંતો પુરા ઠાઠમાઠથી સરઘસ રૂપે સ્નાન માટે નીકળે છે. ક્રમ પ્રમાણે દરેક અખાડા અને સંપ્રદાયના અલગ-અલગ સરઘસ નીકળે છે.

**◆ દુનિયા માટે એક આશ્ચર્ય છે કુંભ :**

મહાકુંભ માત્ર ભારતમાં જ નહીં પરંતુ આખા વિશ્વ માટે એક અદ્વિતીય આયોજન છે. વિશ્વના તમામ દેશોમાં કુંભની ચર્ચા થઈ રહી છે. પશ્ચિમી દેશોમાં સામાજિક અને રાજનૈતિક ઘટનાઓનું ઘણું મહત્વ હોય છે. પણ ત્યાં કોઈ આધ્યાત્મિક ઘટનાની આ પ્રકારની પરંપરા નથી. કુંભમેળાનો ખગોળીય આધાર અને તેનું આધ્યાત્મિક મહત્વ પશ્ચિમી દેશો માટે પણ એક આશ્ચર્ય છે. આ મેળો સનાતન ધર્મની એ દ્રષ્ટિને પ્રતિબિંબિત કરે છે, જેમાં સત્યની શોધને પ્રાથમિકતા આપવામાં આવે છે. અહીં સૌને પોતપોતાની સાધના પદ્ધતિમાં વિશ્વાસ કરવાનો અધિકાર છે, જે વિવિધતાનું સન્માન અને સહિષ્ણુતાનું એક અદ્ભુત ઉદાહરણ છે.

# કવર સ્ટોરી

કુંભ મેળો માત્ર ભારતીયો પૂરતો સીમિત નથી. ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મની ઓળખ કરવા માટે વિદેશી પત્રકારો અને પર્યટકો પણ સહભાગી થાય છે. વિદેશી લેખકો અને પત્રકારો આ મેળાને "વિશ્વનું સૌથી મોટું શાંતિપૂર્ણ આયોજન" કહે છે. તેમના મતે કુંભ મેળો ભારતીય દર્શન અને અધ્યાત્મની વ્યાપકતા દર્શાવે છે.

**◆ મહાકુંભના સંતોનો જમાવડો :**

કુંભ મેળો સંતો, તપસ્વીઓ અને ગૃહસ્થો વચ્ચે સેતુનું કામ કરે છે. જ્યાં ગૃહસ્થ જીવન જીવતા લોકો તપસ્વીઓના સત્સંગથી ધર્મના મર્મને સમજે છે. કુંભમાં સંત સમાજનું યોગદાન અનેરું છે. તેઓ પોતાના જ્ઞાન અને અનુભવને જનસામાન્ય સમક્ષ વહેંચે છે. સંતોના સત્સંગથી લોકોને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. અમુક સંતો કે જે પોતાના સાધના સ્થળથી ક્યારેય બહાર આવતા નથી, તેઓ પણ કુંભમાં આવીને આશીર્વાદ આપે છે. અહીં સમાજના દરેક વર્ગના લોકો એક સાથે આવે છે. મહાકુંભમાં વિવિધ આખાડાઓ અને સંપ્રદાયો દ્વારા આયોજિત કથાઓ શ્રદ્ધાળુઓને સત્ય અને ધર્મનો માર્ગ દેખાડે છે. ભારતીય સમાજની સામૂહિક ચેતના જાગૃત થાય છે.

**◆ મહાકુંભમાં રાજ્ય સત્તા, સમાજ સત્તા અને ધર્મ સત્તાનો સંગમ :**

કુંભ મેળો વિવિધતામાં એકતાની ભારતીય પરંપરાનું ઉદાહરણ છે. એ રાજ્ય સત્તા, સમાજ સત્તા અને ધર્મ સત્તાનો એક એનોખો સંગમ પણ છે. જ્યાં આ ત્રણેય એક બીજા સાથે સહયોગથી કામ કરે છે. અહીં ધર્માચાર્ય, અધ્યાત્મિક ગુરુ અને પ્રશાસન સાથે મળીને કુંભ મેળાને સુવ્યવસ્થિત રીતે ચલાવે છે. મહાકુંભ ભારતીય સંસ્કૃતિ, ધર્મ અને સમાજનો એવો સંગમ છે, જે ન માત્ર ભારત પરંતુ આખા વિશ્વને એકતા અને સહિષ્ણુતાનો સંદેશ આપે છે. જે ન માત્ર આસ્થાનું પર્વ છે, પણ એક એવો મંચ છે, જ્યાં માનવતા, જ્ઞાન અને ચેતમાનું મિલન થાય છે.

**◆ કુંભ મેળાના પ્રકાર :**

ભારતીય હિંદુ પરંપરામાં કુંભ, અર્ધકુંભ, પૂર્ણકુંભ અને મહાકુંભ એમ અલગ-અલગ પ્રકારના કુંભનું આયોજન થાય છે. આ અલગ-અલગ કુંભ પાછળ ખગોળીય ગણના મૂળ આધાર છે, સૂર્ય, ચંદ્ર, ગુરુ વગેરે ગ્રહોનો અલગ-અલગ રાશિમાં પ્રવેશ થાય ત્યારે હરિદ્વાર, નાસિક, ઉજ્જૈન અને પ્રયાગરાજમાં કુંભનું આયોજન થાય છે.

**અર્ધકુંભ :** અર્ધકુંભ એક ધાર્મિક અને સાંસ્કૃતિક આયોજન છે, જે દર છ વર્ષે હરિદ્વાર અને પ્રયાગરાજમાં યોજાય છે. આ આયોજન અતિ પવિત્ર એવા ગંગા, યમુના, સરસ્વતી નદીઓના સંગમ પર થાય છે. આ કુંભને કુંભમેળાના અડધા ચક્ર તરીકે જોવામાં આવે છે. જ્યારે ગુરુ વૃશ્ચિક રાશિમાં અને સૂર્ય સકર રાશિમાં પ્રવેશ કરે છે, ત્યારે અર્ધકુંભનું આયોજન થાય છે.

**કુંભમેળો :** કુંભનો મેળો વિશ્વનો સૌથી મોટો ધાર્મિક અને સાંસ્કૃતિક ઊત્સવ છે, જે દર ત્રણ વર્ષે ચાર સ્થળો- હરિદ્વાર, પ્રયાગરાજ, ઉજ્જૈન અને નાસિકમાં યોજાય છે. તેને ભારતીય સંસ્કૃતિ અને આસ્થાનું પ્રતીક માનવામાં આવે છે. આ પર્વનું મુખ્ય આકર્ષણ પવિત્ર નદીઓમાં સ્નાન છે, જેને અમૃત સ્નાન કહેવામાં આવે છે.

**પૂર્ણકુંભ :** પૂર્ણ કુંભએ કુંભ મેળાનું જ વિસ્તારણ છે, જે દર ૧૨ વર્ષે માત્ર પ્રયાગરાજમાં યોજાય છે. તેને કુંભનું પૂર્ણ સ્વરૂપ માનવામાં આવે છે અને તેનું મહત્વ અન્ય કુંભ મેળાઓ કરતા વધારે છે. ગંગા, યમુના અને સરસ્વતી નદીના સંગમ પર યોજાતા આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય આત્માની શુદ્ધિ અને મોક્ષની પ્રાપ્તિ છે. પૂર્ણ કુંભનું આયોજન શાસ્ત્રો અને પુરાણોમાં વર્ણિત છે. આ મેળામાં લાખોની સંખ્યામાં ભક્તો ભાગ લે છે. ખાસ કરીને નાગા સાધુ અને આખાડાઓનું યોગદાન મહત્વનું છે. પૂર્ણ કુંભનું આયોજન પણ ખગોળીય ગણતરીના આધારે કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે ગ્રહોની સ્થિતિ અને રાશિમાં ફેરફારને કારણે નદીઓ પણ દર ૧૨ વર્ષે પોતાનો કાયાકલ્પ કરે છે, જેના કારણે તેનું પાણી અમૃત જેવું બની જાય છે.

**મહાકુંભ :** મહાકુંભ મેળો ભારતીય ધાર્મિક કાર્યક્રમોનો સૌથી મોટો તહેવાર છે, જે દર ૧૪૪ વર્ષે માત્ર પ્રયાગરાજમાં જ યોજાય છે. કુંભમેળાનું આ સૌથી પવિત્ર અને મહત્વનું સ્વરૂપ માનવામાં આવે છે. ધાર્મિક ગ્રંથો અનુસાર આ મેળામાં સંગમમાં સ્નાન કરવાથી આત્મા પવિત્ર અને પાપોથી મુક્ત બને છે. મહાકુંભનું આયોજન પણ ખગોળીય ગણતરીઓના આધારે કરવામાં આવે છે. જ્યારે ગુરુ, સૂર્ય અને ચંદ્ર એક વિશેષ સ્થિતિમાં હોય ત્યારે તેનું આયોજન કરવામાં આવે છે. મહાકુંભનું આયોજન ૧૨ પૂર્ણકુંભ સાથે એટલે કે દર ૧૪૪ વર્ષે કરવામાં આવે છે, તે પણ માત્ર પ્રયાગમાં જ. પ્રયાગરાજ ખાતે યોજાયેલ આ વખતના પૂર્ણકુંભને મહાકુંભ કહેવામાં આવે છે, કારણ કે આ ૧૪૪મું વર્ષ છે. આ મહાકુંભને દેવો અને મનુષ્યના સંયુક્ત પર્વ તરીકે જોવામાં આવે છે.

**◆ નિષ્કર્ષ :**

પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભનો ઈતિહાસ એ માત્ર એક ધાર્મિક કથા નથી, તે આપણા પૌરાણિક જ્ઞાન, ખગોળીય ગણતરીઓ અને સાંસ્કૃતિક એકતાનું પ્રતિબિંબ છે. મહાકુંભ ભારતીય સંસ્કૃતિના દરેક પાસાને ઉજાગર કરે છે. તે આધ્યાત્મિક ઉર્જા, શાંતિ, આત્મ શુદ્ધિ અને સામાજિક એકતાનું મંચ પણ છે. મહાકુંભ આધુનિક ભારત માટે નવી આશા, ઉત્સાહ અને સાંસ્કૃતિક એકતાનું પ્રતિક બનીને રહે છે. તેમાં પ્રાચીન પરંપરા, વૈજ્ઞાનિક સમજ અને સાંસ્કૃતિક એકતાનું સંયોજન છે. ભવિષ્યમાં પણ આ મહોત્સવ આપણી સાંસ્કૃતિક ઓળખ અને સામાજિક એકતાનો સંદેશ આપતો રહેશે. ■



**ગુલાબભાઈ જાની**
લેખક જાણીતા શિક્ષણવિદ્, પ્રયોગશીલ કેળવણીકાર અને સિસ્ટર નિવેદિતા સંકુલના સ્થાપક છે.

# પૂર્વ - પ્રાથમિક શિક્ષણ શા માટે અને કઈ ઉંમરથી આપવું જોઈએ ?

બાળકના સમતોલ વિકાસ માટે પૂર્વ - પ્રાથમકિ શિક્ષણ એ અગત્યનો પાયો છે. 'બાળકને સ્વતંત્ર વ્યક્તિત્વ છે.' એ મહાન વિચાર માનવજાતિને ગયા સૈકા તરફથી મળેલી મહામૂલી ભેટ છે. માનવ સંસ્કૃતિના વિકાસમાં આ એક વિરાટ પગલું છે. રૂસો, પેસ્ટોલોજી, ફ્રોબેલ, મૅડમ મોન્ટેસોરી અને આપણે ત્યાં ગિજુભાઈ, હરભાઈ, જુગતરામ, જેવા અનેક જાણીતા કે ન જાણીતા મહાનુભાવોના પ્રતાપે આજે બાળકના વ્યક્તિત્વને પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ છે.

બાળ મનોવિજ્ઞાન એ મનોવિજ્ઞાનની એક મહત્ત્વની શાખા બની છે. આ સંદર્ભમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણને બાળ શિક્ષણકારોએ અગત્યનું માન્યું છે.

## પૂર્વ પ્રાથમિક શિક્ષણ શા માટે ?

(૧) બાળકના ઈન્દ્રિય વિકાસ માટે (૨) બાળકના સામાજિકરણ માટે (૩) બાળકમાં સ્વનિયમનનો ગુણ વિકસાવવા માટે.

મૅડમ મોન્ટેસોરી, શ્રી ગિજુભાઈ બધેકા, શ્રી હરભાઈ ત્રિવેદી, શ્રીમતી તારાબહેન મોડક જેવા આપણા બાળ કેળવણીકારોનું દઢ માનવું છે કે - 'ઈન્દ્રિયોના વિકાસ પછી જ બુદ્ધિનો યથાર્થ વિકાસ જન્મે છે, બુદ્ધિનો સંપૂર્ણ વિકાસ ઈન્દ્રિયોના વિકાસ ઉપર જ અવલંબે છે. ઈન્દ્રિયોની કેળવણીના આ મજબૂત અને વ્યવસ્થિત પાયા ઉપર જ બાળકનું વિશુદ્ધ અને દઢ માનસ બંધાય છે.'

એ જ રીતે બાળકનું સામાજિકરણ થવું ખૂબ આવશ્યક છે. આ ગુણ સમૂહમાં અન્ય બાળકો સાથે હળેમળે તો કેળવી શકાય. આજે સંયુક્ત કુટુંબની પ્રથા તુટતી જાય છે. નાના કુટુંબો વધી રહ્યાં છે. કુટુંબ નિયોજનની રાષ્ટ્રીય આવશ્યકતાઓને કારણે ઘરમાં બાળકોની સંખ્યા મર્યાદિત થતી જાય છે. તેથી સામાજિકરણ માટે બાલમંદિરની આવશ્યકતા છે.

સ્વનિયમનના ગુણ વિકસાવવા બાલ-મંદિર અગત્યનો ફાળો આપે છે.

## પૂર્વ - પ્રાથમિક શિક્ષણ કઈ ઉંમરથી આપવું જોઈએ :

બાળ મનોવિજ્ઞાનના સંશોધને બતાવ્યું છે કે માનવ મગજનો વિકાસ પાંચ-છ વર્ષ સુધીમાં થઈ જાય છે. આ ઉંમર સુધીમાં જેટલા ગુણોનું સિંચન થાય તે જીવનભર સચવાઈ રહે છે. પૂર્વ - પ્રાથમિક શિક્ષણ આ દષ્ટિએ વહેલું આપવું જોઈએ. ગિજુભાઈના મતે - 'બાળકને જીવનશાસ્ત્ર અને સમાજશાસ્ત્રની દૃષ્ટિથી યોગ્ય કેળવણી આપવી હોય તેની ઈન્દ્રિયોની સર્વાંગી કેળવણીનો પ્રબંધ પ્રથમથી જ થવો જોઈએ એ માટેનો ખરો સમય ત્રણથી સાત વર્ષની વય વચ્ચેનો છે.'

મૅડમ મોન્ટેસોરી તથા ગિજુભાઈએ અઢીથી સાડાત્રણ વર્ષની વયના બાળકો માટે ઈન્દ્રિય વિકાસના વિશિષ્ટ સાધનો - જેવા કે દટ્ટાપેટી, મિનારો, પહોળો દાદરો વગેરે વિકસાવ્યા છે. તેઓના મતે શુદ્ધ ઈન્દ્રિયગમન અનુભવો નાની ઉંમરે જ શક્ય છે.

આધુનિક યુગના બાળકોના આઈ.ક્યૂ. સમૂહ માધ્યમોમાં ક્રાંતિ આવવાથી વધ્યા છે. તેને પોષણ આપવા માટે નાની ઉંમરથી જ તાલીમ આપવી આવશ્યક છે.

પરદેશમાં પણ નર્સરી સ્કૂલો છે. નાની ઉંમરથી બાળકોને યોગ્ય પ્રકારની તાલીમ આપવામાં આવે છે. તેથી એ દેશોના બાળકોના આઈ.ક્યૂ. ઊંચા હોય છે.

વિકસિત દેશો જેવા કે અમેરિકા, જાપાન, જર્મની વગેરેના આ ક્ષેત્રના અનુભવોનો લાભ લેવો જોઈએ.

આજની આધુનિક જીવન પ્રણાલિકામાં આર્થિક તથા અન્ય જરૂરિયાતોને કારણે વ્યવસાયી માતાઓ વધતી જાય છે અને વધતી જશે. વિભક્ત કુટુંબો વધતા જવાથી આવી માતાઓના વ્યવસાયના સમયે બાળકોને ઘેર એકલા મૂકી ન શકાય. તેમના સાચવવાની, યોગ્ય ઉછેરની જરૂરિયાતની દૃષ્ટિએ બાલમંદિરો અને હવે તો 'ડે કેર સેન્ટર' ની જરૂરિયાતો વધવાની. એ માટે વિશેષ પ્રબંધો કરવા પડશે. આ યુગની એ અગત્યની જરૂરિયાત છે.

મૅડમ મોન્ટેસરી તથા ગિજુભાઈ અને અન્ય બાળ કેળવણીકારોના મતે બાળ કેળવણીના સિદ્ધાંત વિચારમાં મુખ્યત: સ્વાધીનતા, નિયમન અને સ્વાતંત્ર્ય અગત્યનાં પાસાં છે.

## સ્વાધીનતા :

ત્રણ વર્ષની ઉંમરે તો બાળકે સ્વાશ્રયી અને સ્વતંત્ર બની જવું જોઈએ અને મોટેરાંઓએ એને સ્વતંત્ર બનાવવા માટે આગળ પડવું જોઈએ. સ્વાધીનતાના માર્ગે આગળ વધવામાં જે કેળવણી બાળકોને મદદ કરી શકતી હોય તે જ કેળવણી પ્રાણવાન છે.

# શિક્ષણ સૃષ્ટિ

**નિયમન :**

જો કોઈ બરાબર ચાલતી મોન્ટેસોરી શાળામાં જઈને જુઓ તો નાનાં બાળકોનાં સ્વયંનિયમનથી તાજુબ થઈ જવાય ! ત્રણથી સાત વર્ષની ઉંમરના ૪૦ બાળકો એકીસાથે કામ કરતાં માલૂમ પડશે. પ્રત્યેક બાળક પોતાના કામમાં ગૂંથાયેલું હશે. કોઈ ઈન્દ્રિયની કેળવણીનું સાધન વાપરતું હશે, કોઈ બટનની ક્રેમ પર પોતાની નાની આંગળીઓને ફેરવતું હશે ને કોઈ સાફસૂફ કરતું હશે.

ત્રણ વર્ષનું નાનું બાળક સાત વર્ષના બાળક પાસે શાંતિથી કામ કરે છે. ખરા નિયમનનું પ્રથમ પ્રભાત પ્રવૃત્તિમાંથી ઊગે છે.

**સ્વાતંત્ર્ય :**

વિકસતા બાળકને સ્વાતંત્ર્ય મળવું જોઈએ, તેનો અર્થ એ છે કે તેને વિકાસક પરિસ્થિતિમાંથી પ્રવૃત્તિની પસંદગીની અને સ્ફૂરણા થાય ત્યારે પ્રવૃત્તિ કરવાની છૂટ મળવી જોઈએ.

ગિજુભાઈએ બાલવાડી - આંગણવાડી જેવી બાલક્રીડાંગણની યોજના રજૂ કરી. તેમના મતે - 'આજે દેશમાં લાખો બાળકો ઘરમાં અને શેરીમાં રહે છે. તેમનો પ્રાણ હણાય છે. ઘણી બધી સારી શાળાઓ કરતાં તો વખત જાય તેવી શાળાઓ કર્યે છૂટકો ને કરવા મંડવાનું છે એ તો કબૂલ જ છે. પરંતુ અત્યારે ? અત્યારે શું લાખો બાળકોને ઘરમાં માર ખાવા દઈશું ? અત્યારે એ બાળકોને ઘરમાં ક્રિયા વિના હીજરાવા દઈશું ?'

ત્રણ વર્ષ અને તેથી વધારે ઉંમરના હજારો બાળકોને ક્યાં નાખવા ? તેમનો દિવસ કેમ પસાર કરાવવો ? તેઓ આજની પ્રાથમિક શાળામાં જાય ત્યાં સુધી તેમના શરીર અને મન કેવી રીતે ખિલવવાં ? તે માટે બાલક્રીડાંગણની યોજના રજૂ કરી તેના ઉદ્દેશો જણાવતાં ગિજુભાઈ કહે છે - 'ત્રણથી સાત વર્ષની એટલે કે પ્રાથમિક શાળામાં જરા યોગ્ય થાય ત્યાં સુધીની ઉંમરના બાળકોને શેરીની વિવિધ બદીમાંથી બચાવી લેવાનો તેમજ મા - બાપના અતિ લાડમાંથી અથવા બેદરકારીમાંથી અથવા જોહુકમીમાંથી અથવા ઘરના અયોગ્ય વાતાવરણમાંથી છોડાવવાનો તેમજ બાળકની ખીલતી જતી ઈન્દ્રિયો અને મનને પોષક એવું કેળવણીની દૃષ્ટિએ રચેલું સુખી અને તંદુરસ્ત વાતાવરણ અને ક્રિયાઓ આપવાનો છે.'

બાળકના વિકાસને માટે બધી જગ્યાએ સરખી પરિસ્થિતિ ઉત્પન્ન કરવાની શક્યતા માત્ર શાળાઓમાં જ છે. પ્રત્યેક ઘર એ અનુકૂળ વાતાવરણ શાળાઓમાં ઉત્પન્ન કરી શકે નહીં અથવા આપી શકે નહીં તે વાતાવરણ શાળાઓમાં આપવાનો પ્રબંધ થઈ શકે છે. બાળકના શારીરિક વિકાસ માટે ખુલ્લી હવા, સ્વચ્છતા, વિશાળ ઓરડા, પૌષ્ટિક આહાર તથા નાસ્તો, બાગ વગેરે જરૂરી છે.

શાળા એ સૌંદર્યમય સ્થળ હોવું જરૂરી છે. બાલમંદિરોમાં બાળકો હોંશે-હોંશે આવે તેવું વાતાવરણ હોવું જોઈએ.

આજે ગિજુભાઈ, હરભાઈ, જુગતરામ-ભાઈ જેવાએ બાળકેળવણીના જે સિદ્ધાંતો પ્રબોધ્યા તે પ્રમાણે ચાલતા બાલમંદિરો ઓછા થયા છે. બાલમંદિરોમાં ઈન્દ્રિય વિકાસ, સામાજિકરણના ગુણ વિકસાવવાના બદલે બાળકને બોજારૂપ ભણાવવાનું વધ્યું છે.

ખરેખર જરૂર છે પ્રો. યશપાલ સમિતિએ ભલામણ કરેલ ભાર વિનાના ભણતરની. આ ભાર વિનાના ભણતર માટે -

(૧) બાલમંદિરો બાળકેળવણીના સિદ્ધાંતો પ્રમાણે - બાલમાનસના સિદ્ધાંતો પ્રમાણે ચાલવાં જોઈએ. (૨) બાલમંદિરોમાં ભણાવવાનું ચીલાચાલુ અર્થમાં ન હોય - પુસ્તકોનો બોજો ન હોય. (૩) બાલમંદિરમાં પરીક્ષાઓ ન હોય - પાસ - નાપાસ ન કરાય. (૪) બાલમંદિરોમાં ગિજુભાઈ જેવા કેળવણીકારોએ તથા અન્ય બાળ કેળવણી-કારોએ વિકસાવેલા શૈક્ષણિક સાધનો પૂરતાં પ્રમાણમાં હોવા જોઈએ. (૫) બાલમંદિરોમાં ક્રીડાંગણના પૂરતા સાધનો હોવા જોઈએ. (૬) માતૃભાષા દ્વારા જ કેળવણી આપવી જોઈએ. (૭) બાળ કેળવણીની તાલીમ લીધેલા - અનુભવી શિક્ષકો દ્વારા તાલીમ આપવી જોઈએ.

આજે ભારતમાં નિરક્ષરતાનું પ્રમાણ વધી રહ્યું છે. જગતમાં વધુમાં વધુ નિરક્ષરો ધરાવતો દેશ આપણે બની રહ્યાં છીએ. સાક્ષરતાનું પ્રમાણ વધારવા યુદ્ધના ધોરણે કામ કરવાની જરૂર છે. ખાસ કરીને ગ્રામ્યક્ષેત્રના બાળકો અને આદિવાસી અને પછાત વિસ્તારના બાળકો માટે વિશિષ્ટ વ્યવસ્થા ઊભી કરવાની જરૂર છે.

શ્રી જુગતરામભાઈએ ગિજુભાઈના કાર્યને, વિચારને અને ભાવનાને આદિવાસી વિસ્તારના બાળકો પાસે લઈ જવાનું કાર્ય અને 'બાલવાડી' ની પ્રવૃત્તિ વિકસાવી. આપણા ગરીબ દેશના બાળકો માટે જુગતરામભાઈની આ અમૂલ્ય ભેટ છે.

ગિજુભાઈના સાથી તારાબેન મોડકે થાણા જીલ્લાના આદિવાસી વિસ્તારમાં 'આંગણવાડી' ની પ્રવૃત્તિ શરૂ કરી. નાનકડાં ભૂલકાંઓ માટે આશીર્વાદરૂપ કાર્ય કર્યું. 'બાલવાડી' તથા 'આંગણવાડી' વધુ વિસ્તરે અને વિકસે તે જરૂરી છે. અનેક ગરીબ, પછાત બાળકોને સંસ્કાર સિંચનનું કાર્ય થશે. નવી શિક્ષણનીતિમાં હવે બાલમંદિરની પ્રવૃત્તિને પણ આવરી લેવામાં આવી છે.

આશા રાખીએ કે બાળ કેળવણીના મૂળભૂત સિદ્ધાંતો જળવાઈ રહે તે રીતે તેનો અમલ થાય. ■

શિક્ષણ સૃષ્ટિ



**પ્રા. ડૉ. હર્ષદેવ માધવ**
લેખક મૂર્ધન્ય સંસ્કૃત સાહિત્યકાર અને
સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા છે.

# વૈદિક સાહિત્યમાં બાળજન્મ, બાળઉછેર અને બાળકેળવણીનું મેનેજમેન્ટ

સૃષ્ટિમાં મનુષ્ય એક બુદ્ધિશાળી પ્રાણી છે. મનુષ્ય પાસે જ બૌદ્ધિક વારસો, સંસ્કૃતિ, આધ્યાત્મિકતા, સામાજિકતા અને ઉચ્ચ પ્રકારનાં વિચારો છે. જિનેટિક સાયન્સ પ્રમાણે જ્યારે મનુષ્ય સંતાન ઉત્પન્ન કરે છે ત્યારે માત્ર બાળકો પેદા નથી કરતો પણ તેની પેઢીઓની પરંપરાના સંસ્કારો, પૂર્વજોની કુશળતા, બુદ્ધિમતા અને પોતે અર્જિત કરેલ વિચારશક્તિનું પણ સંક્રમણ એક પેઢીથી બીજી પેઢીમાં થાય છે. કૂતરાઓ "Wedding Card" છપાવતાં નથી, બિલાડીઓ Honeymoon માં જતી નથી, વાંદરાઓ Wedding Aniversary ઉજવતાં નથી. પશુઓને તેમના બાળકોના Admission ની ચિંતા હોતી નથી. મનુષ્ય સાંસ્કૃતિક વારસો ધરાવે છે. આથી તે ગર્ભમાં રહેલ બાળકના બુદ્ધિ, મન, લાગણી, યાદશક્તિ અને સંસ્કાર વગેરેનું ઘડતર કરવા શક્તિમાન છે.

સિગ્મંડ ફ્રોઈડે માનસશાસ્ત્રમાં સેક્સને પ્રાધાન્ય આપ્યું અને માણસની મોટાભાગની વૃત્તિઓ જાતીયતા સાથે સંકળાયેલ છે એવું પ્રતિપાદન કર્યું, ત્યારે પશ્ચિમનું વિશ્વ નાચવા માંડ્યું. જાણે કોઈ મોટી વાત કે મહાન સત્ય પ્રાપ્ત થયું હોય એવો આનંદ થયો. પરદેશનું અંધ અનુકરણ કરનારા ભારતના લેખકો, વિચારકો અને બુદ્ધિજીવીઓ પણ તેમના સૂરમાં સૂર પૂરાવવા માંડ્યા. પરંતુ, આ સમગ્ર કથનનું મૂળ ઋગ્વેદમાં છે. ઋગ્વેદના નાસદીયસૂક્ત (૧૦-૧૨૯) માં સૃષ્ટિની શરૂઆતમાં કામ ઉત્પન્ન થયો એવું મંત્રમાં કહેવાયું છે. કામ મનનું રેતસ્ (વીર્ય) છે એવું કહેવાયું છે. આમ મનમાંથી કામ ઉત્પન્ન થાય છે મનન શાસ્ત્રકારોએ સંકલ્પનું જન્મદાતા માન્યું છે. સંકલ્પમાં ઈચ્છાશક્તિ અને વિવિધ કામનાઓ હોય છે. આ સંકલ્પો ચાર પ્રકારનાં છે અને સંકલ્પોનો સ્રોત ત્રણ ગુણો છે એ સત્ય કોઈ જાણતું નથી.

<u>સંકલ્પો :</u> ધર્મ (સત્વ), અર્થ (લોભ) રજોગુણ, કામ (ચંચળતા)તમોગુણ
મોક્ષ (સંયમ, આત્મશુદ્ધિ) સત્ત્વનો ઉદ્રેક.

ધર્મથી અવિરુદ્ધકામ સાત્ત્વિક છે. કામ ખાતર કામનો ઉપભોગ રાજસ્ છે. અયોગ્ય રીતે અયોગ્ય સમયે અયોગ્ય વ્યક્તિ સાથે અને હલકટ વિચારો સાથે સેવેલા કામ તામસ્ છે. સેક્સ કુદરતી હોય સેક્સની સાથે બુદ્ધિ, મન અને આત્માનું અનુસંધાન હોય તો સેક્સ સર્જનાત્મક બને છે. એકલો કામકેન્દ્રિત સમાજ હિંસક, આક્રમક, સ્વૈરવિહારી અને બેજવાબદાર બને છે. આજે પશ્ચિમનું જગત એઈડ્સ વગેરે રોગો દ્વારા અનિયંત્રિત કામનાં પરિણામો ભોગવે છે. આપણા ઋષિમુનિઓએ આ પરમ સત્યને આત્મસાત્ કર્યું હતું. આથી જ ભારતીય સંસ્કૃતિ ભોગપ્રધાન બનવાને બદલે યોગપ્રધાન બની છે. મનુસ્મૃતિ અને મહાભારતના યયાતિનાં ઉપાખ્યાનમાં આ વાત સ્પષ્ટ થઈ છે.

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णावर्त्मेव भूयः भूयोऽपि वर्धते ॥

અગ્નિમાં ઘી નાખવાથી અગ્નિ ઓછો થતો નથી ઊલટો વધારે પ્રદીપ્ત થાય છે. જાતીય વૃત્તિઓનું પણ એવું જ છે. આથી જ બ્રહ્મા સૃષ્ટિ રચના પૂર્વે તપ કરે છે. ભગવાન મનુએ તપ કર્યું અને માનવજાતને જન્મ આપ્યો. અદિતિએ તપ અને વ્રત કરીને વામન ભગવાનને જન્મ આપ્યો. અત્રિ ઋષિએ તપ કર્યું અને ચંદ્રનો જન્મ થયો. આ બધી કક્ષાઓ માતા-પિતાએ બાળકને જન્મ આપતાં પૂર્વે માનસિક પવિત્રતા અને આધ્યાત્મિકતા કેળવવાનો પ્રવેશ કરે છે. સંસ્કૃત સાહિત્યમાં જ્યોતિષ, આયુર્વેદ, વાસ્તુશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, સ્વરોદયશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, કામશાસ્ત્ર, વેદો અને વેદાંત આ બધા ગ્રંથો યોગ્ય સંતતિ પ્રાપ્ત કરવાના ઉપાયો બતાવે છે.

સારી સંતતિ માટે સારા માતા-પિતા હોવા જરૂરી છે. લોપામુદ્રા ઋગ્વેદનાં ઋષિકા છે. તેઓ અગસ્ત્યને તેની સાથે વિવાહ કરવા માટે વિનંતી કરે છે. અગસ્ત્ય મહાન ઋષિ હતા. આથી તેમનો વંશ સંસારને શુભ માર્ગે લઈ જાય એ હેતુથી લોપામુદ્રા અગસ્ત્યને ગૃહસ્થધર્મ માટે વિનંતી કરે છે.

ये चिद्धि पूर्व ऋतसाप आसन्त्साकं देवेभिरवदन्नृतानि ।
ते चिदवासुर्नह्यन्तमापुः समू नु पत्नीर्वृषभिर्जगम्युः ॥

અર્થાત્ પહેલાં જે સનાતન સત્યની સાધનામાં પ્રવૃત્ત ઋષિઓનાં સ્તરની વ્યક્તિઓ હતી. જે દેવોની સાથે સત્ય બોલતી હતી. તેમણે પણ સંતાનોત્પાદનનું કાર્ય કર્યું હતું. તેઓ બ્રહ્મચર્યમાં સ્થિર રહ્યા ન હતા. શ્રેષ્ઠ સંતાનોને પ્રાપ્ત કરવા માટે શ્રેષ્ઠ સમર્થ પુરુષોને પત્નીઓ ઉપલબ્ધ કરાવવામાં આવી. લોપામુદ્રા આ સૂક્તમાં નદીના પ્રવાહને રોપનારા સંયમથી ઉત્પન્ન શક્તિને સંતાનપ્રાપ્તિ માટે પ્રેરે છે. ઉત્તમ પુરુષો જ સુસંતતિને ઉત્પન્ન કરી શકે છે. માર્કંડેય પુરાણમાં ઋષિ પ્રજાપતિ સુયોગ્ય પત્ની મેળવવા માટે તપ કરે છે. (અ.-૯૨) ઋગ્વેદમાં ગર્ભવિજ્ઞાન અને સુખ પ્રસવના મંત્રો છે. અથર્વવેદમાં સુખ પ્રસવ માટેનો નીચેનો મંત્ર છે.

यथा वातो यथा मनो यथा पतन्ति पक्षिणः ।
एवा त्वं दशमास्य साकं जरायुणा पताव जरायु पद्यताम् ॥
(અથર્વવેદ ૧-૧૧-૦૬)

અર્થાત્ જેવી રીતે વાયુ વેગપૂર્વક વહે છે, પક્ષી જે રીતે વેગથી આકાશમાં ઊડે છે તેમજ મન જે રીતે તીવ્ર ગતિથી વિષયો તરફ જાય છે તે રીતે દશમા માસે ગર્ભસ્થ શિશુ જરાયુ (જેરી) સાથે ગર્ભથી મુક્ત બનીને

# શિક્ષણ સૃષ્ટિ

બહાર આવો... અથર્વા ઋષિ આ સૂક્તમાં ઊષા દેવને વિનંતી કરે છે કે તે પ્રસૂતાને મદદ કરે. પ્રસૂતા નારીના અંગોને ઢીલા બનાવે. પ્રસવશીલ માતાનો ગર્ભ નીચે તરફ પ્રેરાય અને બાળકનું સુખ પ્રસવ થાય. ઉપનિષદો સામાન્ય રીતે બ્રહ્મવિદ્યા કહેવાય છે. પરંતુ 'ગર્ભોપનિષદ' નામનું એક ઉપનિષદ છે તેમાં ગર્ભવિજ્ઞાન વર્ણવાયુ છે. આ ઉપનિષદમાં ગર્ભની ઉત્પત્તિ, વિકાસ અને બાળકના જન્મ સુધીની ચર્ચા છે. ગર્ભોપનિષદ સમજાવે છે કે ઋતુકાળમાં સ્ત્રીનાં સંપર્કમાં પુરુષ આવે ત્યારે શોહિત (લોહી) શુક્ર (વીર્ય) ના સંયોગથી પ્રથમ રાત્રે ગર્ભમાં ભ્રૂણ, કબલ, જલપદ (બિંદુ જેવો) બને છે. સાત રાત્રિ પછી બુદ્‌બુદ્ (પરપોટો) બને છે. પંદિર દિવસ પછી નાના દડા જેવો બને છે. એક માસ પછી તે કઠણ બને છે. બે માસ પછી મસ્તકનો એક ભાગ બંધાય છે. ચાર માસ પછી ડૂંટી, જઠર, કમર વગેરે ભાગોનો આકાર બંધાય છે. પાંચમે માસે ગર્ભની કમર એટલે કે કરોડરજ્જુની રચના થાય છે. સાતમે માસે જીવનો દેહ સાથે સંબંધ બંધાય છે. આઠમા માસે સર્વાંગ લક્ષણો પ્રાપ્ત થાય છે. નવા માસે ભ્રૂણનો પૂર્ણ વિકાસ થાય છે.

अप नवमे मासि सर्वलक्षण - ज्ञानकरण - सम्पूर्णो भवति ।
पूर्वज्ञातिं स्मरति, शुभाशुभं च कर्म विन्दति ॥ (ગર્ભોપનિષદ્ - ૩)

સંસ્કૃતશાસ્ત્રો માને છે કે, જો દંપતીના સંયોગ સમયે મન ઉદ્વિગ્ન હોય અથવા અનિચ્છાથી સંયોગ થયો હોય તો વિકૃતિવાળુ બાળક પેદા થાય છે. જો અયોગ્ય સમયે અથવા અપવિત્ર અવસ્થામાં સંયોગ થયો હોય તો પણ ગર્ભ પર તેની અસર થાય છે. દિતિએ સંધ્યા સમયે કામેચ્છા કરી તો તેણે... ને જન્મ આપ્યો. મમતા જ્યારે ગર્ભવતી હતી ત્યારે બૃહસ્પતિએ તેની સાથે બળજબરીથી સહશયન કરવાનું વિચાર્યું. તેથી અંધ બાળક દીર્ઘતમસ્‌નો જન્મ થયો. દિતિ એક વખત પગ ધોયા વિના સૂઈ ગઈ તેથી ઈન્દ્રે તેના ગર્ભમાં પ્રવેશીને ગર્ભના સાત ટૂકડા કર્યા. છતાં તે જીવતા રહ્યા. તેથી ૪૯ ટૂકડા કર્યા અને મરુતો જન્મ્યા. (ભાગવત પુરાણ સ્કંધ-૬)

આ બધી કથાઓ બાળકના ગર્ભકાળ દરમિયાન માતા-પિતાની પવિત્રતા અને તેમના યોગ્ય આહાર-વિહાર પર ધ્યાન કેન્દ્રિત કરાવે છે. આજના વૈજ્ઞાનિકો સ્વીકારે છે કે, બાળકને ગર્ભમાંથી જ સંસ્કારોનું સિંચન થાય છે. આથી ગર્ભસ્થાપન સમયના મંત્રો પણ છે જેમ કે -

'गर्भं धेहि सिनीवालि गृभ धेहि सरस्वति ।
गर्भं ते अश्विनोभा धत्तां पुष्करस्त्रजा ॥ (અથર્વવેદ ૫-૨૬-૩)

હે સિનીવાલી ! હે સરસ્વતી ! હે અશ્વિનો ! આપ ગર્ભને ધારણ કરો. કમળની માળા પહેરેલા અશ્વિનો દેવોના વૈદ્યો છે. તેઓ ગર્ભનું રક્ષણ કરે. પ્રજાપતિ શ્રેષ્ઠ રૂપવાળા સંતાનની સ્થાપના કરે. (અથર્વવેદ ૫-૨૬-૩) એવી સુંદર પ્રાર્થના કરવામાં આવી છે. પ્રાચીનકાળથી જ ઋષિ મુનિઓના પુત્રો ઉત્તમ જ્ઞાન ધરાવતા હતા. શુકદેવજી તો ગર્ભજ્ઞાની તરીકે જાણીતા છે. પરંતુ, છેક ઋગ્વેદમાં વામદેવ ગૌતમ નામના ઋષિ ગર્ભજ્ઞાની હતા. તેમણે પોતે જ એક આવા મંત્રનું દર્શન કર્યું છે.

ગર્ભજ્ઞાની વામદેવ ગૌતમ ઋષિ કહે છે કે -

गर्भे नु सन्नन्वेषामवेदमहं देवानां जानिमानि विश्वा ।
शतं मा पुर आयसी ररक्षन्नध श्येनो जवसा निरदीयम् ॥

(ઋગ્વેદ ૪-૨૭-૧)

અર્થાત્ મેં ગર્ભમાં રહીને જ ઈન્દ્રાદિ દેવતાઓને સારી રીતે જાણી લીધા હતા. સેંકડો લોઢાના નગરોએ મારી સુરક્ષા ગર્ભાવસ્થામાં કરી હતી. હું પછી શ્યેન (બાજ) પક્ષીની જેમ વેગપૂર્વક બહાર નીકળી આવ્યો હતો. ગર્ભાવસ્થામાં મન મોહ વગેરે દોષો પ્રભાવિત કરી શક્યા ન હતા.

મહાભારત આદિપર્વમાં કહોડ અષ્ટાવક્રની કથામાં પણ ગર્ભજ્ઞાની અષ્ટાવક્રની કથા આવે છે. શુકદેવજી પણ ગર્ભજ્ઞાની હતા. મનસ્મૃતિ વગેરે ધર્મશાસ્ત્રોમાં, આયુર્વેદ અને કામશાસ્ત્રમાં વર-કન્યાની પસંદગીનાં ધોરણો આપવામાં આવ્યાં છે. વાત, પિત અને કફ પ્રકૃતિવાળા સ્ત્રી-પુરુષોમાં કોણ કેવી પસંદગી કરવી એ સમજાવાયું છે.

સ્વરોદયશાસ્ત્ર મુજબ પુરુષની પિંગલા નાડી પ્રભાવક હોય છે. પિંગલા નાડી સૂર્યનાડી છે. સ્ત્રીઓમાં ઈડા નાડીનું પ્રભુત્વ હોય છે. ઈડા ચંદ્રનાડી ગણાય છે. જો પતિ-પત્ની બંનેની સૂર્યનાડીમાં શ્વાસનો સંચાર થતો હોય તો પુત્રપ્રાપ્તિ થાય છે. જો સ્ત્રી-પુરુષ બંનેમાં ચંદ્ર સ્વર પ્રધાન હોય તો કન્યાની પ્રાપ્તિ થાય છે. એ સૂર્ય-સ્વર કે ચંદ્ર સ્વરને બદલે સુષુમ્ણામાં સ્વરનો સંચાર હોય તો કાં તો કદરૂપાં અથવા નપુંસક બાળકો પેદા થાય છે. આથી જ ઋષિમુનિઓએ વેદોમાં ગર્ભધારણ-પોષણ-સંવર્ધન અને બાળકોના રોગો અને વૃદ્ધિને લગતા મંત્રોનું દર્શન કર્યું છે.

પુત્ર પ્રાપ્તિ માટે પૌરાણિક મંત્ર પણ પ્રાપ્ત થાય છે -

ब्रह्मा बृहस्पतिर्विष्णुः सोमः सूर्यस्तथाऽश्विनौ ।
भगोऽथ मित्रावरुणौ वीरं ददतु मे सुतम् ॥

કૌષીતકિ બ્રાહ્મણ ઉપનિષદમાં સંતાન પ્રાપ્તિ માટે મંત્રોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. પ્રસ્વાપિની ઉપનિષદ્ (ઋગ્વેદ-૭-૫૫) તરીકે જાણીતા મંત્રો બાળકોને સુવડાવવા માટે હાલરડાં જેવા છે. 'नि. षु स्वप्' શબ્દો વારંવાર બોલીને જાણે બાળકને સંમોહિત કરવાના મંત્રો છે.

ચરકસંહિતાના 'જાતિસૂત્રીય શારીર અધ્યાય' અધ્યાય-૮માં સુસંતતિ માટેની વય, સમય, ભોજન વ્યવસ્થા વગેરેની માહિતી છે.

ચરકસંહિતામાં સંતાન-પ્રાપ્તિ માટેનો મન્ત્ર છે -

अहिरसि आयुरसि सर्वत्र प्रतिष्ठाऽसि धाता त्वां दधातु
विधाता त्वां दधातु ब्रह्मवर्चसा भव ।

અર્થાત હે ગર્ભ, તું સૂર્ય સમાન તેજસ્વી, તું દીર્ઘ આયુષ્યવાળો, તું સર્વ સ્થાને પ્રતિષ્ઠા પામનાર થા. ધાતા - સર્વના પોષક ઈશ્વર તને ધારણ કરે, વિધાતા રક્ષણ કરે. ચરકસંહિતા આ જાતિસૂત્રીય શારીર અધ્યાય આઠમાં બાળ જન્મ વિશે સુંદર માહિતી આપવામાં આવી છે. સુસંતતિ માટે વય, સમય, ભોજન વ્યવસ્થા વગેરેનો વિચાર કરવામાં આવ્યો છે.

# શિક્ષણ સૃષ્ટિ

ચરકમુનિ સ્પષ્ટ કહે છે કે જો સ્ત્રી માનસિક કે શારીરિક રીતે અસ્વસ્થ હોય કે તેની અનિચ્છા હોય તો તેની અસર સંતતિ પર થાય છે.

तत्रात्यशिता क्षुधिता पिपासिता भीता विमनाः शोकार्ता क्रुद्धाऽन्यं च पुमांसमिच्छन्ती
मैथुनं वातिकामा वा न गर्भं धत्ते विगुणां वा प्रजां जनयति ।

ભૂખ, તરસ, ભય, મન અન્યત્ર હોવું. શોક, ક્રોધ કે કોઈ અન્યને પ્રેમ કર્યો હોય અથવા ઈચ્છા ન હોય ત્યારે ખોડખાપણ વાળા અથવા ગુણ વગરના દુષ્ટ બાળકો જન્મે છે. ચરકસંહિતામાં શયનખંડની વ્યવસ્થા ભોજન વગેરેનો પણ સૂચન છે.

**બાળક કેળવણી :**

અથર્વવેદમાં બાળ કેળવણી વિશે ખૂબ સુંદર વિચારો પ્રાપ્ત થાય છે. આચાર્યો બ્રહ્મચારીને ત્રણ રાત્રિ સુધી પોતાના ગર્ભમાં રાખે છે એવું કહેવાય છે. (અથર્વવેદ - ૧૧.૭)

અહીં ગર્ભ એટલે અજ્ઞાનરૂપી અંધકાર એવો અર્થ કરવાનો છે. જેમ ગર્ભસ્થ બાળકનું માતા પાલનપોષણ અને સંવર્ધન કરતી હોય એમ ગુરુ પણ શિષ્યને જ્ઞાનરૂપી ગર્ભમાં પાળી પોષી અને તેનો આધ્યાત્મિક અંધકાર દૂર કરે છે. આ સૂક્તમાં કહેવાયું છે કે આચાર્ય મૃત્યુ છે, વ્રુણ છે, સોમ છે, ઔષધિઓ છે. પય એટલે કે પાણી છે અને મેઘ છે. અર્થાત્ આચાર્ય શિષ્યની અવિદ્યાનો ક્ષય કરે છે એ રીતે મૃત્યુ છે, તેને સત્યવાદી બનાવે છે એટલે વ્રુણ છે. જેમ ચંદ્ર વનસ્પતિમાં રસનું સિંચન કરે છે તેમ સંસ્કારોનું સિંચન કરે છે. જેમ ઔષધિઓ રોગોની સારવાર કરે છે તેમ ગુરુ શિષ્યના શરીર અને મનના રોગો દૂર કરે છે. જેમ વાદળાંઓ પૃથ્વીનો સંતાપ દૂર કરે એમ ગુરુ પણ શિષ્ય પર બ્રહ્મચર્યથી જ રાજા રાષ્ટ્રનું રક્ષણ કરી શકે છે. બ્રહ્મચર્યથી કન્યા યોગ્ય પતિને મેળવે છે. આ રીતે આચાર્ય શિષ્યને વિદ્યા સાથે સંસ્કારો પણ આપતા હતા. બ્રહ્મચારી નજીકના ગામમાં ભિક્ષા માગવા જતો ત્યારે તેને સમાજના વિવિધ વર્ગોનો પરિચય થતો સત્ય તપ બ્રહ્મચર્ય વગેરેનું કેળવણીમાં ખૂબ મહત્ત્વ હતું. ઉપનિષદોમાં સમિત્‌પાણિ એવો શબ્દ વપરાયો છે. અર્થાત્ ગુરુ પાસે નમ્રતાપૂર્વક જવું જોઈએ. વિનય વગર વિદ્યા ન જ આવે એવું શાસ્ત્રકારો માનતા હતા. યજુર્વેદમાં રુદ્ર અષ્ટાધ્યાયી તરીકે જાણીતા અધ્યાયોમાં જાણે કે ગણિત સમાજશાસ્ત્ર વગેરે અનેક વિષયોનું જ્ઞાન હોય એવું લાગે છે.

ઋષિ સર્વત્ર રુદ્રના દર્શનકર્તા કહે છે કે - સમગ્ર સમાજમાં રાજા સેનાપતિઓ, સૈનિકો અને કારીગરો સર્વત્ર બધામાં રુદ્ર છે. આથી હું બધાને પ્રણામ કરું છું. આ મંત્રોમાં સુથાર, કુંભાર, લુહાર, શિકારીઓ, પક્ષી પકડનારાઓ, રથ બનાવનારાઓ, રથ ચલાવનારાઓ રથના અધિપતિઓ, બાળકો, ચોર, લૂંટારાઓ, કૂવા, તળાવ, વર્ષા, પવન, વૃક્ષો, વાવાઝોડાં વગેરે સર્વવસ્તુઓનું જ્ઞાની આવી ગયું છે.

આ મંત્રોમાં ઓજસ અંગ અસ્થિ વગેરે શરીરનાં અંગો ચોખા, જવ, અડદ, તલ, મગ, ઘઉં, મસૂર, પત્થર, માટી, ડુંગર, સોનું, રૂપું વગેરે ધાતુઓ ગાયો, ઘોડાઓ, ઝવેરાત વિવિધ પ્રાણીઓ આ બધી જ વસ્તુના ઉલ્લેખ સૂચવે છે કે બાળકોને મંત્ર દ્વારા સમાજને જીવનજરૂરી જ્ઞાન અપાતું હતું. યજુર્વેદમાં જ ગણિતનું શિક્ષણ પણ કેવી રીતે થતું હતું તે અઢારમાં અધ્યાયમાં શિખવા મળે છે જેમ કે -

एका च मे तिस्रश्च मे पञ्च च मे सप्त च मे नव च मे ।
एकादश च मे त्रयोदश च मे पञ्चदश च मे.... ॥

આ મંત્રોમાં એકી સંખ્યા બેકી સંખ્યા વગેરે શિખવાડવામાં આવી છે. યજુર્વેદના એક સૂક્તમાં અગ્યારમો ઘડિયો પણ પ્રાપ્ત થાય છે. આ રીતે બાળકો મંત્રો ગાતા ગાતા સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ખેતીવાડી, આયુર્વેદ, રાજ્યશાસ્ત્ર અને જીવન જીવવાની કલાનું જ્ઞાન મેળવતા હતા.

ગુરુમુખે વિદ્યા ભણવાથી સ્પષ્ટ ઉચ્ચાર વાણીનો આરોહ અને અવરોંદ્ધ, હ્રસ્વ દીર્ઘ વગેરે સ્વરો અને શબ્દોના અર્થો વિદ્યાર્થીઓને આવડતા. પ્રશ્ન અને ઉત્તરની પદ્ધતિ શિક્ષણની પ્રાચીન પદ્ધતિ છે. વેદોથી આ પદ્ધતિનો પ્રારંભ થયો છે જેમ કે -

कस्त्वा युनक्ति स त्वा युनक्ति । कस्मै त्वा युनक्ति तस्मै त्वा युनक्ति ॥
(યજુર્વેદ ૧-૬)

અર્થાત્ તને કોણ (આત્મા સાથે કે જીવન સાથે) જોડે છે ? તે પરમાત્મા તને જોડે છે. તને કોની સાથે (વિદ્યા) જોડે છે ? વિદ્યા તમને પરમેશ્વર સાથે જોડે છે. આ રીતે ગુરુ અને શિષ્ય વચ્ચે સંવાદ થતો - ગુરુઓ શિષ્યોને વિવિધ ઉદાહરણો આપીને વાત સમજાવતા શિષ્યને શંકા થતી તો તેનું નિવારણ કરવામાં આવતું. પ્રશ્નોપનિષદ, બૃહદઆરણ્યક ઉપનિષદ વગેરેમાં આ શૈલી જોવા મળે છે. શિષ્યોમાં ઉચ્ચ ચારિત્ર્ય ઘડતર થાય તે માટે ગુરુ પણ વિદ્યાવાન અને ચારિત્ર્ય સમ્પન્ન હોય તેવું અધ્યયનનું ક્ષેત્ર હતું. ઈશાવસ્ય ઉપનિષદનો પ્રથમ મંત્ર तेन त्यक्तेन भुञ्जीथाः मा गृधः कस्यस्विद् धनम् । આ પ્રથમ મંત્રમાં જ ગુરુ કેવો સુંદર ઉપદેશ આપે છે તે સમજી શકાશે.

વ્યાખ્યાનના છ પ્રકારો છે એટલે કે વ્યાખ્યાનમાં છ વસ્તુઓનું ધ્યાન રાખવું જોઈએ એવું કહેવાયું છે.

पदच्छेदः पदार्थोक्तिर्विग्रहो वाक्ययोजना ।
आक्षेपोऽथ समाधानं व्याख्यानं षड्विधं स्मृतम्
(प्राचीन भारतीय शिक्षण पद्धति – १)

(૧) શબ્દને જુદા પાડવા. (૨) પદાર્થને બરોબર સમજાવવો. (૩) શબ્દોને જુદા જુદા પાડીને સમજાવવા. (૪) શબ્દનો વાક્યપ્રયોગ કરીને સમજાવવો. (૫) આક્ષેપ એટલે શંકા વ્યકત કરવી. (૬) સમાધાન કરવું.

આ રીતે પ્રાચીન ભારતીય કેળવણીમાં શરીર, મન, બુદ્ધિ અને ચારિત્ર્યનો પણ વિચાર કરવામાં આવ્યો છે. ■

મો. ૭૮૭૪૫ ૩૨૨૨૫

## શિક્ષણ સૃષ્ટિ



**પ્રફુલ્લ કાનાબાર**
સુપ્રસિદ્ધ લેખક, નવલિકાઓ, નવલકથા, લઘુનવલકથાના સર્જક, અનેક માન-સન્માન અને એવોર્ડથી વિભૂષિત

# જીંદગી લીંબુ - ચમચીની રેસ જેવી છે

દોડતી વખતે ચમચીમાંથી લીંબુ પડી જાય તો તમે આઉટ થઈ જાવ છો અથવા તો લીંબુ પડી ગયા બાદ દોડીને આગળ આવી જાવ તો પણ એનો કોઈ અર્થ રહેતો નથી. અહીં લીંબુ એટલે સ્વાસ્થ્ય અને સબંધો.

પૈસા કે કરિયર પાછળની દોડમાં જો તંદુરસ્તી અને સબંધો પાછળ છૂટી જતા હોય તો બે ઘડી અટકીને વિચારવું જરૂરી બની જાય છે કે આખરે આ દોડનો શું અર્થ છે?

જીવનમાં પૈસો અને કરિયર ખૂબ જ મહત્વના છે, પરંતુ સર્વસ્વ નથી.

બેન્જામીન ફ્રેન્કલીને કહ્યું છે જ્ઞાનમાં કરેલું રોકાણ સૌથી વધારે વળતર આપે છે. જ્ઞાનને બહોળા અર્થમાં જોઈએ તો જ્ઞાન એટલે માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં પરંતુ ડીગ્રી ઉપરાંત જિંદગીના સારા નરસાં અનુભવોમાંથી મેળવેલું જ્ઞાન ધારો કે કોઈક જગ્યાએ એક વાર છેતરાયા હોઈએ તો બીજી વાર સતર્ક રહીએ તો એ પણ અનુભવોમાંથી મેળવેલું જ્ઞાન જ કહેવાય.

દેશ હોય કે વિદેશ, આજે મોટી ઉંમરના લોકોમાં એકલતાની ફરિયાદ સૌથી વધારે જોવા મળે છે. એકલતાનો સામનો જીવનના કોઈને કોઈ પડાવ પર કરવાનો જ છે એ તૈયારી સાથે જીવનાર વ્યક્તિ ક્યારેય ડીપ્રેશનમાં આવતી નથી.

થોડા સમય પહેલા એક મનોચિકિત્સકે કહ્યું હતું કે વધુ પડતા લાગણીમાં આવી જતા માણસો જ એકલતાથી અકળાઈને હતાશામાં ગરકાવ થઈ જતા હોય છે. જાડી ચામડીના માણસને ક્યારેય અમારી ટ્રીટમેન્ટની જરૂર પડતી નથી.

“જાડી ચામડીના માણસ” શબ્દ એ મનોચિકિત્સકનો છે. આ પ્રકારનો શબ્દ મને યોગ્ય લાગતો નથી. હું માનું છું કે મજબુત મન વાળા માણસો ભાગ્યે જ



ડીપ્રેશનનો ભોગ બનતા હોય છે. દરેક લાગણીશીલ માણસે અપેક્ષાઓના ઘોડાપુરમાં તણાયા વગર એના મનને મજબુત બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જરૂરી છે.

મહીને છ આંકડામાં પગાર મેળવતા યુવાનો પૈસા અને કરિયર પાછળ દોડે એમાં કાંઈ જ ખોટું નથી કારણ કે આ ઉંમરે નહી દોડે તો ક્યારે દોડશે ? જોકે પેલી લીંબુ ચમચીની રેસ વાળી વાત યાદ રાખીને દોડશે તો જીવનમાં પૈસાની સાથે સ્વાસ્થ્ય અને સંબંધોનું પણ બેલેન્સ ચોક્કસ જાળવી શકશે.

નિવૃત્તિ બાદ પૈસા કમાવાનો ગોલ ન હોય તો પણ સક્રિય રહેવાનો સૌથી મોટો ફાયદો એ થાય છે કે મન અને તન સ્વસ્થ રહે છે. નિવૃત્તિ બાદ આપણા સુખનો આધાર માત્ર બેંક બેલેન્સ કે શેર બજારના ઈન્ડેક્સ પર આધારિત હોય તો આત્મ-મંથન જરૂરી બની જાય છે. ખરેખર તો જીવનના આ પડાવ પર આપણી પાસે એક કે બે એવા અંગત કહી શકાય તેવા જૂના મિત્રો હોય, જેની પાસે આપણે આપણી જાતને સંપૂર્ણ પણે વ્યક્ત કરી શકીએ તો ખરેખર સમૃદ્ધ છીએ.

તગડું પેન્શન મળતું હોવા છતાં જો આર્થિક અસલામતી લાગતી હોય તો નવરાશની પળોમાં એક આંટો ગરીબીની રેખા નીચે જીવતા લોકોની ચાલીમાં મારી આવવો હિતાવહ છે. દુનિયામાં કરોડો લોકો એવા છે, જેમને એક ટંક પેટ ભરીને જમવા માટે ભારે સંઘર્ષ કરવો પડે છે. એ ગરીબ લોકો પાસેથી શીખવા જેવી મહત્વની વાત એ જ છે કે આંખમાં આંસુ સાથે ફરિયાદ વગર ખુદની મસ્તીમાં જીવી શકાય છે! ■

(મો.) ૯૯૨૫૬ ૬૫૬૦૫


उन्नति
सबमर्सिबल पम्प
Unnati
Since 1969
SUBMERSIBLE PUMP
"Together we can do it
Together we have always done it"
CE
Unnati Pumps Private Limited
81, Amarnath Industrial Estate, Opp. Shayona Estate, Naroda Road, Ahmedabad - 380025. Gujarat, INDIA. Phone : 079-22203434 / 0128
Email : sales@unnatipumps.com Website: www.unnatipumps.com

નારી સૃષ્ટિ



**શ્રીમતી ગીતા ઉનડકટ**
નારીવાદી લેખિકા, રાજકોટ

# કુટુંબમાં સ્ત્રીની વિશિષ્ટ ભૂમિકા

સમાજ પછી મહત્ત્વનું સ્થાન એ કુટુંબ છે. આપણા કુટુંબમાં આદિકાળથી સ્ત્રીઓને અનેરું મહત્ત્વ આપવામાં આવ્યું છે. સ્ત્રી એ કુટુંબનો પાયો છે. કોઈ વિશાળ ઈમારતમાં પાયાની ઈંટનું જે સ્થાન છે, જે મહત્ત્વ છે, એ જ સ્થાન અને મહત્ત્વ કુટુંબમાં સ્ત્રીનું છે. સ્ત્રી એ પરિવારનો પ્રાણ છે. જેના લીધે પરિવારનું દરેક અંગ ધબકતું રહે છે. સ્ત્રી એ પરિવારનું અણમોલ આભૂષણ છે. જેના લીધે પરિવારની શોભા, પરિવારની શાનમાં અભિવૃદ્ધિ થાય છે. માટે જ જો સ્ત્રી સર્વગુણ સંપન્ન હોય તો કુળનું નામ રોશન કરે અને કુટુંબની ઈજ્જત તથા આબરૂ વધારે છે. જો સ્ત્રીમાં જ સારા સંસ્કાર હોય તો એ કુટુંબમાં આવે છે અને કુટુંબમાંથી પછી સમાજમાં આવે છે.

મા-બાપની લાડકી દીકરી પિયરિયાની માયા-મમતા છોડીને સાસરે આવે છે અને શરૂ થાય છે એના જીવનની અતિ મહત્ત્વની પત્નીની ભૂમિકા. લગ્ન પહેલાંની હસતી-રમતી અલ્લડ દીકરીના બદલે હવે લગ્ન પછી એક ધીર ગંભીર અને જવાબદાર વહુ બને છે. જેની શરૂઆત જ ત્યાગથી થાય છે. પુરુષોને આવો ત્યાગ કરવો પડતો નથી. મા-બાપ પોતાની ફૂલ જેવી કોમળ દીકરીને ફક્ત શ્રદ્ધા અને વિશ્વાસના સહારે કોઈ અજાણ્યા હાથમાં સોંપી દે છે એ જ આશાએ કે આ ફૂલ એની ફોરમ ફેલાવતું રહેશે અને પિયરના આંગણે ફૂલેલ-ફાલેલ એ છોડ ઉખાડીને સાસરિયે અજાણી જમીનમાં રોપવામાં આવે છે. જેનો કોઈ અંદાજ નથી હોતો કે એ છોડની માવજત કોણ કેટલા સ્નેહથી કરશે!

આ છે સ્ત્રીઓનું જીવન ! જેને ત્યાગમૂર્તિ કહેવામાં આવી છે. આટલું સમાધાન સ્ત્રીઓને જ કરવાનું હોય છે. સ્ત્રીને પરણ્યા પછી તો પરિવાર, પરિવારનું વાતાવરણ, સમાજ, શહેર, જૂના સંબંધો



બધું જ બદલાઈ જાય છે. દીકરી મટીને વહુ બની જાય છે. લોહીના સંબંધો ભૂલવા પડે છે અને લાગણીના સંબંધો વિકસાવવા પડે છે. સાસરિયામાં વહુની એક અગત્યની ભૂમિકા હોય છે. હવે તે સાસુની વહુ અને પતિની પત્ની બને છે. દૂધમાં સાકરની જેમ બધાં સાથે હળીમળીને રહેવાનું હોય છે. બીજાનો ખ્યાલ રાખવાની જવાબદારી

**[ સ્ત્રીને ત્યાગમૂર્તિ કહીને આપણે એને સુખથી દૂર રાખી છે. ]**

નિભાવવાની હોય છે. ઘરની દરેક વ્યક્તિને વહુ પાસેથી આશા હોય છે, બધાની આશા પૂરી કરવાની હોય છે. સ્નેહ અને સહનશીલતા રાખી બધાના દિલમાં પોતાનું સ્થાન બનાવવાનું હોય છે. આપણા સમાજમાં બધી જ સ્ત્રીઓ આ બધું જ કરી શકે છે.

ખરેખર કુટુંબમાં સ્ત્રી પોતાની વિશિષ્ટ ભૂમિકાથી કુટુંબના દરેક સભ્યોના દિલ જીતી લે છે. સ્નેહ અને પ્રેમથી બધા માટે કંઈક કરી છૂટવાના ભાવથી પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દે છે. પોતાના ગુણોથી ઘરને સ્વર્ગ જેવું બનાવી દે છે. એક આદર્શ વહુ બનીને ઘરમાં સુખ-શાંતિથી રહે છે. અને પરિવારના દરેક સભ્યો પણ તેને ખરા દિલથી અપનાવે છે. પરિવારના વડીલો પુત્રવધૂને પુત્રી માનીને અંતરના ઉમળકાથી આવકારે છે અને આ પારકી દીકરી પોતાની બની જાય છે. કુટુંબનો સંસાર સાગર સુખથી છલકાઈ જાય છે. ખરેખર સ્ત્રી વગર સમાજ કે કુટુંબ શક્ય જ નથી. ■

**સ્ત્રી એ પરિવારનું અણમોલ આભૂષણ છે.**

नारी सृष्टि



**ડૉ. ભાવેશ જેતપરિયા**
કવિ, લેખક, સંશોધક અને પૂર્વ પ્રોફેસર
જે. એ. પટેલ મહિલા કોલેજ, મોરબી

# ‘મા’ એટલે મમતાનો ઝૂલો

‘મા’ વિશે લખવા બેસીએ તો ભીતરનું શબ્દ ઝરણું અખૂટ વહ્યાં કરે. ‘મા’ એટલે વાત્સલ્યની સરિતા, પ્રેરણાની મૂરત, ભીની માટીની મ્હેક, વાસંતી લહેર, આશાઓનું ઝરણું, માતાનો મહિમા કરતાં કહેવાયું છે કે જે કર ઝુલાવે પારણું તે જગ પર શાસન કરે. માતા પ્રેમની ગંગા છે. સાક્ષાત્ પ્રેમની મૂરત છે. પહેલાં મરઘી કે ઈંડું ? એ રહસ્ય પોતાની પાસે રાખીને ઈશ્વરે પ્રેમનું સર્જન કરવા માટે જ જનેતાનું સર્જનું કર્યું કેમ કે માતા સુખનો સાગર છે. મુકુલ ચોક્સી સરસ કહે છે :

મનમાં જે રુવે છે તે મા હોય છે. ડાઘ જે ધૂએ છે તે મા હોય છે.
આવનાર કોઈ ન હોય તે છતાં, રાહ જે જુએ છે તે મા હોય છે.
આખા ઘરને પ્રેમથી ઊંઘાડ્યા બાદ, અંતે જે સૂવે છે તે મા હોય છે.

માતૃત્વ નારીમાં જન્મજાત હોય છે. એની પાઠશાળા ખોલવાની જરૂર નથી. ઢીંગલીને રમાડતી, સાચવતી, બાળકીમાં અનાયાસ પ્રગટ થતું માતૃત્વ દેખાશે. માતા હોવું એ અનન્ય અનુભવ છે. પરિવારમાં માતાનું સ્થાન સૌથી શ્રેષ્ઠ છે. સવારમાં ઊઠે અને બાળક સ્કૂલે જવા બારણે ટાટા કરે ત્યાં સુધીમાં કરેલા કામને જુઓ તો વીસભૂજાળી જોગમાયા લાગે છે. વિધવા અભણ મા પોતાના સંતાનને દુનિયાનું સર્વશ્રેષ્ઠ મનુષ્ય બનાવવા સંસ્કારોનું સિંચન કરે છે. માના ખોળામાં બેસનારના ચહેરાની ચમક અલગ હોય છે એટલે જ શાસ્ત્રોમાં જો કોઈને પ્રથમ ગુરુ કહ્યા હોય તો એ માતા છે. માતાની આંગળી અભય છે. સામે સિંહ આવતો હોય અને મા પાસે હોય તો માનો પાલવ કવચ બની જાય છે. માનાં હૈયે મમતાના અખૂટ કુંભ ભરેલ હોય છે.

માતાને ખરા દિલથી વંદન કરી, ચરણરજ લઈ માની દૂવા સાથે કોઈ કામ આદરો એટલે ફતેહ નિશ્ચિત છે. માના આશિષ રક્ષાકવચ બનીને સતત ચોકી પહેરો કરે છે. એક ઉર્દૂ શાયર અઝીઝ માની દૂવા વિશે યોગ્ય જ કહે છે :

નદી કે પાસ ઘર હૈ ગમો કો પાલા હૈ,
ખબર મિલી હૈ કિ સૈલાબ આનેવાલા હૈ;
કોઈ બલા ભી મેરે પાસ આ નહીં શકતી,
કે મેરી માને બલાઓમેં મુઝકો પાલા હૈ,
મૈં બચ ગયા તો કોઈ હેરતકી બાત હી નહીં;
યે મેરી મા કી દુવા હૈ કિ હાદસે ટલ જાતા હૈ.

‘મા’ એટલે ભાવની ચરમસીમા, મમતાનો ઝુલો, હૃદયનું સંગીત, વડલાની છાયા, અમૃતકુંભ, પરિવારની માળાનો દોર અને મેર, સંસારની સૂત્રધાર, જીવનનું સંગીત, વહાલનું વહેણ, અદ્‌ભૂત ઊર્જાનો ખજાનો, સુવાસિત ફૂલનો ગજરો, ત્યાગની મૂર્તિ, સમર્પણનું સંગીત છે એટલે ‘મા’ જનની છે. જનેતાનું ઋણ ક્યારેય ચૂકવી શકાય તેમ નથી. સંસારમાં માતા અજોડ છે.

મા જનેતા છે. નવ નવ માસ ગર્ભધારણ કરનારી, જન્મ-મરણરુપી તલવારની ધાર પાર કરનારી, જણતા જોર કરનારી મા છે. એ બાળકને જન્મ આપીને છૂટી નથી જતી એને પોતાનું સર્વસ્વ નીચોવીને, અમીયલ ઘૂંટ પાઈને લાલનપાલન કરે છે. જીવનનું સુયોગ્ય ઘડતર કરનારી, સાચી સમજ આપનારી, પોતાનાં સુખનો ભોગ આપનારી, કષ્ટો વેઠીને બાળકની માવજત કરનારી જનેતા વિશે કવિ દલપતરાયે યોગ્ય જ કહ્યું છે કે :

મને દુઃખી દેખી દુઃખી કોણ થાતું, મહા હેતવાળી દયાળી જ મા તું.
સૂકામાં સુવાડે ભીને પોઢી પોતે પીડા પામું પડે તજે સ્વાદ તો તે

જગતમાં વ્યાપક રૂપે જોઈએ તો માતૃત્વ જીવસૃષ્ટિમાં વ્યાપક રૂપે છવાયેલું જોવા મળે છે. ચકલીના માળામાં રહેલાં બચ્ચાંઓને મોમાંથી ચણ આપતી કે કાગડાની નજરથી બચાવતી ચકલી હોય, તાજાં અવતરેલા મઢુલીમાં રહેતાં કુરકુરિયાનું જીવથી જતન કરતી કે બધાં જ આંચળને વળગી રહેલા બચ્ચાંઓને પયપાન કરાવીને રખેવાળી કરતી કૂતરી હોય, ભીખારણે પોતાની કૂણી કાંખે તેડેલ બાળકને માટે ભીખ માગતી, પ્રથમ ભીખનું બટકું બાળક તરફ વાળતી ભીખારણ હોય. તમામના સંતાનો સમાન વાત્સલ્ય મેળવે છે.

‘મા’ નો મહિમા કરતી કેટલી કહેવતો અને સુવિચારો મળે છે. એમાં ખરેખર માનું યથાર્થ દર્શન મળે છે. મા તે મા બીજા બધા વગડાના વા. એક મા સો શિક્ષકની ગરજ સારે. ગોળ વિના સૂનો કંસાર, મા વિના સૂનો સંસાર. માતાનું હૃદય બાળકની પાઠશાળા છે. માતા એ એવી ઋતુ છે જેને કદી પાનખર ન આવે, માતા જીવનરૂપી યુનિવર્સિટીના કુલગુરુ છે. માતા એ ઈશ્વરની અમૂલ્ય ભેટ. માતા વગરનું બાળક એટલે સાંકળ વગરનો દરવાજો. એ વાક્યોમાં જરાય અતિરેક નથી. માનો મહિમા યોગ્ય રીતે જ કર્યો છે.

માતા પાસે સંતાનનાં જન્મનું અને જીવાડવાનું રહસ્ય છે. બાળક બગલમાં સૂતું હોય અને ઊંઘ લેતી માતા પોતાના આંતરચક્ષુથી બાળકને જોયા કરે છે. જીવનરૂપી હાલરડાંની દોરી કે આયુષ્યની દોરી માતા પાસે છે. શાસ્ત્રોનો સાર, સંસારનો સાર, જીવતરનો સાર માતા છે.

પોતાનાં અસ્તિત્વનું સર્વસ્વ અર્પણ કરનાર માની વાત કરવાની હોય ત્યારે આધુનિક મોર્ડન મોમને યાદ કરવી અસ્થાને છે. કે સ્કૂલ અને ટ્યુશનમાં ધકેલી દેવામાં, યુનિફોર્મથી જ સપનાં આંજવામાં, બજારું વસ્તુ તરફ વાળવામાં, પારણિયામાં ઓડિયો વગાડીને હાલરડાંથી બાળકને સૂવાડવામાં બહું મોટું જોખમ છે. બાળકનો ભાવકોષ સમૃદ્ધ કરવા માટે

# નારી સૃષ્ટિ

માતામાં કાબેલિયત હોય છે. ટી.વી. જોવામાં, મોબાઈલ પર સમય પસાર કરવામાં શરીર સૌષ્ઠવ જાળવી રાખવામાં, ચહેરાનો રંગ જાળવી રાખવામાં, પ્રેમનું ઝરણું ઠીંગરાઈ ન જાય.

પિતાની ગેરહાજરીમાં માતા નાનાં બાળકોને જતનથી ઉછેરીને ડાળે વળગાડવા કાળી મજૂરી કરવા તત્પર રહેશે. બાળકને શિવાજી કે લવકુશ બનાવવાની ક્ષમતા માતામાં છે. માતાનાં અવસાન સમયે બાળકો નાના હોય તો વિધુર પુરુષ બીજું ઘર કરી લે તો સ્વાભાવિક છે. એટલે ‘કોઈની મા ના મરજો’ એવું કહેવાયું છે. પિતા પાસેથી પિતૃત્વની અપેક્ષા ફળીભૂત થાય પણ માતા મા-બાપ ઊભયનું વાત્સલ્ય છલકાવે છે. કપાતર પુત્રના મા-બાપ વૃદ્ધાશ્રમમાં રહેતા હોય, બાપ દીકરા પ્રત્યે આક્રોશ ઠાલવશે પણ માતા કદી બૂરું બોલશે નહિ, વિચારશે પણ નહિ.

માતા ત્યાગ અને સૌજન્યની મૂરત છે. આઠ બાળકોની માતા હોય કે એકના એક સંતાનની ! માતાને મન એનું પ્રત્યેક બાળક કાળજાંનો કટકો જ હોય છે. માતા ગરીબ ઘરની હોય કે શ્રીમંત ઘરની એનાં વાત્સલ્યનું ઝરણું તો અખૂટપણે વહે છે. બાળક બુદ્ધિશાળી હોય કે મંદબુદ્ધિ માતાને મન કોઈ ભેદ હોતો નથી. મા એક એવી બેંક છે જ્યાં તમે બધા દુઃખ જમા કરાવી શકો છો. બાળકનાં સુખે સુખી અને દુઃખે દુખી થનારી મા અણમોલ સંજીવની મૂડી છે. માતા પ્રેમની પૂતળી છે અને ઈશ્વરનું બીજું રુપ છે. એક કવિએ યોગ્ય જ કહ્યું છે :

જજ્બાત અલગ છે, પણ વાત તો એક જ છે ને !
તેને મા કહું કે ભગવાન, વાત તો એક જ છે ને !

મા પૂજનીય દેવી છે. માતૃભક્તોએ બીજા કોઈ વિધિવિધાન કરવાની જરૂર નથી. માનાં હૈયે મમતાના અખૂટ કુંભ ભરેલાં હોય છે. આ સૃષ્ટિનું સર્જન કર્યા બાદ જ્યારે ઈશ્વરે બધે સમય ન પહોંચી શકે ત્યારે તેને માનું સર્જન કર્યું છે. એક પલ્લામાં માની મમતા હોય અને બીજાં પલ્લામાં જગતનું સર્વસ્વ હોય તો પણ માનું પલ્લું ઊંચકવું કઠીન. ધરતીનો છેડો ઘર અને ઘરનો છેડો મા. મા અતુલીત, અજોડ, બેનમૂન છે.

જનનીની જોડ સખી ! નહીં જડે રે લોલ મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ
એથી મીઠી તે મોરી માત રે જનનીની જોડ સખી ! નહીં જડે રે લોલ
ગંગાના નીર તો વધે ઘટે રે લોલ સરખો એ પ્રેમનો પ્રવાહ રે.
વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ, માડીને મેઘ બારે માસ રે... ■

કવિ બોટાદકર)

મો. ૯૮૭૯૮ ૩૫૭૧૭




નારી સૃષ્ટિ



**રામભાઈ એસ. પટેલ**
શિકાગો, યુ.એસ.એ.

# નારી તારા નવલાં રૂપ

લગ્ન માંડવેથી લાડકી દીકરીને વસમી વિદાય આપવાના ટાણે હાજર સૌ કોઈની આંખો ચોંધાર આંસુથી છલકાઈ જાય છે. ભલ-ભલા કઠણ કાળજાના બાપ જેવા બાપનું કઠણ હૈયું તેના ભીતરના ઊંડાણથી રડતું હોય છે. દીકરીનો બાપ બધાથી દૂર જઈ છૂપો છૂપો બોર બોર જેવડાં આંસુ આંખમાંથી વહેવડાવતો હોય છે. આ સમયનું વાતાવરણ ઘણું જ કરુણામય બની જાય છે. તેવા સમયે દીકરીના સાસરીયા દીકરીના મા-બાપને કહેતા ફરતા હોય છે. તમારી દીકરી અમારા ઘરમાં વહુ નહીં પણ અમારી દીકરી બનીને જ આવી છે. તમે તેની જરાય ચિંતા ના કરશો. અમારા ઘરમાં તો વહુ અને દીકરી બંને સરખા જ છે. દીકરીના મા-બાપ સાસરીયાઓની વાતોમાં આવી સાસરીયાઓ પ્રત્યે પ્રસન્ન થાય છે.

આપણા ભારતીય ઘરમાં સાસુ-વહુ અને નણંદના સંબંધોથી કોણ અજાણ છે ? પરંતુ દીકરીને સાસરે વિદાય કર્યાના થોડાક દિવસોમાં ઘરની અંદર દીકરી અને વહુ વચ્ચેનો ભેદ સ્પષ્ટ દેખાતો હોય છે. ઘરમાં પોતાનું વર્ચસ્વ ચાલુ રહે એટલે નણંદ વાતવાતમાં વહુને ટકોર કરતી હોય છે. નણંદની કાન ભંભેરણીથી સાસુમાનું મોઢું સુજેલું જ રહે છે. વહુ મા-દીકરીને ખશ રાખવા જેટલો વધુ પ્રયત્ન કરશે એટલી જ ઘરમાં બંનેની જો હુકમી વધી જાય છે. વહુ બિચારી ઘરમાં કે બહાર કોઈને કહી શકતી નથી અને અંદર અંદર મનમાં વિલાયા કરે છે.

આ જમાનાની સાસુ વહુને દીકરી માનવાની મોટે ઉપાડે વાતો કરનારા આમ જલદીથી કેવી રીતે બદલાઈ જતા હશે ? શરૂઆતમાં તો વહુ ઘણી જ સારી હોય છે. પરંતુ પાછળથી વહુ ક્યાંથી ખરાબ થઈ જાય છે. સાસુના બે મોઢાની વાતો ક્યાંથી આવે છે. સાસરીયાઓને એ પણ ખબર નહીં હોય કે આપણા ઘરની વહુ એ પણ કોઈની લાડકી દીકરી છે એ વહુ કેટકેટલાય અરમાનો, અને સપના લઈને તારે આંગણે આવી છે. તમારું એના પ્રત્યેનું આવું ક્રૂર ઘાતકી વલણ તેના કુમળા હૈયાને ભાંગીને ભૂક્કો કરી નાખે છે.

વહુ નવી નવી પરણીને સાસરે આવે છે ત્યારે શરૂઆતના દિવસો તો ઘણીજ આનંદ - મંગલમાં જાય છે. સાસુ, સસરા, નણંદના પ્રેમમાં તેને તેના પિયરીયાના દર્શન થાય છે. પોતાના અરમાનો, આશાઓ અને સપના સાચા પડતા હોય એમ દેખાય છે. પરંતુ પછી ધીમે ધીમે સાસુ, નણંદ, કાંચીડાની માફક અવનવા રૂપ-રંગ બદલવા માંડે છે. અત્યાર સુધી મા-બહેનને કામ માટે પૂછતા પુત્ર, ભાઈ હવે તેની પરણેતરને પૂછે તો ઘરમાં મા અને બહેનને વધુ ખટકતું હોય છે. શું તે હવે તેની પરણેતરને ન પૂછી શકે ? ના, પોતાના અધિકારમાં ભાગ પાડવાવાળું કોઈ આવ્યું છે અને મનમાં એ વહેમ રાખી વહુ પ્રત્યે ઓરમાયુ વલણ, વર્તન રાખવા લાગે છે. પરિણામે ઘરમાં ઉભો થાય છે મોટો સંઘર્ષ અને પછી મહાભારત.

સાસરીયાઓનો પ્રેમ મેળવી ઘરમાં હળીમળીને આગળ વધવા ઈચ્છતી વહુના માર્ગમાં નણંદ અડચણો ઉભી કરવા તૈયાર જ હોય છે. સાસરીમાં વહુ નણંદના તાબે થશે તેની હા મા હા ભણી લે, સ્વિકારી લે. એના નણંદપણાના ઠેકાને બહાલી આપી દે તો ઘરમાં વહુની વાહ વાહ થશે. ઘરમાં સંપૂર્ણ શાંતિ થશે, પરંતુ વહુએ જરાક નણંદનો વિરોધ કર્યો તો ઘરમાં વહુનુ આવી બન્યું. એ ઘરમાં વહુનું જીવવું પણ ભારે પડી જશે. જે ઘરમાં વહુને દીકરી સમાન માનવાવાળો સાસરિયાઓનો દંભ ખુલ્લો પડી જશે.

અત્યારના આ કારમી મોંઘવારીના જમાનામાં ઘણી જ બેન-દીકરીઓ નોકરી કરતી હોય છે. જે ઘરમાં ભાભી-નણંદ બંને જણા નોકરી કરતા હોય તો સાંજે નોકરીથી ઘેર આવ્યા પછી નણંદને આરામ અને ભાભી બિચારી સીધી રસોડામાં સાંજની રસોઈની તૈયારીમાં લાગી જાય અને સવારે પણ લગભગ આજ નિત્યક્રમ. નણંદ તૈયાર થઈ ભાભીને મોટી બૂમ પાડે. ભાભી જમવાનું તૈયાર થઈ ગયું ? નણંદબા જમીને હાથમાં પાકીટ લઈ નોકરીએ જાય. બિચારી ભાભી જમી ન જમી, વાસણ, કચરાપોતું કરી દોડમદોડ કરતી નોકરી જાય ! આ કોના ઘરનો ન્યાય ? તમારી દીકરીને થાક લાગે છે. તો વહુને થાક નહીં લાગતો હોય ! અને આજ પોતાની દીકરીને સાસરે જો આવી રીતે કામ કરવું પડતું હોય તો આ મા-બાપ દીકરીના સાસરીયાઓને મણમણની પેટ ભરીને ગાળો ભાંડતા હોય છે. પોતાની દીકરીને સાસરીમાં ઓછું કામ કરવાની અને જરૂર પડે તો સાસુ-નણંદનું મોઢું તોડી લેવાની ગાંડી શિખામણ આપતા હોય છે.

પોતાની દીકરી વાર-તહેવારે પિયરમાં આવે પણ વહુને પિયર જવાની ના, એ કયાંનો ન્યાય ? કેમ વહુને તહેવાર પર તેના મા-બાપ, ભાઈ, પિયાર યાદ નહીં આવતું હોય ? પણ ના, સાસુનો જવાબ હોય છે. કારણ કે પોતાની દીકરી આવવાની છે ને વહુ પિયર જાય તો પછી ઘરમાં કામ કોણ કરે ? શું તમારા ઘરમાં વહુનું સ્થાન માત્ર એક કામવાળી નોકરાણીનું જ છે ? ના-ના તેને કામવાળી નોકરાણી ન સમજતા ઘરની લક્ષ્મી સમજો. સારા પગલાંની સૌભાગ્યવતી સમજો. એના ભીતરમાં રહેલી લાગણીઓની કદર કરતા શીખો. વહુ આપોઆપ તમને અને તમારા ઘરને સમજી જશે.

એક વાત બહુ સ્પષ્ટ સમજી લો કે આવતીકાલે તમારા ઘરની જવાબદારી તેના હાથમાં, તેના શિરે જવાની છે. જ્યારે તમારી દીકરી તો ઘરમાં માત્ર ચાર દિવસની મહેમાન છે. ઘડપણમાં એજ તમારી સેવાચાકરી કરશે, નહીં કે દીકરી ? તમારી દીકરી કોઈના ઘેર વહુ બનીને જવાની છે. તમારી દીકરી સાથે તેના સાસરિયા આવું વર્તન કરશે તો તમારા દિલમાં આઘાત લાગશે કે નહીં ? ઘરમાં વહુનું માન-પાન, સન્માન સાચવશો તો જ તમારા ઘરમાં શાંતિ જળવાશે અને જે ઘરમાં શાંતિ હોય તે ઘર સ્વર્ગમયી બનશે...બનશે અને બનશે જ. ■

મો. ૩૩૧૨૫ ૦૧૧૨૬



નવી દિશા... નવા વિચાર...
સહકારથી સમગ્ર સમાજની સેવા
જય સહકાર... જય કિસાન...
APMC
UNJHA
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા

## સમાજ સૃષ્ટિ



**પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ**
લેખક, જાણીતા વરિષ્ઠ પત્રકાર, સાહિત્કાર, કોલમિસ્ટ, ૬૦ થી વધુ પુસ્તકોના લેખક અને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત છે.

# મેં મારી અસાધ્ય બિમારીને મારી તાકાત બનાવી દીધી

આજે વિશ્વ દિવ્યાંગ દિન છે. સ્ટિફન હૉકિંગ હવે રહ્યા નથી. પણ તેમની જિંદગી પ્રેરણાદાયક છે.

જો તમે અપંગ છો અગર ભગવાને તમને કાંઈક ઓછું આપ્યું હોય તો નિરાશ ના થાવ અને સ્ટીફન હૉકિંગની આ વાત એમના શબ્દોમાં વાંચો :

મારો જન્મ બ્રિટનમાં થયો. પહેલાં મારું પરિવાર લંડનમાં રહેતું હતું. પરંતુ બીજા વિશ્વયુદ્ધ બાદ અમે ઑક્સફર્ડ શહેરમાં રહેવા આવી ગયાં. મારા પિતા ડૉક્ટર હતા અને તેઓ ઈચ્છતા હતા કે હું પણ ડૉક્ટર બનું. પરંતુ મને ગણિતમાં રસ હતો. મારા પિતાએ તેમના વિચારો મારી પર ઠોકી બેસાડવા તમામ પ્રયાસો કરી જોયા. ૧૧ વર્ષની વયે મને સૅન્ટ અલબસ સ્કૂલમાં પ્રવેશ અપાવ્યો. શાળાના દિવસોમાં મારા અક્ષરો ખરાબ હતા. શિક્ષકો મને સજા કરતાં અને નારાજ રહેતા.

સ્કૂલનું ભણવાનું પૂરું થયા બાદ આગળ અભ્યાસ માટે ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં ગયો. કોલેજના દિવસોમાં વિજ્ઞાનના નવા-નવા પ્રયોગો કરતો હતો. આ કારણે હું મિત્રોમાં અને શિક્ષકોમાં લોકપ્રિય બની ગયો. એ બધા મને આઈનસ્ટાઈન કહીને બોલાવતા હતા. એ બધાંને લાગતું હતું કે હું વિજ્ઞાનના વિષયમાં બહુ જ હોશિયાર છું અને આગળ જતા વૈજ્ઞાનિક બનીશ. મને વિજ્ઞાન સાથે સંકળાયેલા રહસ્યો ખોજવામાં દિલચસ્પી હતી.

એ વખતે મારી ઉંમર ૨૦ વર્ષની હતી. થોડા દિવસ પહેલાં જ મેં મારો જન્મદિવસ ઉજવ્યો હતો. કૉલેજમાં રજાઓના કારણે હું ઘેર આવેલો હતો. અચાનક સીડી ચડતી વખતે મને લાગ્યું કે હું બેહોશ થઈ રહ્યો છું. હું મારી જાતને સંભાળી શકું તે પહેલાં જ હું સીડી પરથી નીચે પડ્યો. બધાંને લાગ્યું કે હું કમજોર થઈ ગયો છું, પણ મને ઠીક લાગતું નહોતું. મને હૉસ્પિટલ લઈ જવામાં આવ્યો. મારી હાલત જોઈને ડૉક્ટરોને કાંઈક શક પડ્યો. અનેક પ્રકારના મેડિકલ ટેસ્ટ કરવામાં આવ્યા. એ બધાંના રીપોર્ટસ આવી ગયા બાદ કહેવામાં આવ્યું કે મને એક દુર્લભ બિમારી છે. એ બિમારીને 'ન્યૂરોન મોર્ટાર ડિસીઝ' કહે છે. આ બિમારી જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે શ્વાસનળી બંધ થઈ જાય છે અને દર્દીનું મોત નીપજે છે.

ડૉક્ટરોએ કહ્યું કે, આ છોકરો બે વર્ષથી વધુ નહીં જીવે. પરંતુ મેં કહ્યું, 'હું જીવીશ માત્ર બે વર્ષ નહીં, પરંતુ ઓછામાં ઓછા પચાસ વર્ષ !' મારી વાત સાંભળીને મારું મન રાજી રાખવા માટે બધાંએ મને કહ્યું, 'હા, તું લાંબું જીવીશ.' ખરેખર તો એ બધાંને મારા માટે દયા ઊપજી હતી. એ બધાં માની ચૂક્યાં હતાં કે બસ હું થોડા સમયનો મહેમાન છું.

જેમ - જેમ મારી બીમારી વધતી ગઈ તેમ તેમ જિંદગી જીવવાની ઈચ્છા વધતી ગઈ. ધીમે - ધીમે મારા શરીરનાં અંગો નબળાં પડી રહ્યાં હતાં. પણ મેં ભણવાનું બંધ કર્યું નહોતું. ઑક્સફર્ડમાં ભણવાનું પૂરું કર્યા બાદ નક્ષત્ર વિજ્ઞાનમાં સંશોધન માટે હું કેમ્બ્રિજ યુનિવર્સિટી પહોંચ્યો. પી.એચ.ડી. કર્યું, તે પછી હું યુનિ.માં ભણાવવા લાગ્યો. લોકો મને પ્રોફેસર સ્ટિફન કહીને બોલાવવા લાગ્યા.

આ દરમિયાન મારા શરીરના જમણા હિસ્સાએ કામ કરવાનું બંધ કરી દીધું. હવે હું મારા પગ પર ઊભો રહી શકતો નહોતો. હું લાકડીના સહારે ચાલવા લાગ્યો. એ વખતે જ જેન વાઈલ્ડ મારી જિંદગીમાં આવી. હું તેના પ્રેમમાં પડ્યો. એ પ્રેમ મને ભાવનાત્મક સહારો આપ્યો. હવે જીવવાની મારી ઈચ્છા વધુ પ્રબળ બની. મેં અને જેન વાઈલ્ડે લગ્ન કરી લીધાં. અમને ત્રણ સંતાનો પ્રાપ્ત થયાં. બાળકોએ અમને અપાર ખુશી બક્ષી. એક વૈજ્ઞાનિક તરીકે મારી કારકિર્દી આગળ વધી રહી હતી. એક તરફ દુનિયાભરમાં મારી ખ્યાતિ આગળ વધી રહી હતી તો બીજી તરફ મારા શરીરના અંગો સાથ છોડી રહ્યા હતા. મેં શારીરિક તકલીફો તરફ ધ્યાન આપવાનું બંધ કરી દીધું. હવે મારું બધું જ ફોક્સ મસ્તિષ્ક પર હતું. જે વિજ્ઞાનનાં રહસ્યોને સુલઝાવામાં વ્યસ્ત હતું. શરીરનાં અંગો એક પછી એક કામ કરવાનું બંધ કરી રહ્યા હતા.

હવે લાકડી પણ અર્થહીન બની ગઈ. હું ચાલી શકતો નહોતો. હું ઊભો પણ થઈ શકતો નહોતો. મને અનેક ટેકનીકલ સુવિધાઓથી સજ્જ એક વ્હીલચેર આપવામાં આવી. એ એક અત્યંત અદ્યતન અને સ્માર્ટ વ્હીલચેર હતી. તેમાં લાગેલા ઉપકરણ મારા મસ્તિષ્કની અંદર ચાલતા વિચારોને વાંચવામાં, સમજવામાં સક્ષમ હતાં. ધીમે-ધીમે બધી જ માંસપેશીઓ પરથી મારું નિયંત્રણ જતું રહ્યું. હું મારા ગાલ પર લગાડેલાં ચશ્માં પર લાગેલાં સેન્સરને કમ્પ્યૂટર સાથે જોડીને વાત કરવા લાગ્યો. શરીરથી હું સાવ અપંગ થઈ ગયો હતો, પણ દિમાગ મજબૂત હતું. મારી દુર્લભ બીમારીને મેં મારી તાકાત બનાવી દીધી. દુનિયાની તમામ ચીજોથી દૂર હું વિજ્ઞાનના સંશોધનોમાં દિમાગથી વ્યસ્ત થઈ ગયો. મને લાગ્યું કે જીવનમાં કાંઈક કરવા માટે કોઈને કોઈ ધૂનની બહુ જ જરૂર રહે છે. કામ કરવાની ધૂન જીવનને એક હેતુ પૂરો પાડે છે.

એ પછી વૈજ્ઞાનિક સંશોધનોમાં મેં અંતરિક્ષના બ્લેક હૉલ અને બીગ બેંગની થિયરી પર મારું સંશોધન રજૂ કર્યું. જેનો દુનિયાએ સ્વીકાર કર્યો. આ સફરમાં મારી પત્ની જેન વાઈલ્ડ મારી સાથે હતી. એણે મને બહુ જ સાથ આપ્યો. પણ ધર્મ અને ઈશ્વરના અસ્તિત્વ વિશે અમારા બન્નેના વિચારો અલગ હતા. ૧૯૯૫ની સાલમાં અમે અલગ થઈ ગયાં. ફરી એકવાર મેરી ઈલિયાના મેસન મારી જિંદગીમાં આવી અને અમે લગ્ન કરી લીધાં, પણ આ સાથ લાંબો ચાલ્યો નહીં. ૨૦૦૬માં અમારા છૂટાછેડા થઈ ગયા. ૨૦૦૭માં અંતરિક્ષમાં મુસાફરી કરી, ભૌતિક વિજ્ઞાનમાં શ્રેષ્ઠ કામગીરી માટે એક ડઝન એવોર્ડ મળ્યા.

ફિઝિક્સમાં તથા નક્ષત્ર વિજ્ઞાનમાં મેંકરેલાં સંશોધનો અંગે મેં અનેક પુસ્તકો લખ્યાં. 'અ બ્રીફ હિસ્ટરી ઑફ ટાઈમ', 'બ્લૅકહૉલ ઍન્ડ બેબી યુનિવર્સ', 'ધ યુનિવર્સ ઈન અ નટશેલ', 'ધી ગ્રાન્ડ ડિઝાઈન' તથા 'માય બ્રીફ હિસ્ટ્રી' એ બધાં જ પુસ્તકો બેસ્ટસેલર બની ગયાં. મને સૌથી વધુ ખુશી એ વાતની હતી કે મેં બ્રહ્માંડને સમજવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. દુનિયાના લોકો મારા સંશોધન અને કામને જાણે છે એ વાત પર મને ગર્વ થાય છે.

હું ૭૦ વર્ષનો થયો ત્યારે લોકોને લાગ્યું કે, હવે હું જિંદગીથી પરવારી ગયો હોઈશ. પરંતુ મારા જન્મદિવસે મેં કહ્યું કે, હું હજુ વધુ જીવવા માંગું છું. મારી આ વાત સાંભળીને ઘણાંને આશ્ચર્ય થયું હશે, પરંતુ મારી ભીતર મને હજુ વધુ જીવવાની તમન્ના બાકી હતી. કારણ કે વિજ્ઞાનના કંઈ કેટલાયે વણ ઉકેલેલાં રહસ્યો મારે ઉકેલવાના બાકી છે. મેં એવું મહેસૂસ કર્યું છે કે અગર કોઈ વ્યક્તિ અપંગ છે તો તેમાં એની કોઈ ભૂલ નથી. અપંગતા માટે દુનિયાને દોષ દેવાના બદલે બહેતર એ છે કે તમે મુશ્કેલીઓની વચ્ચે જ જીવાનો શ્રેષ્ઠ વિકલ્પ શોધી લો. કોઈનીયે પાસેથી દયાની આશા રાખવી જોઈએ નહીં. મનની તાકાત સાથે હોય તો કોઈ જ કામ મુશ્કેલ નથી.'

સ્ટિફન હૉકિંગ તેમની વાત પૂરી કરે છે. દુર્લભ બિમારી છતાં ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્રમાં મહામૂલો ફાળો આપીને સ્ટિફન હૉકિંગ ૭૬ વર્ષ જીવ્યા અને માર્ચ, ૨૦૧૮માં તેમનું અવસાન થયું. ■

## સમાજ સૃષ્ટિ




**રસિક પટેલ**
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.
અમદાવાદ


# "દહેજ એટલે...સુષુપ્ત અવસ્થામાં ગૂંચળું વાળીને પડેલો ભોરિંગ નાગ અર્થાત્ એક દૈત્ય"

**પરિચય :** 'ઉમાસૃષ્ટિ' ના નિયમિત લેખક રસિક પટેલનું પુસ્તક "આંટીઘૂંટી"તાજેતરમાં પ્રકાશિત થયું છે. જીવનની કેટલીક કડવી વાસ્તવિકતાના સ્વીકાર માટે લખાયેલું પુસ્તક એટલે 'આંટીઘૂંટી'. આ પુસ્તકનું પેટા શીર્ષક છે - "એક અલગ જ વિચારો તરફ દોરી જતી દિશાની પગદંડી". ૧૯૦ પેઈજના આ પુસ્તકમાં કુલ ૫૫ પ્રકરણો છે. સાસુ-વહુનો સંવાદ, રેશનકાર્ડ ખરેખર કોના માટે છે. શબ્દોના આશીર્વાદ અને શ્રાપ, મૃત્યુ આપણા હાથમાં નથી. પરંતુ, ભગ્ન અને સુગ્ન લગ્નજીવન, ઘરના મોભીનો નિર્ણય, જીવન કે પરીક્ષા શું મૂલ્યવાન છે ? વગેરે જેવા વિવિધ વિષયો પર લેખકે કલમ ચલાવી છે. આ પુસ્તક માટે લેખકને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

હમણાં કેટલાક ન્યુઝ પેપરમાં તેમજ સોશિયલ મીડિયામાં સમાચાર હતા કે કેરળની મેડિકલ કોલેજમાંથી સર્જરીમાં પોસ્ટ ગ્રેજ્યુએટની ડીગ્રી મેળવી ચૂકેલી એક આશાસ્પદ ડૉક્ટર યુવતીએ દહેજના કારણે જીવન ટૂંકાવ્યું. ન્યૂઝ પેપરમાં આ સમાચાર હતા કે ૧૫૦ તોલા સોનું, ૧૫ એકર જમીન અને BMW કારની માંગણી પૂરી કરવામાં ના આવતા છોકરાવાળાએ સગાઈ તોડી નાખી, સગાઈ તૂટી જતા લોકલાજના ડરથી, આખરે એક આશાસ્પદ ડૉક્ટર યુવતીએ પોતાનું જીવન સંકેલી - સમેટી લીધું.

આટલું બધું હાયર એજ્યુકેશન હોવા છતાં, સાથે સાથે પોતાના પગ પર ઊભી રહી શકે તેટલી સક્ષમ હોવા છતાં, તે યુવતી આપણા ખોખલા, બોદા અને વાહિયાત કહી શકાય તેવા સામાજિક ઢાંચા સામે હિંમત હારી ગઈ અને સામાજિક આબરૂ જવાની બીકે તેણીએ જીવન ટૂંકાવ્યું. આ કોઈ બેવસ, લાચાર કે અભણ યુવતી નહોતી. મેડિકલ લાઈનમાં માસ્ટર ડિગ્રી મેળવી ચૂકેલી યુવતી હતી એમ છતાં દહેજના દૈત્યને કારણે તેણે જીવન ટૂંકાવવું પડ્યું.

આવું ક્યાં સુધી ચાલશે ?? દરેકે પોતાની જાતને આ સવાલ ચોક્કસ પૂછવો જોઈએ ?? આટલી બધી શૈક્ષણિક સંસ્થાઓમાં મળતું ઉચ્ચ એજ્યુકેશન...ધાર્મિક સંસ્થાઓમાં મળતું કુપ્રથા વિરુદ્ધનું જ્ઞાન....સામાજિક સંગઠનો દ્વારા દહેજ પ્રથા વિરુદ્ધ થતો પ્રચાર-પ્રસાર...સામાજિક આગેવાનો દ્વારા પણ જાગૃતિ માટેના અથાગ પ્રયત્નો. એમ છતાં દહેજની કુપ્રથા આજે પણ દેખાય છે. સંપૂર્ણ નાબૂદ તો થઈ જ નથી, જ્યાં સુધી માણસના મગજમાં લાલચનો કીડો સળવળતો હશે ત્યાં સુધી આ ભયંકર દૂષણ ચાલુ રહેશે અને કેટલીય નવોઢાઓ આ કુપ્રથા કુરિવાજનો ભોગ બનીને પોતાનું જીવન ટૂંકાવતી રહેશે.



કેટલાક લોકો પૂરી જાણકારીના અભાવમાં એવો મત પણ રજૂ કરશે કે દહેજનું દૂષણ પહેલા હતું અત્યારે હાલમાં નથી, પરંતુ છેલ્લા એક માસના ન્યુઝ પેપર ઉઠાવી લો અને પછી કહો કે દહેજનું દૂષણ ક્યાંય નથી !! એ તો કેટલાય લોકોના મગજમાં સુષુપ્ત અવસ્થામાં આ ભોરિંગ નાગ પડ્યો જ હોય છે. પરંતુ કોઈના મગજમાં પડેલો અને ક્યારેક જ મગજમાંથી બહાર આવીને કેટલીય નવવધૂનો ભોગ લેતો કાળમુખો ભોરિંગ નાગ એટલે "દહેજ".

સૌથી મોટો પ્રશ્નાર્થ એ છે કે, શું આપણે દહેજ પ્રથાથી મુક્ત છીએ ખરા ?? શું દહેજ પ્રથા સંપૂર્ણ નાબદૂ થઈ છે ખરી ?? ના બિલકુલ નહીં, એ તો ઉપર કહ્યા મુજબ સુષુપ્ત અવસ્થામાં પડેલી જ હોય છે જે બહારથી ક્યારેય દેખાતી નથી. સુ:સંસ્કૃત લાગતો માણસ ક્યારે ભોરિંગ નાગ બની જાય તે કહી ના શકાય ! દહેજનો ભોરિંગ આજે પણ અસ્તિત્વ ધરાવે છે અને પોતાના વિશાળ જડબામાં નવવધૂને જકડી રાખે છે. લોભ, લાલચના મૂળિયા એવા ઘર કરી ગયા હોય છે કે આવનાર વહુમાં તેમને ફ્રીઝ, ટી.વી, ડબલા અને ડાબલા, ઠીકરાં....ઠીબરા અને ઠોબરા જે દેખાતા હોય છે. ક્યાંક વળી સોદાબાજી પણ થતી હોય છે કે તમે આટલું આપ્યું. હવે આટલું બાકી રહ્યું !! વહેલી તકે પહોંચાડી દેજો. જાણે જોઈ લો કોઈ ધંધાદારી ધંધો કરવા ના બેઠો હોય કે બેઠી હોય. બહારથી સામાન્ય લાગતો આ દહેજનો ભોરિંગ જ્યારે ફૂંફાળો મારીને ઉભો થાય છે ત્યારે કેટલીય નવવધૂની ચિત્તાઓ સળગતી જોવામાં આવે છે.

# સમાજ સૃષ્ટિ

આ લેખના લેખકશ્રી દ્વારા આટલી બધી ભારેખમ ભાષાના શબ્દોનો ઉપયોગ એટલા માટે કર્યો છે કે દહેજ એક દૈત્ય છે, જે ખૂણે ખાંચરે જાણ્યા - અજાણ્યા ઘરોમાં સુષુપ્ત રીતે છૂપાયેલો હોય છે. આગામી સમયમાં કોઈપણ દિકરીનો ભોગ લેવાય તે પહેલાં આ દહેજરૂપી દૈત્યની ગંભીરતા સમજવી આવશ્યક છે અને આ કુપ્રથાની ભયાનકતા સમજી લઈને તેની જાગૃતિ માટેના અથાગ પ્રયત્ન કરવામાં આવે તો કેટલીય નવવધૂને બચાવી શકાય.

દહેજની કુપ્રથાના શોષણનો ભોગ બનેલી કન્યાઓ ક્યાંક ઘરના ખૂણે પોતાના આંસુઓથી દિવાલો ભીની કરતી રહે છે અથવા તો કુમળી માસૂમ કન્યાઓ જીવન ટૂંકાવતી રહે છે, જે ઘરમાં તેણે આપઘાત કર્યો હોય છે તેવા ઘરો ઉપર કાળનું ચક્ર અચૂક ફરવા માંડે છે. એવા ઘરો ઉપર નવવધૂની હાય ના નિસાસા હવામાં પ્રવાહિત થતા સંભળાય છે. સાથે સાથે તેવા ઘરો ઉપર કાળ હંમેશા મંડરાતો રહેતો હોય છે અને કોઈ કાળ ઘડીએ એ કુટુંબ પતન તરફ ધકેલાય છે...વિનાશ તરફ ગતિ કરે છે. નવવધૂની હાય અને નિસાસાથી ઘરનું ધનોત પનોત નીકળી જાય છે અને એ દહેજની માંગણી કરનાર કુટુંબ બરબાદી તરફ ધકેલાઈ જાય છે, કોઈની હાય, કોઈના નિસાસા.. કોઈની આંતરડી કકળાઈને આવેલું ધન કુટુંબની બરબાદી ચોક્કસ નોંતરે છે એને કોઈ બીજા દુશ્મનની જરૂર પડતી નથી એ જ ધન કુટુંબના વિનાશનું કારણ પણ બની જાય છે.

અરે ભાઈ....ઘરમાં ખાવા દાણા ના હોય... અરે એક ટાઈમના રોટલાના ફાંફાં હોય એમ છતાં નવવધૂ સામે હાથ લાંબો ના કરે તે ગૌરવ છે, તે માણસનું ઝમીર છે અને તે જ સ્વાભિમાન અને સ્વમાન પણ છે.

નવી પરણીને આવેલી વહુની જોડે અણવર તો હોય જ છે, પરંતુ સામાન ભરીને આવેલો ટેમ્પો પણ હોય છે. ભારો ભાર ભણતર સાથે આવેલી ગુણિયલ સંસ્કારી વહુ ઉપર નજર નથી હોતી કોઈની. બધાની નજર ચોંટી હોય છે તેની સાથે આવેલા "ટેમ્પા" કેટલાય બાપના આંસુઓથી સીંચીને ભર્યો પડ્યો હોય છે. એ ભાઈ...નજર હટાવો ટેમ્પા ઉપરથી અને જુઓ અણમોલ રતન જેવી એ દીકરીને કે જે છોડીને આવી પોતાના ભાઈ ભાંડુ અને વ્હાલા પિતાને જરીક તો જુઓ એના આંસુની વેદનાને કઠણ પથ્થરની છાતી કરીને વળાવી એના બાપે, આવ્યો વરસાદ... વરસાદનું એક એક ટીપું છે આ આકાશનું આંસુ એટલે જ કોઈ કવિએ કહ્યું છે, આ "આકાશ રડે દિકરી વિયોગે" કોઈપણ બાપને પોતાની દિકરીના ભણતરનો ભાર ક્યારેય લાગતો નથી. તેને ભાર લાગે છે પોતાની દિકરીના સાસરીયાઓ તરફથી કરવામાં આવતી વારંવારની માંગણીઓનો, લોભ, લાલચનો કોઈ અંત હોતો નથી. આવી માંગણીઓને તમે જેટલી સંતોષશો તેટલી વધારે માંગણીઓ સામેવાળા તરફથી આવતી રહેવાની, સારું એ રહેશે આવી માંગણીઓને તાબે થવું નહિ.

વહુ આવી શું શું લાવી તેના કરતાં વહુ આવી શું શું છોડી ને આવી ?? તે વિચારને અમલમાં મૂકવો જોઈએ. રૂઢિચુસ્તતા ના જડ નિયમોથી સડેલું મગજ ટેમ્પામાં ભરેલી વસ્તુઓની કિંમત અને મૂલ્યનો અંદાજ લગાવવા બેસી જશે. કેટલાક મૂર્ખ માણસો તો ટેમ્પો બહુ નાનો છે તેવી વાતો પણ કરશે. કોઈપણ પ્રકારની માંગણી કરવી તે દહેજ જ છે. વહુ આવી શું શું લાવી ??...તારા બાપે તને શું આપ્યું ??...કેટલો કરિયાવર કર્યો ??.. આવા વાક્યો કટુ વચનો તેના કાને જ્યારે અથડાય છે ત્યારે તેનું હૃદય કારમી ચિસ પાડી પીડાથી હચમચી જાય છે અને ઊંડી વેદના તેના દિલો દિમાગમાં આકાર લે છે જે વેદનાને તે પોતે જ સારી રીતે સમજી શકે છે.

દહેજના ભોરિંગનો ભરડો એટલો મજબૂત હોય કે તેમાંથી છૂટવું લગભગ અસંભવ બની જાય છે. દહેજનો ભોગ બનેલી કોઈ દિકરી ક્યાંક કોઈક ઘરના ખૂણામાં એકલી અટુલી ચોંધાર આંસુડે રડી છે, જ્યારે કોઈ દિકરીને પોતાના મા-બાપ માટે કટુ વચનો કહેવામાં આવે ત્યારે તેના માટે તે કટુ વચનો, મેણાં - ટોણાં વ્રજઘાત પુરવાર થાય છે.

**કેટલાક સૂચનો :** (૧) દરેક પિતાને પોતાની દીકરી માટે ભાવનાત્મક સંબંધ હોય છે. ઘણું બધું પોતાની દીકરીને કરિયાવર પેટે આપવાની ઈચ્છા હોય છે. પરંતુ આ ઈચ્છાને દીકરીના લગ્નમાં આપવાને બદલે ૧૦ વર્ષનો સુખી સંસાર જોઈને પછી જ આપવામાં આવે...અને તે પણ દીકરીની સલામતીને ધ્યાનમાં રાખીને બેંક એફ.ડી., અથવા તેના જેવા સિક્યોર સલામત બીજા નાણાંકીય સાધનોમાં દીકરીના નામે રોકાણ કરીએ. (૨) એક પિતા તરીકે દર મહિને દીકરીના નામે ફીક્સ રકમ બેંકમાં જમા કરીએ. જે કઠિન મુશ્કેલી ભર્યા સંજોગોમાં દીકરીના હાથમાં મૂકીએ.(૩) દહેજ પેટે રૂપિયા કે કોઈ વસ્તુ જેમ કે, ફ્રીઝ, ફર્નિચરની માંગણી કરવામાં આવે ત્યારે આવી માંગણીને તાબે ના થઈએ અને મજબૂત રીતે પ્રતિકાર કરીએ. સામાન્ય રીતે આપણે આપણી દિકરીના ભવિષ્યને ધ્યાનમાં રાખી આવી ગેરવ્યાજબી માંગણી આગળ ઝુકી જતા હોઈએ છીએ. ■

મો. ૯૮૨૫૦૧૪૦૬૩

## સમાજ સૃષ્ટિ



**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને
સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી વિભૂષિત છે.

# એકલો જાને રે !

અઢાર અઢાર દિવસ સુધી ખેલાયેલા મહાભારતના મહાયુદ્ધ દરમિયાન શ્રીકૃષ્ણે ક્યારેય એમ કહ્યું નથી હું 'બિઝી' છું. અર્જુનના આ મહાન સારથિએ કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ પર બનતી ઘટનાઓ સમયે યથોચિત માર્ગદર્શન આપ્યું; પરંતુ ક્યાંય એવો એક પણ ઉદ્ગાર મળતો નથી કે આટલા બધા દિવસો સુધી ચાલેલા યુદ્ધને કારણે અન્ય કાર્યોના ઢગલા થઈ ગયા ! રામ અયોધ્યામાં હોય કે વનમાં હોય, પણ કુટુંબ પ્રેમને પૂર્ણ રૂપે જાળવે છે અને ક્યાંય એ અતિ વ્યસ્ત લાગતા નથી. અતિપ્રાચીન કાળમાં રાજા ઋષભે પ્રજાને અસિ, મસી અને કૃષિ અર્થાત્ શસ્ત્રવિદ્યા, લેખનવિદ્યા અને ખેતીવિદ્યા શીખવી. વળી સમાજરચના અને રાજ્યવ્યવસ્થા સ્થાપી અને શાસન કર્યું, પણ ક્યાંય એવો ઉલ્લેખ મળતો નથી કે જ્યાં રાજા ઋષભે પ્રજાજનોને કહ્યું હોય કે 'હમણાં હું ખૂબ કામમાં છું,ઘણાં કામ બાકી છે, માટે અત્યારે મને મળશો નહીં.'

વનવાસ - સમયે રામ આરામથી શિલા પર બિરાજમાન દેખાય છે ! મોરલીના મધુર નાદ શ્રીકૃષ્ણ કેટલી બધી નિરાંતે છેડી રહે છે ! ભગવાન મહાવીરે કે ભગવાન બુદ્ધે પોતાના વિહાર દરમિયાન ક્યારેય પોતાના શિષ્યોને એમ કહ્યું નથી કે હજી ઘણું કામ કરવાનું બાકી છે, માટે તમે ઉતાવળે ચાલો. ઝડપથી ચાલશો નહીં તો આવું વિરાટ કાર્ય કઈ રીતે પૂર્ણ થશે !

મજાની વાત એ છે કે જેમણે જગત રચ્યું, એમના જીવનમાં ઘણી નિરાંત જોવા મળે છે અને જગતના લોકોના જીવનમાં પારાવાર દોડધામ નજરે પડે છે ! જિસસ ક્રાઈસ્ટ હોય કે અષો જરથુષ્ટ્ર હોય, એમને તમે ક્યારેય દોડતા દીઠા છે ! જ્યારે આજનો માનવી એટલો બધો 'બિઝી' બની ગયો છે કે વહેલી સવારથી મોડી રાત સુધી એને સહેજે નિરાંત હોતી નથી. બસ, સતત કામ કર્યે જ જાય છે. અંગ્રેજી ભાષામાં આને માટે 'વર્કોહૉલિક' શબ્દ છે, જેનો અર્થ છે જેને કામનું ઘેલું વળગેલું હોય તેવો. એના ચહેરા પર હાસ્ય નહીં, કિંતુ ચિંતાના બોજની તંગ રેખાઓ દેખાય છે. એનું મન શાંત હોતું નથી, પણ સમસ્યાઓથી ઊભરાયેલું હોય છે. શરીરથી એ એરકન્ડિશન્ડ ખંડમાં રૂમમાં આરામખુરશી પર ભલે બિરાજમાન હોય, પણ મનથી તો આકળવિકળ બનીને આમતેમજ ક્યાંનો ક્યાંય ઘૂમતો અટવાતો હોય છે.

આધ્યાત્મિક માર્ગે જનારના જીવનમાં પ્રબળ જાગૃતિ હોવી જોઈએ, કારણ કે જાગૃતિ હશે તો જ આત્મશુદ્ધિનુ લક્ષ ચૂકાશે નહિ. સાધકને માટે સમય અત્યંત મૂલ્યવાન ગણાય, કારણ કે એ જો થોડો સમય પણ વ્યર્થ વ્યતીત કરે તો એની અસર એની સાધના પર પડે છે અને એની લક્ષ્ય પ્રત્યેની ગતિ મંદ પડે છે. સાધકને માટે ઘડિયાળનો 'ટક' 'ટક' અવાજ એવો સંદેશ લઈને આવે છે કે એનો સમય સતત વહી રહ્યો છે અને એનું આયુષ્ય પ્રત્યેક ક્ષણે 'કટ' 'કટ' થઈ રહ્યું છે.

તમારા જીવનમાં ધ્યેયથી વિરુદ્ધ એવી અનિષ્ટકારી અને અણગમતી પ્રવૃત્તિએ પ્રવેશ કર્યો હોય, કોઈ તમને તમારા સિદ્ધાંતો છોડીને બીજે માર્ગે દોરવા પ્રયત્ન કરતું હોય, ત્યારે તમારે એને નમ્રતાથી પણ સ્પષ્ટપણે 'ના' કહેવાની હિંમત કેળવવી પડે. આવા પરિવર્તનથી કદાચ બીજાની અપેક્ષાઓને ઠેસ વાગતાં ગુસ્સાનો ભોગ બનવું પણ પડે. કદાચ આજ સુધી એ વ્યક્તિઓ માની બેઠી હોય તે માનતી હોય કે તમે એમની વાતનો સ્વીકાર જ કરશો, અસ્વીકાર કરશો એવી કલ્પના પણ કરી ન હોય, પરંતુ જો તમારે સ્વજીવનમાં પરિવર્તન આણવું હોય તો એમની વાતનો અસ્વીકાર કરવાનું સાહસ અને ખમીર બતાવવું પડે.

આમાં માત્ર અન્યની ઈચ્છા, માગણી કે દરખાસ્તોનો સૌજન્યપૂર્વક અસ્વીકાર કરવાનો હોતો નથી પણ ખુદ તમારા મનની વૃત્તિઓની માગણીઓનો પણ તમારે ધરાર ઈન્કાર કરવો પડે છે. મનનો સ્વચ્છંદ જીવનને શાંતિ અને સુખથી દૂર લઈ જશે, સામાજિક રીતે અવરોધરૂપ થશે અને વ્યક્તિગત રીતે આપત્તિજનક બનશે. મનની પરાધીનતા જીવનમાં અંધાધૂંધી સર્જે છે અને મનની સ્વાધીનતા જીવનને યોગ્ય દિશામાં ગતિ કરાવે છે. મનથી ચાલતો, ઈન્દ્રિયોના નીચે નાચતો અને કુસંગનો શોખીન બની ગયેલો માનવી ધીરે ધીરે પરાધીન થઈને પતનગામી બને છે.

આવા સમયે જીવનમાં તામસી ગુણોનું પ્રાબલ્ય વધે છે. જેમ વ્યક્તિએ બીજાનાં અનુચિત કે અવિવેકી કામનો વિરોધ કરવાનો હોય છે, એ જ રીતે પોતાના મનની અયોગ્ય માગણીઓ, દુરિત ઈચ્છાઓ અને અવળી ગતિનો પણ સ્વયં વિરોધ કરવાનો હોય છે. આને શાસ્ત્રગ્રંથોમાં 'સ્વચ્છંદનિરોધ' કહેવામાં આવે છે. જીવનને સ્વચ્છંદપણે ગાળવાને બદલે આત્મના કલ્યાણને લક્ષમાં રાખીને વર્તવાનું છે. સ્વચ્છંદ દુર્ગુણોની ઉત્તેજક છે, જ્યારે સ્વાધીનતા સદ્ગુણોની સર્જક છે. આ અંગે શ્રીમદ્ રાજચંદ્ર કહે છે :

'રોકે જીવ સ્વચ્છંદ તો પામે અવશ્ય મોક્ષ,
પામ્યા એમ અનંત છે ભાખ્યું જિન નિર્દોષ.'

આમ મનના સ્વચ્છંદને પ્રબળ દૃઢતાથી અટકાવવો જોઈએ અને એની ગતિને બીજી દિશામાં વાળવી જોઈએ. તમારા જીવનલક્ષ્યથી વિરોધી વાતતો ઈન્કાર કરવા જતાં કોઈ નજીકના સ્વજન તમારા પ્રત્યે નારાજ થાય, ગુસ્સો કરે કે તમારાથી વિમુખ બની જાય, તો એ માટે તૈયારી રાખવી જોઈએ. આનું કારણ શું ?

તમારી પાસે માગણીને લઈને આવેલ વ્યક્તિ માત્ર પોતાની માગણીનો વિચાર કરે છે, તમારા ધ્યેયનો નહિ. એણે તમારી પાસે માગતાં પૂર્વે સંભવતઃ તમારા જીવનલક્ષ્યની ચિંતા કરી નથી. એમને તો એમનો સ્વાર્થ તમારા દ્વારા સિદ્ધ કરવો હોય છે. ક્યારેક આપણે અસ્વીકારનો આકરો નિર્ણય લેતાં અચકાઈએ છીએ. એવી ઠગારી આશા રાખીએ છીએ કે પરિસ્થિતિ પલટાઈ જશે અને તે વ્યક્તિ એની માગણી સાવ ભૂલી જશે. તો ક્યારેક એવું પણ મનને મનાવીએ છીએ કે આવી એકાદ માગણીને સંતુષ્ટ કરવામાં વાંધો શો ?

# સમાજ સૃષ્ટિ

ભવિષ્યમાં પુનઃ મારા જીવન પ્રયોજન વિરુદ્ધની માગણી કરશે, તો એનો વિરોધ કરીશ. આમ કરીને આજની વાત કાલ પર ઠેલવામાં આવે છે અને ધીરે ધીરે આવી અટકળો, ધારણાઓ અને બહાનાંને આધારે વ્યક્તિ ધ્યેયાવિમુખ કાર્યો કરીને પોતાની સ્વાધીનતા ખોઈ બેસે છે.

તમને ઘણીવાર તમારી જાત માટે ફિટકાર જાગ્યો હશે, પરંતુ ફિટકારનું કારણ એ પણ હોય કે બીજાએ સોંપેલું અઘટિત કાર્ય તમારે કરવું પડ્યું હોય. તમારી ઈચ્છા ન હોય અને તમે બીજાને માટે લાંચરુશ્વત કે ભ્રષ્ટાચારનું માધ્યમ બન્યા હો અને પછી એ વાત પ્રસરતાં તમારી જાતને એ વાત માટે પારાવાર દુઃખ થાય એવી પરિસ્થિતિ પણ સર્જાય છે. ઘણીવાર 'પોતે આવું કાર્ય કર્યું, તેને પાછળનું કારણ આ હતું' એવાં માફીનામાં સહુની આગળ ધરવાં પડે છે. કરેલાં ખોટાં કાર્યો માટે ખોટાં બહાનાં ઊભાં કરવાં પડે છે. અંતે જ્યારે એ ભ્રષ્ટ કામની હકીકત બધે પ્રસરે છે ત્યારે દોષનો ટોપલો બીજાને માથે ઓઢાડવા વલખાં મારવાં પડે છે.

જીવન પ્રયોજન વિરુદ્ધની બાબતોનો ઈન્કાર કરવાની હિંમત કેળવવી જરૂરી છે. આવા ઈન્કારને કારણે કવચિત્ માનસિક યાતના સહેવાની તૈયારી પણ રાખવી પડે, પરંતુ એક મજબૂત નિર્ણય તમને ભવિષ્યની અનેક આફતોમાંથી અને નિર્બળ ક્ષણોમાંથી ઉગારી જશે. ચિત્તમાં દૃઢ નિરધાર હશે કે લક્ષ્યવિરોધી બાબતોનો અસ્વીકાર કરીશ તો જ જીવનલક્ષ્ય પ્રાપ્ત કરી શકાશે. માટે તમારી પ્રવૃત્તિઓના વિરાટ વિશ્વને તમારા જીવનલક્ષ્યની આંખે જુઓ અને પછી આસપાસની અસંખ્ય પ્રવૃત્તિઓમાં પરિવર્તન આણો તે જરૂરી છે. ડરને કારણે કે હિંમતના અભાવે આવાં પરિવર્તનથી દૂર રહેનારી વ્યક્તિ જીવનભર પોતાની જાતની દયા ખાય છે. અણગમતા સંજોગો અને વિપરીત પરિસ્થિતિ વચ્ચે જીવે છે અને લક્ષ્યપ્રાપ્તિથી દૂર રહ્યાનો સદૈવ વસવસો સેવે છે.

તમારા પ્રયોજનની સિદ્ધિને માટે તમારે સ્વયં ઘણી બાબતો ત્યજવી પડશે. આજ સુધી અમુક બાબતો ખૂબ ગમતી હોય તો તે ગમતી બાબતોનો ત્યાગ કરવાની તૈયારી કેળવવી પડશે. મિત્રો સાથે કલાકોના કલાકો ગપ્પાં મારવાં ગમે, પરંતુ જ્યારે એમ લાગે કે આ જીવનલક્ષ્યને પ્રતિકૂળ છે, ત્યારે તે પરિસ્થિતિમાં પરિવર્તન આણવું પડશે. એનો અર્થ એ નથી કે મિત્રો મિત્રતાને માટે અયોગ્ય છે, પરંતુ એમની સાથે વિતાવવામાં આવતો દીર્ઘ સમય એ લક્ષ્યપ્રાપ્તિમાં અવરોધરૂપ બની રહે છે.

આનો અર્થ એવોય નથી કે જીવનમાંથી બધું જ ત્યજીને માત્ર લક્ષ્યપ્રાપ્તિની પાછળ મંડી પડવું. આવી વ્યક્તિને જુદી જુદી ચીજવસ્તુઓના ભાવતાલની ખબર હોવી જોઈએ. દેશની રાજકીય અને આર્થિક પરિસ્થિતિની માહિતી હોવી જોઈએ. પોતાના કૌટુંબિક સંબંધીઓથી એ વાકેફ હોવો જોઈએ. આ બધી બાબતો એના પ્રયોજનને, એના લક્ષ્યને સાધક હોતી નથી, પરંતુ એના જીવનને માટે આવશ્યક હોય છે. માત્ર લક્ષ્ય તરફ દોડ્યા કરે અને એ માટે જ બધી પ્રવૃત્તિ કરે, તો એ વ્યક્તિમાં સમજદારીને બદલે આત્યંતિકતા અને કવચિત્ જડતા પણ આવી જાય.

આવી વ્યક્તિ ઘણીવાર ધૂની, તરંગી કે પોતાની આંખે જગતને જોનારી બની જાય છે અને એના પરિણામે વાસ્તવથી અને વ્યવહારજીવનથી પોતાનો સંબંધ ગુમાવી બેસે છે. એના જીવનમાં જુદા જ પ્રકારનો સ્વચ્છંદ જાગે છે. આવા 'અતિ'ને છોડવું જોઈએ. જેમ અતિ ભોજન હાનિકારક છે, એ જ રીતે અતિ પ્રયોજનલક્ષિતા પણ હાનિકારક છે. માણસને સ્વસ્થ સંબંધોની જરૂર હોય છે, સાત્ત્વિક આનંદની આવશ્યકતા હોય છે, જેની સમક્ષ ભીતર ખોલી શકે તેવા સ્નેહીઓ અને મિત્રોની દોસ્તી પણ જરૂરી હોય છે. લક્ષ્ય સાધના સમયે સમતોલન સર્જવું જોઈએ. એક અર્થમાં કહીએ તો જીવન એ જ સમતોલનનો ખેલ છે અને એ સમતોલન વ્યક્તિએ આઘાતજનક સમયે અને આનંદદાયક ક્ષણોમાં જાળવવું જોઈએ. સંત કબીરના જીવનમાં વ્યવહાર અને અધ્યાત્મનું કેવું સમતોલન દૃષ્ટિગોચર થાય છે!

સમગ્ર દૃષ્ટિએ જોઈએ તો આપણી પ્રવૃત્તિઓનું પ્રમાણિકતાથી મૂલ્યાંકન કરવું જોઈએ અને પછી કાર્યો અંગે હેય-ઉપાદેયનો વિચાર કરવો જોઈએ. કયા કાર્યો કરવા જેવાં અને ક્યાં ત્યાગ કરવા જેવાં છે તે નક્કી કરવું જોઈએ. એ માટે કઠોર થવાની નહીં, બલ્કે સમજદાર થવાની જરૂર છે. લાગણીહીન કે નિષ્ઠુર થવાને બદલે પોતાની લાગણીઓ અને માંગણીઓ સમજીને એને યોગ્ય પરિપ્રેક્ષ્ય નાણવાની જરૂર છે.

કહે છે કે માણસના મનમાં ધૂન વસતી હોય છે, પરંતુ હકીકતે એ ધૂન મનમાં નહીં, બલ્કે એના જીવન પર સવાર થઈ જાય છે. પહેલાં અભ્યાસ કરવાની ધૂન જાગે, પછી કમાણી કરવાની ધૂન ઊભી થાય, સુશીલ પત્ની મેળવવા માટેની ધૂન સવાર થાય, એ પછી બાળઉછેરની ધૂન જાગે અને સમય જતાં બાકીનું આયુષ્ય સારી રીતે ગાળવાની અને સુખેથી મૃત્યુ પામવાની ધૂન મન પર સવાર થાય છે. આ ધૂન જાગે, ત્યારે વ્યક્તિની સઘળી શક્તિઓ એ ધૂનની પાછળ એકાગ્ર બની જાય છે. એની સમગ્ર વિચારણા અને જીવનરીતિનું એ એક કેન્દ્ર બની જાય છે. આજે મનમાં એક ધૂન હોય, થોડા સમયે બીજી ધૂન આવે. આમ ધૂન તો પરિવર્તનશીલ છે, પરંતુ માણસના જીવન પર જ્યારે એ ધૂન સવાર થાય છે, ત્યારે એ માની બેસે છે કે આ ધૂન એ જ સર્વસ્વ છે. એની પ્રાપ્તિ એ જ જીવનનું અંતિમ ધ્યેય છે.

આવી ધૂન વ્યક્તિને સતત ગતિશીલ રાખે છે. એ બીજું સઘળું ભૂલીને એની પાછળ એવી આંધળી દોટ મૂકે છે કે એને પોતાના વર્તમાન જીવન વિશે કે ભવિષ્ય અંગે વિચારવાનો સમય હોતો નથી. બાહ્ય દૃષ્ટિએ ચેતનવંતુ લાગતું એનું જીવન એક સ્થળે સ્થગિત થઈ ગયું હોય છે. બાહ્ય દૃષ્ટિએ એને અપાર શક્તિનો અનુભવ થાય. વિશાળ વૈભવની ઝાકઝમાળ દેખાય, પારાવાર ઉત્સાહ અનુભવાય અને પોતાનું જીવન ચેતનથી થનગનતું લાગે, પરંતુ હકીકતે એ જીવન સ્થિર સ્થગિત અને એકધારું હોય છે.

આપણા પોતાના જીવનની કિતાબ ખોલીએ તો પહેલાં ખ્યાલ આવશે કે જીવનમાં આટલાં જ્ઞાન, શક્તિ અને વૈભવ પામ્યાં છીએ, પણ એ પછી આગળ વધીને જરા ઊંડાણથી વિચારતાં લાગશે કે જે કંઈ પામ્યા, એનાથી કોઈ સંતોષ પ્રાપ્ત થયો નથી. એક સમયે જે મેળવવું અતિ મહત્ત્વનું લાગતું હતું તેને માટે આવી આંધળી દોટ શા માટે લગાવી એવો પ્રશ્નાર્થ ચિત્તમાં જાગે છે.

# સમાજ સૃષ્ટિ

જગત વિજેતા સિકંદરના જીવનનો વિચાર કરીએ તો ખ્યાલ આવે કે એણે અનેક દેશો પર વિજય હાંસલ કરીને અપાર સમૃદ્ધિ મેળવી હતી અને છતાં એણે કહ્યું કે મારી સ્મશાનયાત્રામાં નનામીમાંથી મારા બે હાથ બહાર ખુલ્લા રાખજો, જેથી જગતને ખ્યાલ આવે કે આ સિકંદર ખાલી હાથે આવ્યો હતો અને ખાલી હાથે વિદાય લઈ રહ્યો છે. જે કંઈ મેળવ્યું તેનો કશો મતબલ નથી. જગતમાં વિજેતાઓ અને અત્યાચારીઓએ ભૌતિક સુખ-સંપત્તિ મેળવવાની ધૂનમાં ઘણા અનાચાર કર્યા છે, પરંતુ એ અનાચારનો અંત કેવો આવ્યો ? આપણા જાણીતા કવિ શ્રી ત્રિભુવન વ્યાસે એક કાવ્યમાં લખ્યું છે :

'દશવદન, દુર્યોધન ગયા ને કંસનો છે અંશ ક્યાં ?
ને ક્યાં ગયો એ જૂલ્મી કૈઝર, હિટલરનો વંશ ક્યાં ?'

આપણે કેટલું દોડીએ છીએ તે મહત્ત્વનું નથી, પરંતુ કઈ દિશામાં દોડીએ છીએ તે મહત્ત્વનું છે. આપણે કામોમાં કેટલા વ્યસ્ત રહીએ છીએ તે નહીં, પરંતુ જીવન સાર્થક કરનારી બાબતમાં કેટલા ડૂબેલા છીએ તે મહત્ત્વનું છે. અતિ પ્રવૃત્તિશીલ વ્યક્તિ પણ પોતાનું જીવન વ્યર્થતાથી ગાળતી હોય એમ બને છે. ઘણીવાર તો એ એના હૃદયનો ખાલીપો આવી પ્રવૃત્તિથી ભરી દેવાનો એનો પ્રયત્ન હોય છે.

આપણા જીવનની દિશાનું નિર્ધારણ આપણે કરીએ છીએ ખરા ? મોટાભાગની વ્યક્તિઓ બીજાની દૃષ્ટિએ સ્વજીવનની દિશા નક્કી કરતી હોય છે. એ અન્યને સારું કેમ લાગે તે રીતે જીવતી હોય છે. ઘણીવાર એ પોતે અન્યને સારા દેખાય એવો આડંબર કરીને જીવવામાં પોતાનું આખું જીવન ઘસી નાખે છે. એનું જીવન બીજાની દૃષ્ટિએ ચાલતું હોય છે, બીજાના આયોજન પ્રમાણે આકાર લેતું હોય છે અને પરિણામે તમે દર્પણ સામે રહીને તમારો ચહેરો જુઓ છો, પરંતુ હકીકતે એ બીજાનો ચહેરો હોય છે. તમારો અસલી ચહેરો ખોવાઈ ગયો હોય છે અને પછી નકલી ચહરાને જાળવવાની નિષ્ફળ કોશિશ થાય છે.

આનો અર્થ એ કે તમે તમારી જાતને સમર્પિત નથી, પરંતુ જગતને સમર્પિત છો. તમારી જિંદગીને તમારા સંજોગો પ્રમાણે ઘાટ આપો છો, તમે જિંદગીના સંજોગોને ઘાટ આપતા નથી. પરિણામ એ આવે છે કે આપણે બીજાની દૃષ્ટિએ જોવા જતાં આપણાં અંતઃકરણને ભૂલી જઈએ છીએ. લોકો આપણે વિશે શું વિચારે છે એ અંગે વિચારતા નથી. બીજાની દૃષ્ટિએ, બીજાના વિચારે કે ગાડરિયા પ્રવાહને જોઈને જીવનાર માણસ પાસે પોતાનું કોઈ ધ્યેય હોતું નથી અને ધ્યેયને અભાવે એનામાં કામની ધગશ, સાદી માન્યતા માટે માથું મૂકવાની શક્તિ કે અવિચલ પ્રતિબદ્ધતા હોતી નથી. મહાત્મા ગાંધીજીએ પોતાના આત્માના અવાજને અનુસરવાનું નક્કી કર્યું. આને માટે એમને અનેક પડકારો સહન કરવા પડ્યા. જગતની પ્રત્યેક મહાન વિભૂતિએ - પછી તે રામ હોય, મહાવીર હોય, બુદ્ધ હોય કે ઈશુ ખ્રિસ્ત હોય - પોતાનો પંથ પોતાની જાતે કંડાર્યો છે.

આવે સમયે એવું પણ બને કે ઘણીવાર 'એકલો જાને રે'ની પરિસ્થિતિ ઊભી થાય, પણ તેમ છતાં એણે કશીય પરવા કર્યા વિના એકલા જવાનું પસંદ કર્યું હોય છે. એકલવીર બનીને ચાલતા જતાં અનેક આફતો આવે છે. કેટલીય મુશ્કેલીઓ સહન કરવી પડે છે. કેટલાય લોકો મજાક કરે છે અને વિરોધીઓ પ્રાણહારક હુમલો પર કરે છે. આમ છતાં આવી વ્યક્તિઓ એના મજબૂત નિર્ધારમાંથી સહેજે પાછી પડતી નથી. આનું કારણ શું ? આનું કારણ એ કે જેની પાસે ધ્યેય છે એની પાસે સંકલ્પનું બળ, જોશ અને તમન્ના હોય છે.

જીવનમાં ધ્યેય રાખીને વ્યક્તિ પ્રયાણ કરે તો તે હંમેશા સફળ થાય છે. માત્ર એટલું કે એનું આ ધ્યેય પોતાની સુખ-સમૃદ્ધિને વધારવા માટેનું નહીં, પરંતુ સત્કાર્યમય અને સત્યમય હોવું જોઈએ. મીરાંએ કેવો નવો પંથ સ્વીકાર્યો ! રાજમહેલનાં સુખોને છોડીને ઈશ્વરભક્તિ કરવા લાગી. એની આસપાસની પરિસ્થિતિનો આજે વિચાર કરીએ તો ખ્યાલ આવે કે એને કેટલી બધી મુશ્કેલીઓ સહન કરવી પડી હશે ! છતાં એ અડગ રહી અને પોતાને પંથે ચાલી.

વર્તમાન સમયનું એક ઉદાહરણ જોઈએ તો ૧૯૬૬માં લંડનમાંથી બી.ટી.એમ.એચ. અને ગ્લાસગો અને એડિનબરોમાંથી એમ.આર.સી.પી. ની બેવડી ડિગ્રી હાંસલ કરનાર ડૉ. મુકુંદ સોનેજીએ ૧૯૬૯ની ૧૪મી ફેબ્રુઆરીએ છ મહિનાના ચિંતનના પરિપાક રૂપે આત્મસાક્ષાત્કારનો આનંદ અનુભવ્યો અને એ જ ક્ષણે એમણે એમનો સાધનાપથ નક્કી કર્યો, જેને પરિણામે સમાજને અને મુમુક્ષઓને સંતશ્રી આત્માનંદજી મળ્યા. જો ધ્યેયની દૃઢતા ન હોત તો કશું ન થાય. આવી 'હરિના જન'ની દૃઢતા કેવી હોય છે એ દર્શાવતાં ગંગાસતી કહે છે :

'મેરુ રે ડગે ને જેનાં મન નો ડગે મરને ભાંગી રે પડે ભરમાંડ રે,
વિપત પડે પણ વણસે નહીં, ઈ તો હરિજનનાં પરમાણ રે.. મેરુ રે.'

ગંગાસતીએ આ પદમાં હરિના જન કે હરિજનનું પ્રમાણ આપ્યું છે. એ કહે છે કે ભક્તનું મન તો નિશ્ચળ હોય. એનો મેરુદંડ વ્યાવહારિક કાર્યને કારણે ડગે, પણ એનું મન ડગતું નથી. એની સામે ગમે તેટલી આપત્તિઓની આંધી આવે તોપણ એનો સામનો કરીને એ સંઘર્ષો સામે દૃઢતાથી રહે છે. આમ જેની પાસે ધ્યેય છે. એની પાસે દૃઢતા છે, જેની પાસે લક્ષ છે, એની પાસે જીવનને સાર્થક બનાવવાની ક્ષમતા છે.

અહીં એક માર્મિક શ્લોકનું સ્મરણ થાય છે :

'उत्तमा स्वात्मचिंता स्याद्, मध्यमा मोहचिंतना,
उद्यमा कामचिंता स्याद्, परचिंता अद्यमाधमा.'

જે પોતાના આત્મતત્ત્વનું ચિંતન કરે છે, તે ઉત્તમ પુરુષ છે. મારી આ જવાબદારી બાકી છે, આટલું કામ કરવાનું બાકી છે તેનું ચિંતન કરે છે તે મધ્યમ પુરુષ છે. પોતાની અંગત જરૂરિયાતો પૂરી કરવામાં રચ્યોપચ્યો રહે છે, તે અધમ પુરુષ છે અને બીજાઓની ચિંતા કરનારો એટલે કે એમના દુર્ગુણો કહેનારો અધમમાં અધમ પુરુષ છે.

■ ■ ■


SMART EXHAUST
ZERO ELECTRICITY
ECONOMICAL
DURABLE
રસીક પટેલ (ટુંડાવવાળા)
૯૮૨૫૪ ૨૧૨૨૦
વીકી પટેલ
૯૭૨૬૩૮૪૫૬૪
Mfg. Corrugated Sheets, Plane Sheets, Decorative Sheets, Skylight dome, Parking Shade, FRP Moulded Items
Shree BALAJI
FIBRE GLASS
2, Jogeshwari Estate, Nr. Revabhai Estate, Opp. Kevdawadi, C.T.M., Amraiwadi, Ahmedabad-26.
Ph. : 079-25852018, M. : 98254 21220, 97263 84564
Web : www.balajifiberglass.com • Email : info@balajifiberglass.com

## યાત્રા સૃષ્ટિ



**પ્રા. ડૉ. યશવંત કે. ગોસ્વામી**
જાણીતા હિન્દી લેખક અને વિવેચક,
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ

# મહાદેવના વિશ્વ વિખ્યાત પ્રાચીન શિવાલય

આ પહેલાંના અન્ય લેખમાં ૧૨ જયોતિર્લિંગ, અમરનાથ, કૈલાસ માન-સરોવર, પંચકેદારની માહિતી આપેલ હોઈ આ લેખમાં એ સિવાયના મહત્ત્વપૂર્ણ પ્રાચીન શિવાલયોની સંક્ષિપ્ત માહિતી આપેલ છે. શિવાલયોના દેશ ભારતમાં અગણિત પ્રાચીન શિવાલયો આવેલા છે. એનો પાર કેમ પામી શકાય. ભારતનું કોઈપણ ગામ, શહેર કે વિસ્તાર એવો નહીં હોય જ્યાં 'શિવાલય' ન હોય. સમગ્ર ભારતમાં સૌથી વધુ મંદિર મહાદેવનાં છે અને સૌથી વધુ મૂર્તિઓ કે ગુફાઓ પણ મહાદેવની જ છે અને સૌથી વધુ ભક્તો પણ મહાદેવના જ... તો ચાલો આપણે સફર કરીએ વિશ્વ વિખ્યાત પ્રાચીન શિવાલયોની...

**(૧) કૈલાસ મંદિર - ઈલોરા (મહારાષ્ટ્ર) :** વાસ્તુકલાની દૃષ્ટિએ વિશ્વ પ્રસિદ્ધ અને અનોખા આ કૈલાસ મંદિરનું નિર્માણ રાષ્ટ્રકુટ વંશના રાજા નરેશ કૃષ્ણ (પ્રથમ) દ્વારા (૭૫૭ - ૭૮૩) દરમ્યાન ઈલોરાની ગુફામાં કરાવેલ. જે ઔરંગાબાદથી ૩૧ કિ.મી. દૂર, નાસિકથી ૧૬૮ કિ.મી. દૂર છે. બહારથી મૂર્તિની જેમ સમગ્ર પર્વતને કોતરીને દ્રવિડ શૈલીના મંદિરનું રૂપ આપ્યું છે. ૨૭૫ ફૂટ લાંબુ, ૧૫૪ ફૂટ પહોળું આ મંદિર માત્ર એક મોટા પત્થરને કોતરીને બનાવાયેલ છે. કૈલાસ મંદિરની ઊંચાઈ ૯૦ ફૂટ છે. જેનું નિર્માણ ઉપરથી નીચે થયેલ છે. મંદિરની અંદર અને બહાર ચારે તરફ અલંકૃત મૂર્તિઓની અદ્‌ભૂત કોતરણી કરવામાં આવેલ છે. સામે ખુલ્લા મંડપમાં નંદી છે. એની બંને બાજુ વિશાળકાય હાથી અને સ્તંભ છે. આ મંદિર ભારતીય વાસ્તુકલાનો અદ્‌ભૂત નમૂનો છે. જેને યુનેસ્કો દ્વારા વૈશ્વિક ધરોહરમાં સામેલ કરાયેલ છે. ઈલોરાથી ધૃષ્મેશ્વર જ્યોતિર્લિંગ માત્ર ૧ કિ.મી. દૂર છે.

**(૨) રામપ્પા મંદિર - તેલંગણા રાજ્ય :** દક્ષિણ ભારતના તેલંગાણા રાજ્યમાં આવેલ આ મંદિર રૂદ્રેશ્વર નામથી પણ જાણીતું છે. યુનેસ્કો દ્વારા વિશ્વ ધરોહરમાં સામેલ આ મંદિર વારંગલથી ૬૬ કિ., મુલુગુર્સેથી ૧૫ કિ.મી. અને હૈદરાબાદથી ૨૦૯ કિ.મી. દૂર છે. શિવને સમર્પિત આ મંદિરનું નિર્માણ પરિસરમાં આવેલ શિલાલેખ મુજબ ઈ.સ. ૧૨૧૩ માં ગણપતિ દેવના શાસનકાળમાં એના સેનાપતિ 'રૂદ્રદેવ' દ્વારા થયેલ. આ મંદિર ૬ ફૂટ ઊંચા તારા આકારના ચબૂતરા પર ભવ્ય રૂપે શોભે છે. જેને આકાશગંગાના સૌથી તેજસ્વી તારા તરીકે ઓળખવામાં આવે છે. મંદિરનું નામ એના શિલ્પી રામાપ્પાના નામ પરથી રખાયું છે. મંદિરના ગર્ભગૃહ સામે કક્ષમાં અનેક નક્કાશીદાર સ્તંભ છે. જેને એ રીતે ઊભા રાખવામાં આવ્યા છે કે તે પ્રકાશ અને અંતરિક્ષને અદ્‌ભૂત રીતે જોડીને વિશેષ પ્રભાવ ઉત્પન્ન કરી શકે. મંદિરમાં અનેક પ્રાણીઓ નર્તકીઓ અને સંગીતકારોની આકૃતિઓ દિવાલ પર કોતરવામાં આવેલ છે.

**(૩) પશુપતિનાથ મહાદેવ - કાઠમંડુ, નેપાળ :** વિશ્વમાં બે પશુપતિનાથ મંદિર પ્રસિદ્ધ છે એક નેપાળમાં કાઠમંડૂ અને બીજુ ભારતમાં મંદસૌર. બંને મંદિરમાં મૂર્તિ સમાન છે. નેપાળનું પશુપતિનાથ મંદિર બાગમતી નદીના કિનારે આવેલ છે. જેને યુનેસ્કોની વિશ્વ ધરોહરમાં સામેલ કરવામાં આવે છે. એક માન્યતાનુસાર આ મંદિરનું નિર્માણ ત્રીજી શતાબ્દીમાં ઈ.સ. પૂર્વે સોમદેવ રાજવંશના રાજાઓએ કરાવેલ. મંદિરમાં મહાદેવના પાંચ મુખવાળી મર્તિ છે. ચાર દિશામાં ચાર મુખ અને એક મુખ ઉપરની તરફ છે. મંદિર પરિસરમાં પિત્તળની ધાતુમાંથી બનાવેલ વિશાળકાય નંદીના દર્શન થાય છે. શિવલિંગના પાંચ મુખ અલગ અલગ દિશા અને ગુણના પરિચાયક છે. કાશી, ગોરખપુરથી સડક માર્ગે કાઠમંડૂ પહોંચી શકાય છે. દિલ્લી, મુંબઈ અને ભારતના પ્રમુખ મહાનગરોથી ફ્લાઈટ દ્વારા પણ કાઠમંડૂ પહોંચી શકાય છે. પ્રાઈવેટ કૈલાસ માનસરોવર યાત્રાનો પ્રારંભ કાઠમંડુથી થાય છે. યાત્રિકો કૈલાસયાત્રા પૂર્વે પશુપતિનાથના આશીર્વાદ લે છે. દર વર્ષે દેશ-વિદેશમાંથી કરોડો યાત્રિકો પશુપતિનાથના દર્શને આવે છે. પશુપતિનાથ મહાદેવને નેપાળના રાષ્ટ્રીય દેવતા મનાય છે.

**(૪) ગોપેશ્વર મહાદેવ મંદિર - બાગેશ્વર :** દેવભૂમિ ઉત્તરાખંડના બાગેશ્વર જીલ્લામાં ભદ્રવતી નદીના કિનારે આવેલ આ મંદિરની સ્થાપના દ્વાપર યુગમાં થયેલ છે. શિવલિંગ સ્વયંભૂ છે. અહીં શિવલિંગ પર ચઢાવેલું જળ બહાર ન દેખાતાં પાણી સીધું નદીમાં સમાઈ જાય છે, એ રીતની વ્યવસ્થા છે.

**(૫) કોટેશ્વર મહાદેવ મંદિર - રૂદ્રપ્રયાગ :** રૂદ્રપ્રયાગથી ૩ કિ.મી. દૂર અલકનંદા નદીના કિનારે આવેલ આ ગુફા મંદિરનું નિર્માણ પ્રાકૃતિક રૂપે થયાનું મનાય છે. મહાદેવે અહીં કેદારનાથ જતાં પહેલાં ધ્યાન કરેલ. મંદિર પરિસરમાં અનેક દેવી-દેવતાની મૂર્તિઓ પણ છે.

**(૬) મોટેશ્વર મહાદેવ મંદિર - ઉત્તરાખંડ :** આ મંદિર ભીમાશંકર તરીકે પણ ઓળખાય છે. આ મંદિર ઉત્તરાખંડના ઉદ્યમસિંહ જીલ્લાના કાશીપુર ગામમાં આવેલ છે. આ પ્રાચીન શિવમંદિરમાં અનેક દેવી-દેવતાની મૂર્તિઓ પણ છે.

**(૭) શિવકાલેશ્વર મંદિર - ગઢવાલ :** ઉત્તરાખંડના પૌડી ગઢવાલ જીલ્લામાં પહાડી હિલ સ્ટેશન પર આ મંદિર આવેલ છે. આ ક્ષેત્રમાં અનેક શિવાલયો આવેલા છે. ભગવાન શિવનું સદીઓ પુરાણું આ પ્રાચીન મંદિર ખૂબ પ્રખ્યાત છે.

**(૮) નિલકંઠ મહાદેવ મંદિર - ઋષિકેશ :** આ મંદિર ૫૫૦૦ ફૂટની ઊંચાઈએ આવેલ છે. જે ઋષિકેશના સૌથી પૂજ્ય મંદિરોમાં એક છે. મંદિર પરિસરમાં કોતરણી દ્વારા સમુદ્ર મંથનના અનેક પ્રસંગોની કથા ચિત્રિત છે. આ મંદિર 'મુની કી રેત' થી સડકમાર્ગે ૫૦ કિ.મી. અને નૌકા દ્વારા ૨૫ કિ.મી. દૂર છે. જે સ્વર્ગાશ્રમ પહાડી પર આવેલ છે. સમુદ્ર મંથનમાંથી નીકળેલ વિષ મહાદેવજીએ આ સ્થાને ગ્રહણ કરેલ. મંદિર પરિસરમાં પાણીનું એક સુંદર ઝરણું છે.

**(૯) બીનસર મહાદેવ મંદીર - રાનીખેત :** આ મંદિર રાનીખેતથી ૨૦ કિ.મી. દૂર કુંજ નદીના સુરમ્ય તટ પર ૫૫૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલ છે. ચારેબાજુ દેવદારના વૃક્ષોથી ઘેરાયેલ આ મંદિરનું નિર્માણ ૧૦ મી સદીમાં થયેલ છે. મંદિરની વાસ્તુકલા ઉત્તમ છે.

**(૧૦) ટપકેશ્વર મહાદેવ મંદિર - દહેરાદૂન :** દહેરાદૂન શહેરથી ૫ કિ.મી. દૂર એક પ્રાકૃતિક ગુફામાં આવેલ શિવલિંગ પર સતત પાણીના ટીપા દ્વારા અભિષેક થાય છે. એટલે એનું નામ 'ટપકેશ્વર મંદિર' પડ્યું છે. આ સ્થાનને ગુરૂ દ્રોણાચાર્યની તપોભૂમિ પણ માનવામાં આવે છે.

**(૧૧) તાડકેશ્વર મહાદેવ મંદિર - ટિહરી ગઢવાલ :** ૫ કિ.મી.ના વિસ્તારમાં ફેલાયેલ આ મંદિર બલૂત અને દેવદારના વૃક્ષોથી ઘેરાલું હોવાને કારણ અતિ રમણીય અને સુંદર છે. જેની આજબાજુ વહેતાં અનેક ઝરણાં મંદિરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

# યાત્રા સૃષ્ટિ

**(૧૨) કાંતેશ્વર મહાદેવ મંદિર - પિથોરગઢ :** આ મંદિર ચંપાવત શહેરની પૂર્વમાં ૬૦૦૦ ફૂટની ઊંચાઈ પર પહાડના શિખર પર ચંપાવત શહેરથી ૬ કિ.મી. દૂર આવેલ છે. અનોખી વાસ્તુકલાથી નિર્મિત આ મંદિર અદ્‌ભૂત છે. પર્યટન સ્થળ તરીકે પણ વિખ્યાત છે.

**(૧૩) કપિલેશ્વર મહાદેવ મંદિર - પિથોરગઢ :** પિથોરગઢથી ૩ કિ.મી. દૂર એક રમણીય પહાડી પર ૧૦ મીટર ઊંડી ગુફામાં આવેલ આ મંદિરમાં મહર્ષિ કપિલમુનિએ તપસ્યા કરી હતી. આ ગુફામાં પત્થરો પર શિવ, શિવલિંગ અને સૂર્યદેવની આકૃતિઓ જોવા મળે છે.

**(૧૪) મુક્તેશ્વર મહાદેવ મંદિર નૈનિતાલ :** ઉત્તરાખંડના નૈનિતાલ જીલ્લામાં આવેલ આ મંદિર ૨૩૧૫ મી.ની ઊંચાઈ પર કુમાઉ પહાડીઓ પર આવેલ છે. આ મંદિરમાં પ્રવેશવા માટે અનેક પગથિયાં ચડવા પડે છે. નૈનિતાલ જીલ્લામાં સૌથી ઊંચાઈ પર આવેલ છે.

**(૧૫) કન્દારીયા મહાદેવ - ખજૂરાહો :** મધ્યપ્રદેશના પ્રસિદ્ધ ખજૂરાહો પરિસરમાં સ્થિત આ મંદિર દેશ-વિદેશમાં વિખ્યાત છે. આ મંદિર તેની કોતરણી (શિલ્પકલા) માટે વિશ્વ વિખ્યાત છે. મંદિરની અંદર અને બહાર લગભગ ૯૦૦ થી વધુ મૂર્તિઓ છે. જેનું નિર્માણ ચંદેલ વંશના રાજા યશોવર્મને કરાવેલ. ખજૂરાહોના મંદિરમાં આ સૌથી મોટું મંદિર છે. મંદિરનું નિર્માણ ઈ.સ. ૯૯૯ માં થયેલ છે.

**(૧૬) દક્ષિણેશ્વર મહાદેવ મંદિર - હરદ્વાર :** હરદ્વારથી ૪ કિ.મી. દૂર કનખલ ક્ષેત્રમાં ગંગા નદીના કિનારે આવેલ આ મંદિરનું નામ દક્ષ પ્રજાપતિ પરથી રખાયેલ છે. અહીં જ દક્ષે યજ્ઞ કર્યો હતો. આ મંદિર ઈ.સ. ૧૮૧૦માં ધનકુંવરીએ બનાવેલ છે. ૧૯૬૨માં પુનઃનિર્માણ કરાયું.

**(૧૭) લિંગરાજ મંદિર - ભુવનેશ્વર :** આ મંદિર ઓડીસ્સાના વિખ્યાત મંદિરોમાં એક છે. જેનું નિર્માણ સોમવંશી રાજાઓ દ્વારા કરવામાં આવેલ. વાસ્તુકલાની દૃષ્ટિએ આ મંદિરનું નિર્માણ બલુઆ પત્થરથી કરવામાં આવેલ છે.

**(૧૮) બુહદેશ્વર મંદિર - તંજોર :** આ મંદિર વાસ્તુકલાની દ્રવિડ શૈલીનું સર્વશ્રેષ્ઠ કલાસીક મંદિર છે જેને યુનેસ્કો દ્વારા વિશ્વ ધરોહરમાં સામેલ કરાયું છે. મંદિરનું નિર્માણ રાજા ચોલ દ્વારા ૧૩ મી સદીમાં કરવામાં આવેલ.

**(૧૯) કોટિ લિંગેશ્વર મંદિર - કોલાર :** ભારતના સૌથી પ્રસિદ્ધ મંદિરોમાંનું એક આ મંદિર છે. જેના પરિસરમાં એક કરોડ શિવલિંગ સ્થાપિત કરાયા છે. આ મંદિરમાં શિવલિંગ ૩૩ મીટર લાંબુ છે અને નંદીની મૂર્તિ ૧૧ મીટર લાંબી છે.

**(૨૦) તારકેશ્વર મંદિર - પશ્ચિમ બંગાળ :** પશ્ચિમ બંગાળમાં હુગલી જીલ્લામાં આવેલ બંગાળનું સૌથી લોકપ્રિય મંદિર છે. આ લિંગ લીંગમ રાજા વિષ્ણુદાસના ભાઈને જંગલમાં મળેલ હતું. ત્યારબાદ મંદિરનું નિર્માણ રાજા વિષ્ણુદાસ દ્વારા કરવામાં આવેલ.

**(૨૧) ગરૂડેશ્વર મંદિર - કર્ણાટક :** કર્ણાટકના કન્નડ જીલ્લામાં આવેલ આ મંદિર એક પહાડની ઊંચાઈ પર અરબસાગરના પાણીથી ઘેરાયેલ છે. મંદિર પરિસરમાં સ્થાપિત મહાદેવની ૩૭ મીટર ઊંચી પ્રતિમા દુનિયાની બીજા નંબરની ઊંચી શિવ પ્રતિમા છે. આ મંદિર ૨૦ માળનું બનેલ છે.

**(૨૨) વડકુનાથન મંદિર - કેરળ :** અહીં ભગવાન શિવ વડકુનાથન તરીકે પૂજાય છે. કેરળના ત્રિશૂર શહેરમાં આવેલ આ મંદિર ભગવાન પરશુરામ દ્વારા બનાવવામાં આવેલ છે. અહીં માત્ર ઘી દ્વારા જ શિવલિંગની પૂજા થાય છે. અભિષેક બાદ ઘી પ્રસાદરૂપે અપાય છે.

**(૨૩) કાલહસ્તી મંદિર - આંધ્રપ્રદેશ :** આંધ્રપ્રદેશના ચિત્તુર જીલ્લામાં આવેલ મંદિરમાં શિવલિંગ સફેદ છે અને સ્વંયભૂ છે. આ મંદિરને દક્ષિણના કૈલાસ તરીકે મનાય છે. આ મંદિરનું નિર્માણ ૧૨ મી સદીમાં ચોલ અને વિજયગારા રાજાઓ દ્વારા કરવામાં આવેલ.

**(૨૪) ચિદંબરમ્ નટરાજ મંદિર - તામિલનાડુ :** તામિલનાડુના ચિદંબરમ્ શહેરમાં આવેલ આ મંદિર કલાની દૃષ્ટિએ સૌથી વધુ નમૂનેદાર છે. મંદિરનું પુનઃ નિર્માણ સમયાંતરે પલ્લવ, ચોલ, પાંડ્યા, વિજયનગર અને ચેરા રાજવંશો દ્વારા કરવામાં આવેલ. મંદિરના પ્રમુખ દેવતા નટરાજ શિવ છે. દ. ભારતના પ્રમુખ શિવાલયોમાંનું એક છે.

**(૨૫) ભૂતેશ્વરનાથ મહાદેવ - છત્તીસગઢ :** વિશ્વનું સૌથી મોટું પ્રાકૃતિક શિવલિંગ ગરીયાબંદ જીલ્લાના મરૌદા ગામમાં ગાઢ જંગલની વચ્ચે આવેલ છે. આ શિવલિંગ જમીનથી ૧૮ ફૂટ ઊંચુ અને ૨૦ ફૂટ ગોળાકાર છે. શ્રાવણ મહિનામાં અહીં મોટી સંખ્યામાં શિવભક્તો (કાવડીયા) આવી શિવલિંગની પૂજા અનેક પવિત્ર નદીઓના જળથી કરે છે. મહાશિવરાત્રી અને શ્રાવણ માસમાં અહીં મોટો મેળો ભરાય છે. છત્તીસગઢની રાજધાની રાયપુરથી આ સ્થાન ૯૦ કિ.મી. દૂર છે. સરકારી વિભાગ દ્વારા દર વર્ષે શિવલિંગ માપવામાં આવે છે. એ મુજબ આ શિવલિંગ દર વર્ષે ૬ થી ૮ ઈંચ મોટું થતું જાય છે.

**(૨૬) સર્વેશ્વર અને કુંડેશ્વર મહાદેવ - ઉજ્જૈન (મધ્યપ્રદેશ) :** મહાકાલની નગરી ઉજ્જૈનમાં મહર્ષિ સાંદીપની ઋષિના આશ્રમમાં આ બંને પ્રાચીન શિવાલય આવેલા છે. આ સ્થળે જ કૃષ્ણ અને સુદામાએ આશ્રમમાં અભ્યાસ કર્યો હતો. આશ્રમમાં ઉભા નંદીની પ્રાચીન અદ્‌ભૂત મૂર્તિ આવેલ છે. શ્રીકૃષ્ણ, કુબેર, સાંદીપની ઋષિ, સુદામા અને બલરામની પ્રાચીન મૂર્તિઓ પણ જોવા મળે છે. ભગવાન કૃષ્ણ દ્વારા નિર્મિત ગોમતીકુંડ પણ અહીં જ આવેલ છે. આ આશ્રમ મહાકાલેશ્વર જ્યોતિર્લિંગથી આશરે ૫ કિ.મી. દૂર છે. આ બંને શિવાલય ૬૬૮૮ વર્ષ પૌરાણિક હોવાનું મનાય છે. જેમાં શિવલિંગની સાથે શેષનાગના અદ્‌ભૂત દર્શન થાય છે.

**(૨૭) રાજરાજેશ્વર મંદિર-મહેશ્વર (મધ્યપ્રદેશ) :** મધ્યપ્રદેશના મહેશ્વરમાં આવેલ આ શિવાલય સાડા પાંચ હજાર વર્ષ પુરાણુ છે. ત્રેતાયુગમાં ભગવાન પરશુરામે આ શિવાલયની સ્થાપના કરી હતી. મંદિરની વિશેષતા એ છે કે મંદિરના ગર્ભગૃહમાં અખંડ ૧૧ નંદા દિપક હજારો વર્ષથી નિરંતર પ્રજ્જવલિત છે. નર્મદા નદીના કિનારે આવેલ આ શિવમંદિરના દર્શનાર્થે દર વર્ષે લાખો લોકો આવે છે.

**(૨૮) તક્ષકેશ્વરનાથ મંદિર - પ્રયાગરાજ (અલ્હાબાદ) :** ત્રિવેણી સંગમ નગરીમાં યમુના કિનારે આવેલ આ સુપ્રસિદ્ધ મંદિર પ્રયાગરાજમાં 'બડા શિવાલા' તરીકે વિખ્યાત છે. વિશ્વનું એક માત્ર તક્ષક તીર્થસ્થાન છે. શિવલિંગની પ્રાચીનતા સંદર્ભે તેનો ઉલ્લેખ પદ્મપુરાણના ૮૨ અને પાતાળ ખંડના પ્રયાગ માહત્મ્યમાં ૮૨ માં અધ્યાયમાં આ મંદિરનો ઉલ્લેખ મળે છે. માન્યતાનુસાર આ મંદિરના દર્શનથી વિષ બાધામાંથી મુક્તિ મળે છે.

# યાત્રા સૃષ્ટિ

**(૨૯) નિષ્કલંક મહાદેવ - ભાવનગર (ગુજરાત) :** ગુજરાતમાં ભાવનગર શહેરથી ૨૫ કિ.મી. અને કોળીયાક કિનારાથી ૩ કિ.મી. અંદર અરબી સમુદ્રમાં આવેલ છે. સમુદ્રમાં ભરતીના સમયે શિવલિંગ અદશ્ય થઈ જાય છે. ઓટ આવે ત્યારે યાત્રિકોએ પાણીમાં ૩ કિ.મી. પગપાળા ચાલવું પડે છે. આ મંદિરનો ઈતિહાસ મહાભારત કાળની પાંડવોની કથા સાથે જોડાયેલ છે. અહીં આવીને પાંડવોને પોતાના ભાઈઓની હત્યાના પાપમાંથી મુક્તિ મળતાં નિષ્કલંક મહાદેવની સ્થાપના કરી હતી. મહાદેવે પાંચ પાંડવોને લિંગરૂપે અલગ-અલગ દર્શન આપ્યા હતા. આ પાંચેય શિવલિંગ અત્યારે પણ જોવા મળે છે. આ પાંચેય શિવલિંગ અને નંદી એક વર્ગાકાર ચબુતરા પર આવેલ છે. આ ચબુતરા પર નાનું પાણીનું તળાવ છે જે પાંડવ તળાવ કહેવાય છે. ભાદરવા મહિનાની અમાસ પર અહીં મોટો મેળો ભરાય છે.

**(૩૦) ભવનાથ મહાદેવ - જૂનાગઢ :** સૌરાષ્ટ્રમાં ગીર-સોમનાથ જીલ્લામાં પ્રાચીન ગિરનાર પર્વતની તળેટી અને જંગલમાં જૂનાગઢ શહેરથી ૩ કિ.મી. દૂર ભવનાથ મહાદેવનું પ્રાચીન શિવાલય આવેલ છે. અહીં દર વર્ષે મહાશિવરાત્રિ પર ૫ દિવસના મેળાનું આયોજન થાય છે. જેમાં દેશ-વિદેશમાંથી અનેક લોકો આ અદ્ભૂત શિવરાત્રિ મેળામાં આવે છે. દેશભરના અખાડામાંથી આવતા સાધુઓ અને નાગાબાવાઓ પોતાના અલગ-અલગ કરતબોથી મંત્રમુગ્ધ કરી દે છે. આ મેળામાં અનેક ચમત્કારી અને દિવ્ય સાધુઓ જોવા મળે છે. અહીં આવેલ મૃગીકુંડમાં સાધુ-સંતો મહાશિવરાત્રિના દિવસે પવિત્ર સ્નાન કરે છે. આ મૃગીકુંડ માત્ર મહાશિવરાત્રિ પર નાગાબાવા અને સાધુઓના સ્નાન માટે મધ્યરાત્રિએ ખોલવામાં આવે છે. મૃગીકુંડ સાથે રાજા ભોજની કથા (હરણમાંથી સુંદરી બનવાની કથા) જોડાયેલ છે અને ભવનાથ મંદિર અને વિસ્તાર સાથે મહાદેવ અને માતા પાર્વતીની પૌરાણિક કથા જોડાયેલી છે. મહાશિવરાત્રિના મેળામાં દર વર્ષે પાંચ લાખથી વધુ લોકો લાભ લઈ ધન્ય બને છે. ગિરનાર પર્વતની પરિક્રમા અને ગિરનાર પર્વતના સૌથી ઊંચા શિખર પર આવેલ દત્તાત્રેય મંદિર અને ગિરનારની મધ્યમાં આવેલ અંબાજી મંદિરનું વિશેષ મહત્ત્વ છે.

**(૩૧) દ્રોણેશ્વર મહાદેવ - ગીર સોમનાથ, સૌરાષ્ટ્ર :** પાંચ હજારથી વધુ વર્ષ પ્રાચીન દ્રોણેશ્વર મંદિર સાસણગીરના જંગલમાં ઉનાથી ૧૦ કિ.મી. દૂર છે. દ્રોણેશ્વર મહાદેવ મંદિર પાસે દ્રોણેશ્વર ડેમ આવેલ છે. ધોધમાં સ્નાન કરવાની મજા દિવાળી સમયે માણી શકાય છે. મંદિરની બાજુમાં હનુમાનજીનું ભવ્ય મંદિર અને વિશાળ જગ્યામાં ગાર્ડન આવેલ છે. ગીરગઢડાથી નજીક આવેલ. આ સ્થાને દર વર્ષે લાખો પર્યટકો આવે છે. પાંડવોની શોધમાં ગુરૂ દ્રોણાચાર્ય આ સ્થાને આવેલ. અહીં નદી કિનારે શિવલિંગની સ્થાપના કરી ત્યારબાદ શિવલિંગની પૂજા-અર્ચના માટે પહાડમાં તીર મારી ગંગાજી પ્રગટ કર્યા. ત્યારથી શિવલિંગ પર જળનો અભિષેક અવિરત ચાલુ છે. ગીરના જંગલની વનરાજી અને વનરાજને જોવાની અમૂલ્ય તક યાત્રિકોને મળે છે.

**(૩૨) પાતાળેશ્વર મહાદેવ - ગીર સોમનાથ, સૌરાષ્ટ્ર :** આ મંદિર ગીરની મધ્યમાં ગાઢ જંગલમાં આવેલ છે અને સ્વયંભૂ પાંડવોના સમયનું માનવામા આવે છે. આ મંદિર ઉનાથી જામવાડા થઈ ૨૦ કિ.મી. દૂર છે. ગીરના ગાઢ જંગલમાં આ મંદિરની આસપાસ સિંહ, વાઘ, દીપડા જેવા પ્રાણીઓ નિવાસ કરે છે. આ મંદિર શ્રાવણ મહિનામાં ૩૦ દિવસ અને શિવરાત્રિના ૮ દિવસ જ ભાવિકો માટે ખુલ્લુ મૂકવામાં આવે છે. મંદિર જવાનો રસ્તો ઉબડખાબડ છે. ફોરવ્હીલ ગાડી લઈને જવું મુશ્કેલ છે. ચોતરફ ફેલાયેલી હરિયાળીને માણવાની સાથે સિંહની ડણક સાંભળવાનો અદ્ભૂત લ્હાવો મળે છે. રાજકોટથી આ સ્થાન ૨૩૦ કિ.મી. દૂર છે. પાતાળમાંથી સ્વયંભૂ પ્રગટ થયેલ પાતાળેશ્વર શિવલિંગના દર્શનથી ભાવિકો ધન્યતા અનુભવે છે.

**(૩૩) દક્ષિણામૂર્તિ મંદિર - વડોદરા, ગુજરાત :** મહાદેવનું આ અદ્ભૂત મંદિર EME મંદિર તરીકે પણ ઓળખાય છે. આ અદ્ભૂત મંદિર ભારતીય સેનાના ઈલેક્ટ્રીકલ અને મિકેનીકલ એન્જિનિયરોના સમૂહ દ્વારા બનાવાયેલ છે. આધુનિક વાસ્તુકલાની વિશેષતા સાથે બનાવેલ આ મંદિર શિવના દક્ષિણામૂર્તિ (મુખ્ય શિક્ષક) સ્વરૂપને સમર્પિત છે. જે ભારતીય વાયુ સેના દ્વારા સંચાલિત છે. એલ્યુમિનિયમમાંથી બનાવાયેલ આ મંદિરમાં એક ખૂબસુરત બગીચો આવેલ છે. ત્યાંથી ૬ થી ૧૬ મી સદી સુધીની પ્રાચીન મૂર્તિઓનું સંગ્રહાલય છે. ધર્મપ્રેમી, કલાપ્રેમી અને ઈતિહાસ પ્રેમીઓનું આ મંદિર અલૌકિક છે.

**(૩૪) કુબેરભંડારી મહાદેવ - કરનાલી, ગુજરાત :** વડોદરાથી ૬૦ કિ.મી. દૂર ડભોઈ પાસે કરનાલી ગામમાં નર્મદા નદીના કિનારે આવેલ સ્વયંભૂ શિવમંદિર ૮૦૦ ફૂટની ઊંચાઈ પર છે, જે ૨૫૦૦ વર્ષ પુરાણુ છે. દર અમાસના દિવસે અહીં ૫ લાખથી વધુ લોકો દર્શનાર્થે આવે છે. પ્રાચીન કથાનુસાર રાવણે નાનાભાઈ કુબેરને લંકામાંથી કાઢી મૂકતાં કુબેરે નર્મદા કિનારે આ સ્થાને આવી ભગવાન શિવનું તપ કરતાં મહાદેવે પ્રસન્ન થઈ તેને દેવતાઓનાં ધનની રક્ષાની જવાબદારી સોંપતાં તે 'કુબેરભંડારી' કહેવાયા. ભગવાન શિવે આ સ્થળે સ્વયંભૂ પ્રગટ થઈ કુબેરની પણ સ્થાપના કરી. કરનાલીના સામેના કિનારે નિલકંઠ ધામ - સ્વામિનારાયણ મંદિર - પોઈચા ખૂબ જ સુંદર સ્થળ છે. નૌકા દ્વારા અહીં ૧૫ મિનિટમાં પહોંચી શકાય છે. અમાસને દિવસે થતી ભીડને ધ્યાનમાં લઈ વડોદરાથી કરનાલી માટે એસ.ટી. દ્વારા સ્પે. બસની વ્યવસ્થા કરવામાં આવે છે.

**(૩૫) સ્તંભેશ્વર મહાદેવ - વડોદરા, ગુજરાત :** ગુજરાતમાં ભરૂચ જીલ્લામાં કવિ કંબોઈ સ્થાન પર દરિયાકિનારે આ મંદિર આવેલ છે. જે વડોદરાથી ૭૫ કિ.મી. અને ભરૂચથી ૯૭ કિ.મી. દૂર છે. આ શિવાલયની ખાસીયત એ છે કે આ મંદિરમાં શિવલિંગના દર્શન ફક્ત એક જ વખત થાય છે. બાકી સમય આ મંદિર સમુદ્રમાં ડૂબેલું રહે છે. દરિયાકિનારે આવતી ભરતી-ઓટને કારણે સમુદ્રનું પાણી દિવસમાં બે વાર સવાર અને સાંજ મંદિરમાં આવી મહાદેવને જલાભિષેક કરી સમુદ્રમાં ચાલ્યું જાય છે. ભરતીના સમયે શિવલિંગ સંપૂર્ણ જળમગ્ન થઈ જતાં એ સમયે કોઈને જવાની અનુમતિ નથી. આ મંદિરનો ઉલ્લેખ શિવપુરાણમાં રૂદ્ર સંહિતાના અગિયારમાં અધ્યાયમાં મળે છે. સ્કંદપુરાણમાં પણ આ મંદિરના નિર્માણ સંબંધી વિસ્તૃત માહિતી મળે છે. તારકાસુર રાક્ષસની પ્રાચીન કથા આ સ્થાન સાથે જોડાયેલી છે.

**(૩૬) ચિરક્કાડવું મહાદેવ - કેરળ :** આ મંદિરમાં સ્વયંભૂ લિંગ આવેલ છે. ૧૦૦ વર્ષ જૂના આ મંદિરની સ્થાપના અલવરના શાસનકાળ દરમ્યાન કરાયેલ. ચોમાસામાં આ શિવલિંગ જલમગ્ન થઈ જાય છે. સબરીમાલા જનાર યાત્રિકો મહાદેવના આશીર્વાદ લે છે. કારણ કે શિવને ભગવાન અયપ્પાના પિતા માનવામાં આવે છે. આ મંદિર કોટ્ટયમ શહેરથી લગભગ ૩૨ કિ.મી. દૂર ચિરક્કાડવુમાં આવેલ છે. ■

મો. ૯૪૨૭૪ ૯૫૧૭૫ Email : ykgoswami@gmail.com



## યુવાનોના પ્રેરણાસ્રોત
## સ્વામી વિવેકાનંદ

# પુણ્યભૂમિ ભારત

**ગતાંકથી ચાલુ....**

આ જ ભૂમિમાં જીવન અને મૃત્યુના, જીવનની તૃષાના અને જીવનને જાળવવાના ઘેલાં ને વૃથા વલખાં, જેના પરિણામે કેવળ વિષાદ વંટોળ જ વધતો જતો હતો એવા મહા પ્રશ્નો સામે પહેલ વહેલી બાથ ભીડવામાં આવી. અગાઉ કદીયે ઊકલ્યા નહોતા ને હવે પછી કદીયે જે ઊકલવાની આશા નથી એવા કોયડાઓ ઉકેલાયા, કારણ કે જીવન પોતે પણ એક અનિષ્ છે - સત્યની માત્ર છાયા છે - એ સત્ય એકલી આ જ ભૂમિમાં શોધી કાઢવામાં આવ્યું.

માત્ર ભારતભૂમિમાં જ ધર્મ વ્યવહારુ અને વાસ્તવિક સ્વરૂપ પામ્યો હતો. બીજા પ્રદેશોમાં મનુષ્યો જીવનનો વિલાસ માણવા ઘેલા બની કૂદી પડે છે અને પોતાના નિર્બળ બંધુઓને લૂંટી લે છે પણ એકલી આ ભૂમિમાં જ નરનારીઓએ પોતાનું ધ્યેય પાર પાડવા જુદી રીતે ઝંપલાવ્યું.

એકલી આ જ ભૂમિમાં માનવહૈયું એટ-એટલું વિસ્તાર પામ્યું કે તેણે માત્ર માનવોને જ નહિ, પરંતુ પંખીઓ, પશુઓ અને વનસ્પતિને, ઉન્નત દેવોથી માંડી નાના નાના રેતીના કણોને ઊંચ અને નીચ સર્વને પોતાનામાં સમાવી દીધાં. માનવ હૈયામાં એ સૌને સ્થાન મળ્યું, એમાં જ એમણે વિકાસ સાધ્યો અને અનંત દશા પ્રાપ્ત કરી.

અને આ જ ભૂમિમાં માનવ - આત્માએ વિશ્વની ઘટમાળાનો સંપૂર્ણ અભ્યાસ કર્યો એની રગેરગ પોતાની છે એવો સાક્ષાત્કાર કર્યો, અને એની સાથે અભંગ તાદાત્મ્ય સાધ્યું.

**નમ્ર હિન્દુ :** જગત પર આપણી માતૃભૂમિનું ઋણ અગાધ છે. દેશ દેશ સાથે સરખામણી કરી જોશો તો જણાશે કે જગત ધીર નમ્ર હિંદુનું જેટલું ઋણી છે એટલું બીજી કોઈ જાતિનું નથી. 'નમ્ર હિન્દુ' શબ્દો કેટલીક વાર નિર્ભર્ત્સના સ્વરૂપે વપરાય છે. એ નિર્ભર્ત્સનાની અંદર પણ એક અદ્‌ભૂત છુપાયેલું છે. 'નમ્ર હિન્દુ' એ પરમાત્માનું ધન્ય બાળક છે. હંમેશાં એના પર ઈશ્વરના આશીર્વાદ ઊતર્યા જ છે.

પ્રાચીન તેમ જ અર્વાચીન કાળમાં શક્તિશાળી મહાન જાતિઓએ મહાન વિચારો આપ્યા છે. પ્રાચીન તેમજ અર્વાચીન કાળમાં અદ્‌ભૂત વિચારો એક જાતિમાંથી બીજી જાતિમાં પ્રચાર પામ્યા છે. પ્રાચીન અને અર્વાચીન કાળમાં રાષ્ટ્રીય જીવનના પ્રગતિશીલ તરંગોએ 'મહાન સત્તા અને સત્ય' નાં બીજ જગતભરમાં વેર્યાં છે. પરંતુ યાદ રાખો મિત્રો, કે એ બધું રણશિંગાંના દુંદુભિનાદ સાથે આગેકૂચ કરતા સૈન્યોના પ્રતાપે બન્યું છે. પ્રત્યેક વિચારસરણીને લોહીના ફુવારામાં પખાળવી પડી છે. આપણી માનવજાતના કરોડોના રક્તપંકમાંથી પ્રત્યેક વિચારધારાને પોતાનો માર્ગ મોકળો કરવો પડ્યો છે. શક્તિના સાદે સાદે કરોડોની દર્દીચીસો સાંભળવા મળી છે. અનાથના કલ્પાંતો પડ્યા છે, વિધવાનાં અશ્રુઓની સરિતાઓ વહી છે. અન્ય રાષ્ટ્રોએ મુખ્યત્વે આપણને આ શીખવ્યું છે.

જ્યારે ગ્રીસનું નામોનિશાન નહોતું, રોમની જ્યારે કોઈને કલ્પના પણ નહોતી, જ્યારે એવા ચીન યુરોપિયનોના ખુદ વડવાઓ જંગલોમાં રઝળતા હતા અને તેમના દેહને રંગોમાં છુપાવતા હતા ત્યારે આ ભૂમિ એકલી જ પ્રવત્તિશીલ હતી. એથીયે પહેલાં, ઈતિહાસે પણ જે કાળની નોંધ રાખી નથી એને પ્રણાલિકા તો એ ઘેરા ભૂતકાળના વિષાદમાં નજર સરખી પણ નાખી શકતી નથી ત્યારથી તે છેક આજ સુધી આ જ ભૂમિમાંથી વિચારધારાઓની પરંપરા ફૂટ્યાં કરે છે અને જગતભરમાં વ્યાપી ગઈ છે; પરંતુ એ પ્રત્યેક બોલની પાછળ આશીર્વાદના અમીવર્ષણ છે, શાંતિનો આદર્શ છે, સારાય વિશ્વના રાષ્ટ્રોમાં કદીયે આપણે એક વિજેતા જાતિ તરીકે મુલ્કમશહુર બન્યા નથી. એ જ આપણા મસ્તક પર એક મોટા આશીર્વાદ સમાન છે.

**અમર ભારત :** એક એવો પણ સમય હતો જ્યારે વિરાટ ગ્રીક સેનાની આગેકૂચના નિનાદે ધરણી ધ્રુજી ઊઠતી; એ પ્રાચીન ભૂમિનું આજે પૃથ્વીના પટ પરથી નામોનિશાન ભૂંસાઈ ગયું છે. આજે કહેવાતી એની કથાઓની એક વાત બાકી રહેવા પામી નથી. એવો પણ સમય હતો જ્યારે ગરુડે જગતમાં જે કાંઈ લેવા જવું હતું તેના પર તરાપ મારી હતી. જ્યાં જુઓ ત્યાં રોમન સત્તા દષ્ટિગોચર થતી, કહો કે માનવતાને માથે ઠોકી બેસાડવામાં આવતી. રોમના નામશ્રવણે ધરા ધ્રૂજી ઊઠતી હતી; પરંતુ આજે એ કેપીટોલાઈન ટેકરી ભંગારનો ઢગલો છે. જ્યાં સીઝરો રાજ્ય કરતા હતા ત્યાં આજે કરોળિયાનાં જાળાં બાઝી ગયાં છે, એવા જ મુલ્કમશહુર બીજા ઘણાંય રાષ્ટ્રો ઊગ્યાં ને આથમ્યાં, વિરાટ સત્તાધીશ બની, દુષ્ટ રાષ્ટ્રીય જીવન જીવી, વૈભવ વિલાસના થોડાક કલાકો એમણે માણી લીધા; પછી સિન્ધુ સપાટીએ તરતાં બુદબુદ પેઠે એ અદશ્ય થયાં. માનવતાના મુખારવિંદ પર આ રાષ્ટ્રો આવી છાપ મૂકી ગયાં છે.

પરંતુ આપણે હજી જીવીએ છીએ. કદાચ આજે પણ મનુ ભગવાન પાછા વળે તો એમને દિગ્મૂઢ બની જવા વારો નહિ આવે. કોઈ પારકી ભૂમિ પર પોતે આવી પડ્યા છે એવું એમને નહિ લાગે. આજે પણ અસલની એ પ્રણાલીઓ મોજુદ છે. હજારો વર્ષો વીતી ચૂક્યાં છે છતાં એ જ કાયદાઓ વ્યવસ્થિત થાય છે ને વિચારાય છે. યુગોના બુદ્ધિપ્રભાવશાળી અને સદીઓના અનુભવથી પરિપાક પામેલા રીતરિવાજો આજે પણ મોજૂદ છે - જાણે અનંતકાળ ટકી રહેવા સર્જાયા ન હોય ! દિવસો પર દિવસો વીતે છે. કમનસીબીના પ્રહાર ઉપર પ્રહાર એમના પર ઝીંકાય છે; પરંતુ એ પ્રહારની માત્ર એક જ અસર થઈ છે - એથી વધુ જોમ પૂરાયું છે. અડગતા પ્રાપ્ત થઈ છે - અને આ બધાંના મધ્યબિંદુને, જેમાંથી રાષ્ટ્રીય જીવનનો રક્તપ્રવાહ વહે છે એ રાષ્ટ્રીય જીવનના મૂળ સ્રોતરૂપ હૃદયને શોધવાં હોય તો તે અહીં જ છે. જગતના અનુભવને અંતે નીકળતા મારા આ બોલ પર વિશ્વાસ રાખજો.

આ એ જ ભારતભૂમિ છે. જેણે સદીઓના સપાટા ઝીલ્યા છે, સેંકડો વિદેશી આક્રમણો વેઠ્યાં છે. આજે એ જ ભૂમિ જગતના કોઈ ખડક કરતાં વધારે અચલતાથી ઊભી છે, એનું જોમ જાગ્રત છે, એનું જીવન અવિનાશી છે. એનું જીવન એટલે આત્માની જ પ્રકૃતિ, એને આદિ નથી, અન્ત નથી. એ અમર છે. આપણે એ માતૃભૂમિનાં સંતાનો છીએ. ■

# આરોગ્ય સૃષ્ટિ



**ડો. બિનિતાબેન ઠાકોર**

લેખિકા ભારતના અગ્રગણ્ય ગ્લોકોમા સર્જન અને ગ્લોકોમાં સેન્ટરના ડાયરેક્ટર તથા સિનિયર ડોક્ટર છે. અમદાવાદની શેલ્બી હોસ્પિટલ ખાતે કાર્યરત છે.

# આંખનો અજ્ઞાત શત્રુ : ઝામર

**ઘ**ણાં સમયથી પ્રવિણાબહેન ઝામરના રોગથી પીડાતા હતા. આ અસહ્ય વેદનાથી છૂટકારો મેળવવા માટે પ્રવિણાબહેને ભૂતકાળમાં અનેક હૉસ્પિટલોના આંખના એકથી એક ચઢિયાતા અને અત્યંત અનુભવી ડૉક્ટરોને બતાવ્યું હતું. પારાવાર પીડા સહન કરી રહેલાં પ્રવિણાબહેને અનેક ડૉક્ટરોએ આંખનો ડોળો કઢાવી નાંખી પીડાથી છૂટકારો મેળવવાની સલાહ આપેલ, પરંતુ કોણ જાણે કેમ પ્રવિણાબહેનનું મન માનતું નહોતું.

**ઝામરની જાગૃતિ માટે માર્ચ મહિનાના બીજા અઠવાડિયાને ઝામર સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે.**

પ્રવિણાબહેન તેમની દીકરી સાથે શેલ્બી હૉસ્પિટલ ખાતે મને એક મહિના પહેલાં બતાવવા આવ્યા. અત્યંત ચીવટ અને બારીકાઈથી તપાસ કર્યા






બાદ મેં પ્રવિણાબહેનને જણાવ્યું કે, જો ઓપરેશનનો પ્રયત્ન કરીએ તો આંખ બચી શકે છે. પ્રવિણાબહેન, તેમના પતિ અને પરિવારજનો ઓપરેશન કરાવવા તૈયાર થયાં.

ઓપરેશનના ૨૪ કલાક પછી પ્રવિણાબહેનની આંખે બાંધેલ પટ્ટી ખોલવામાં આવી. દુઃખાવો તો ગાયબ થવાની સાથે - સાથે આંખ બચ્યાનો આનંદ દર્દીના પરિવારની સાથે હૉસ્પિટલના સ્ટાફે અનુભવ્યો. દરેક સપ્તાહે આંખમાં વિઝન વધતું ગયું અને ખુશીની વાત તો એ છે કે આજે પ્રવિણાબહેન સારી રીતે ઘરકામ કરી શકે છે અને ઓપરેશન થયેલ આંખે વાંચી પણ શકે છે.


વ્હાલા વાચક મિત્રો ઝામરને અંગ્રેજીમાં 'ગ્લોકોમા' અને હિન્દીમાં 'કાલા પાણી' તરીકે ઓળખવામાં આવે છે. ઝામર આંખનો અત્યંત ગંભીર રોગ છે, જે આપણી આંખમાં અજ્ઞાત શત્રુ તરીકે ભૂમિકા ભજવે છે.

ઝામરની પરિસ્થિતિમાં આંખમાં અસામાન્ય દબાણ ઉત્પન્ન થવાને કારણે આંખની પાછળના ભાગમાં આવેલી ઓપ્ટીક નસ ધીરે - ધીરે સુકાતી જાય છે અને સાથે - સાથે દૃષ્ટિક્ષેત્ર પણ સંકોચાતું જાય છે. જો આ પરિસ્થિતિમાં તકેદારી સાથે સમયસર સારવાર ન કરવામાં આવે તો વ્યક્તિની દૃષ્ટિને કાયમી માટે નુકસાન પહોંચે છે. ગ્લુકોમામાં કોઈપણ પ્રકારના





પ્રારંભિક લક્ષણો તરત ઓળખાતા નથી, જેના કારણે મોટાભાગના લોકો પ્રારંભિક તબક્કે તેના વિશે અજાણ રહે છે.



ઝામરના લક્ષણોમાં પ્રકાશ પ્રત્યે અત્યંત સંવેદનશીલતા, અસ્પષ્ટ દૃષ્ટિ, આંખોમાં તીવ્ર પીડા, આંખો વારંવાર ભીની થવી, લિમિટેડ ફોક્સ જેવાં લક્ષણોનો સમાવેશ થાય છે. બ્લડપ્રેશર, ડાયાબિટીસ કે થાઈરોઈડના દર્દીઓને ઝામર થવાની શક્યતાઓ છે. જો પરિવારમાં કોઈને પહેલેથી ઝામર હોય તો તેમના સંતાનોએ નિયત સમયાંતરે આંખોની તપાસ કરાવવી અત્યંત આવશ્યક છે. ઝામર જન્મજાત પણ થઈ શકે છે.

■ ■ ■

## આરોગ્ય સૃષ્ટિ



**ડો. જિતેન્દ્ર અઢિયા (M.D.)**
માઈન્ડ ટ્રેનર એન્ડ લાઈફ કોચ
ચેરમેનશ્રી - મોટીવેશનલ કમિટી - VUF

# સમતોલ આહાર અને આરોગ્ય

**પરિચય :** ડૉ. જિતેન્દ્ર અઢિયા એક મેડિકલ ડૉક્ટર છે. પણ તેમણે ૩૦ વર્ષ સુધી પ્રેક્ટિસ કરીને મેડિકલ લાઈન છોડી ટ્રેનિંગ ફિલ્ડમાં એન્ટ્રી લીધી છે. તેઓએ ૪૫ થી વધુ દેશમાં માઈન્ડ પાવરની ટ્રેનિંગ આપી છે અને વિવિધ ભાષામાં કુલ મળીને ૧૨૨ પુસ્તક બજારમાં મૂક્યા છે. હાલમાં તેમનું "પ્રેરણાનું ઝરણું" પુસ્તકની ૧૦ લાખ નકલ વેચાઈ છે. તેઓ અમદાવાદમાં રહે છે અને વિશ્વ ઉમિયાધામમાં પોતાની સ્વૈચ્છિક સેવા આપે છે. તેઓ હોબી પાઈલોટ પણ છે.

**આ**પણા માટે સમતોલ આહાર ખૂબ જરૂરી છે. જેમ વનસ્પતિને વૃદ્ધિ માટે જુદા જુદા ખાતરની જરૂર પડે છે. તેવી જ રીતે આપણને જીવવા માટે ખોરાકની જરૂર પડે છે. જેમ પાકમાં યોગ્ય પ્રમાણમાં ખાતર ન નાખતાં છોડનો વિકાસ પૂરેપૂરો થતો નથી અને તે કરમાઈ જાય છે. તેવી જ રીતે માણસને સમતોલ આહાર ન મળતા તેનો વિકાસ પણ અધૂરો રહે છે અને પોષણના અભાવે રોગો સામે લડવાની શક્તિ ઘટી જાય છે અને આપણે અનેક જોખમી રોગોનો ભોગ બની શકીએ છીએ. પૂરતા પોષણના અભાવે બાળકો જીવતા રહે તો પણ તેઓનો વિકાસ સંતોષકારક હોતો નથી તથા તેઓ અંધાપો, ચામડીના રોગો, કુપોષણનો ભોગ બને તેવી શક્યતા વધી જાય છે.

આની પાછળ એક મોટું કારણ એ છે કે આપણે જે ખોરાક લઈએ છીએ તે યોગ્ય અને પૂરતો છે તેમ આપણે માનીએ છીએ. કારણ કે આપણા પૂર્વજો તેનો ઉપયોગ પહેલેથી (વર્ષોથી) કરતા આવ્યા છે. પરંતુ ઊદ્યોગીકરણ અને શહેરીકરણને આહારની ટેવોમાં જે ફેરફારો થાય છે તેનાથી ફાયદાને બદલે નુકશાન જ થાય છે. જેમ કે મેંદો, તેલ, ઘી, ખાંડ, મધ વગેરે ચીજવસ્તુઓનો વધારે પડતો ઉપયોગ તબિયત માટે હાનિકારક છે. આ ઉપરાંત ખોરાકમાં અનિયમિતતા તથા સમતોલ આહાર કેવો હોવો જોઈએ. ચાલો તેના વિશે જાણીએ.

સમતોલ આહાર એવો હોવો જોઈએ કે જેમાં અનાજ, કઠોળ, લીલી શાકભાજી, ફળ, દૂધ, ઘી, તેલ, ગોળ, ખાંડ જેવાં જીવનજરૂરી પોષક તત્વો યોગ્ય પ્રમાણમાં હોય અને જો તેનું યોગ્ય પ્રમાણ ખોરાકમાં જળવાય તો આપણે આખી જીંદગી તંદુરસ્ત અને મજબૂત વીતાવી શકીએ.

સમતોલ આહારમાં કુલ ચાર પ્રકારના ખોરાકનો સમાવેશ થવો જોઈએ. આ ચાર પ્રકારના ખોરાકનો સમાવેશ કરવાથી માણસને બધા જ જરૂરી પોષક તત્વો મળી રહે છે. જેમ કે ખાલી ભાત અથવા બટેકા ખાવાથી પેટ ભરાય છે પરંતુ બધા જરૂરી પોષક તત્વો નથી મળતા પરિણામે શરીર રોગોનું ઘર બને તેની શક્યતા વધી જાય છે. આમ ન થાય તે માટે આપણે સમતોલ ખોરાક લેવો જોઈએ. ઉપર જણાવેલ ચાર પ્રકારના ખોરાક આ મુજબ છે.

### ૧. શક્તિ આપતા ખાદ્ય પદાર્થ :

શરીરને કોઈપણ કામ કરવા શક્તિની જરૂર પડે છે અને શક્તિ ખોરાકમાંથી જેમ કે ઘઉં, બાજરી, તેલ, ઘી, ચોખા, મકાઈ, જુવાર વગેરે અનાજ તથા ખાંડ અથવા ગોળ વગેરેમાંથી પ્રાપ્ત થાય છે. આથી ઉપર જણાવેલ શક્તિ આપતા ખાદ્ય પદાર્થોનો ખોરાકમાં વધારે સમાવેશ કરવો જોઈએ.

### ૨. રોગ સામે રક્ષણ આપતા ખાદ્ય પદાર્થો :

રોગ સામે રક્ષણ આપતા ખોરાકમાં લીલા-તાજાં શાકભાજી જેવા કે મેથી, પાલક, મૂળો વગેરે તથા રંગીન જેવા કે ગાજર, ટામેટાં, બીટ, રીંગણ વગેરેનો સમાવેશ થાય છે. આપણી અનુકુળતા પ્રમાણે આ બધામાંથી રોજ ઋતુ પ્રમાણે એક શાકભાજી તો ખોરાકમાં લેવું જ જોઈએ. એવું નથી કે માત્ર મોંઘા જ ફળો ખાવા. તે જ સારા હોય છે તેવું નથી. આપણી આર્થિક શક્તિ મુદબ કોઈપણ ફળ પણ દિવસમાં ઓછામાં ઓછું ૧ ફળતો ખાવું જ જોઈએ.

### ૩. શરીરની વૃદ્ધિ અને વિકાસ કરતા ખોરાક :

શરીરની વૃદ્ધિ માટે અને તેના વિકાસ માટે ખોરાકમાં દૂધ, દૂધની બનાવટો જેમ કે દહીં, છાશ વગેરે તથા કઠોળ, દાળ જેમ કે મગ, ચણા, તુવેર દાળ, અડદ દાળ, વગેરેનો સમાવેશ કરવો જોઈએ. માંસાહારી લોકોએ યોગ્ય પ્રમાણમાં ઈંડા, માછલી, માંસ વગેરેનો સમાવેશ કરવો જોઈએ. આ ખોરાક શરીરને ઘાસારાને કારણે શતું નુકશાન ઓછું કરવા અને લોહી બનવા માટે ખૂબ જરૂરી છે. માટે દિવસમાં એક વખત કઠોળનો ઉપયોગ તથા દૂધનો ઉપયોગ કરવા જ જોઈએ..

### ૪. આ બધા ઉપરાંત રોજના ખોરાકમાં થોડા પ્રમાણમાં ઘી અથવા માખણ અથવા તેલનો ઉપયોગ પણ પ્રમાણસર કરવો જરૂરી છે.

આમ, રોજ ખોરાકમાં આ ચારેય પ્રકારનો યોગ્ય પ્રમાણમાં સમાવેશ કરીને સમતોલ ખોરાક બનાવી શકાય.

■ ■ ■

## કૃષિ સૃષ્ટિ



**એચ. એસ. પટેલ - I.A.S. Rtd.**
નિ. કલેક્ટર, કમિશ્નર
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.

# લોકોપયોગી માર્ગદર્શન

## જમીનોના રી-સર્વેની ભૂલો સુધારવા સમયમર્યાદા લંબાવવા સાથે ક્ષતિઓ સુધારવાનો એક્શન પ્લાન જરૂરી

ગતલેખમાં સર્વે અને સેટલમેન્ટ મોજણી અને આકારણી અંગે જમીન મહેસુલ અધિનિયમમાં જે જોગવાઈઓ છે અને મૂળભૂત શું હાર્દ છે તેની વિગતવાર સમજ આપવામાં આવેલ અને રાજ્ય સરકારે મહેસુલી રેકર્ડના આધુનિકરણના ભાગરૂપે રીસર્વે સમગ્ર રાજ્યમાં દાખલ કરી, જે પ્રમાણિત Promulgate કરવામાં આવ્યું છે અને સંખ્યાબંધ ક્ષતિઓ રહેવા પામી છે. તે અંગે આલેખન કરવામાં આવેલ રાજ્ય સરકારે ક્ષતિ સુધારણાની મુદત ડિસેમ્બર-૨૦૨૫ સુધી લંબાવી છે. આગાઉ જ્યારે મહેસુલી રેકર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન-૨૦૦૪માં કરવામાં આવ્યું ત્યારે જે હયાત રેકર્ડ દા.ત. છેવટના અને અગાઉના તમામ ૭ x ૧૨ હક્ક પત્રકની નોંધ, મહેસુલી રેકર્ડનું કોમ્પ્યુટ-રાઈઝેશન તબક્કાવાર હાથ ધરવામાં આવેલ અને ૨૦૦૪માં Go live કરવામાં આવેલ, ત્યારે જે ક્ષતિઓ ખાસ કરીને Clerical mistake પ્રકારની હતી તે Suo-moto આપ મેળે સુધારવા તાલુકા મામલતદારને સત્તાઓ આપવામાં આવેલ અને તે રીતે સમગ્ર રાજ્યમાં હવે કોમ્પ્યુટરાઈઝ ભુલો રહેવા પામેલ નથી અને લોકોને On-line Record પણ સરળતાથી ઉપલબ્ધ થયું છે. જે આવકાર દાયક બાબત છે.

મહેસુલી રેકર્ડના રીસર્વે માટે જે ખાનગી એજન્સીઓને કામગીરી સુપ્રત કરવામાં આવેલ. તે અંગે Scope of work કાર્યક્ષેત્રે જે નક્કી કરવામાં આવેલ તેનું અનુસરણ ન થયું દા.ત. સર્વે ટીમ ગામે જાય તે પહેલાં ગ્રામસભા બોલાવવી, રીસર્વેનું મહત્વ સમજાવવું, દરેક ખાતેદારની હાજરીમાં સર્વેની કામગીરી કરવી. તે અંગે અગાઉથી નોટીસ આપવી વિગેરે, ખાનગી એજન્સીઓએ સબંધિત ગામના Google Map ના આધારે સર્વે નંબર બેસાડીને કામગીરી કરવાથી જે સ્થળ ઉપરની ભૌતિક સ્થિતિ તેમજ હયાત જે મહેસુલી રેકર્ડને ધ્યાનમાં લીધા સિવાય કરેલ છે. ખરેખર તો સર્વે કરતા પહેલાં સબંધિત સર્વે નંબરના ખાતેદારને તેનું ક્ષેત્રફળ, જો ભાઈઓ ભાગે વહેંચણી થઈ હોય તો તે અંગેની નોંધો, પેટા હિસ્સા થયા હોય તો તે, ગામનો મૂળ Revenue Map / ગામનો નમુના નં-૧, કાયમી ખરડો જો ધ્યાનમાં લેવામાં આવેલ હોત તો જે ક્ષતિઓ સાથે રેકર્ડ પ્રમાણિત જાહેર કરી દેવામાં આવ્યુ તે ન થાત, મહેસુલી રેકર્ડ ખાસ કરીને નમુના નં.-૭ને પ્રમાણિત જાહેર કરતા પહેલાં (Promulgation) સર્કલ ઓફિસર/નાયબ મામલતદાર દ્વારા - ૧૦૦ ટકા મૂળ રેકર્ડથી ખાત્રી કરવાની છે. મામલતદાર દ્વારા ૨૫% અને પ્રાન્ત અધિકારી દ્વારા ૧૦ ટકા રેકર્ડ ક્ષતિ રહિત પ્રમાણિત જાહેર કરવામાં આવે. અગાઉ જ્યારે દસ વર્ષે Rewriting of 7 x 12 કરવામાં આવતાં ત્યારે દસ વર્ષ વચ્ચે જે જે ફેરફારો થયા હોય તે તમામ સમાવેશ કરી લેવામાં આવતાં જેથી ભુલોને અવકાશ રહેતો ન હતો, આ રીસર્વે ટીમો દ્વારા અને મહેસુલી અધિકારીઓએ જુના 7 x 12 અને તેની હક્કપત્રની નોંધોની ખરાઈ કરી હોત તો પણ ખરાઈ સાથે મહેસુલી રેકર્ડનું પ્રમાણભુત સ્વરૂપે જાહેર થઈ શકત.

રીસર્વે બાદ પ્રમાણિત જાહેર થયેલ રેકર્ડનું ક્ષતિ સુધારણા કાર્યક્રમ ૧૫ વર્ષથી ચાલી રહ્યો છે અને જે કાર્યપદ્ધતિ નક્કી કરી છે તેમાં સબંધિત ખાતેદાર દ્વારા નિયત નમુનામાં અરજી કરવી પડે છે અને ડીઆઈએલઆર કચેરી દ્વારા અગ્રતાક્રમ પ્રમાણે મંથરગતિએ કામગીરી થાય છે. કારણકે માપણી કચેરીઓ પાસે પર્યાપ્ત સંખ્યામાં સર્વેયર ટીમ નથી જે એજન્સીએ કામગીરી તેઓ મારફત તેમના Risk snd Cost ઉપર કરાવવી જોઈએ પરંતુ રેકર્ડ ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ હોવાથી એજન્સી જવાબદારીમાંથી છટકી ગયા હશે અને કરોડો રૂપિયાનું ચુકવણું પણ થઈ ગયેલ હશે એટલે રીસર્વેનો મૂળભૂત ઉદ્દેશ હતો તે સાર્થક થયો હોય તેવું જણાતું નથી. વધુમાં રાજ્ય સરકાર ખેતીવિષયક આકાર એટલે કે મહેસુલ વસુલ કરવામાં આવતું નથી. એટલે જે જમીન મહેસુલ અધિનિયમમાં પ્રકરણ-૮માં જ્યારે રીસર્વે કરવામાં આવે ત્યારે જમીનોનું Reassessment પણ કરવામાં આવે છે. જ્યારે રાજ્યસરકાર વિસ્તાર પ્રમાણે Value Zone બનાવી સ્ટેમ્પ ડ્યુટીના હેતુ માટે જંત્રીના દર Revised કરી રહી છે તો રીસર્વે સાથે જમીનોની આકારણી Ressessment પણ કરવું જરૂરી હતું જેથી રાજ્યને મહેસુલી આવક પણ વધુ આવી શકત. હાલ જે રીસર્વે કરવામાં આવેલ છે તે મૂળ મહેસુલી રેકર્ડના આધારે, છેવટના જે જમીન કબજા / હક્ક પ્રમાણે, હક્કપત્રની નોંધોના આધારે કરવાના થતા હતા. જો આ બાબત ચોકસાઈ પ્રમાણે કરી હોત તો પ્રવર્તમાન પરિસ્થિતિ ઉદ્ભવી ન હોત.

મહેસુલી રીસર્વે રેકર્ડના ક્ષતિ સુધારણા માટે રાજ્ય સરકારે ઝુંબેશ સ્વરૂપે ગામવાર કાર્યક્રમ જાહેર કરી, સબંધિત ખાતેદારની હાજરીમાં, તેઓની રજુઆત સાંભળીને, મહેસુલી રેકર્ડથી ખાત્રી કરી અને છેવટના ફેરફારો સહિત ધ્યાનમાં રાખવા જરૂરી છે. દા.ત. મોટા ભાગે વહેંચણી થઈ હોય અને પેટા હિસ્સા પણ પડેલ હોય, પરંતુ સ્થળ સ્થિતિ મુજબ માપણી ન કરવાથી ઘણા સર્વે નંબરો ઉલટ-સુલટ થયા હોય, ક્ષેત્રફળમાં વધ-ઘટ થઈ હોય, લાગુ સર્વે નંબરોના ક્ષેત્રફળમાં પણ વધ-ઘટ થઈ હોય આવા કિસ્સાઓ ઉદાહરણ સ્વરૂપે જણાવ્યા છે. પરંતુ આવા વાસ્તવિક કિસ્સાઓની પણ ક્ષતિ સુધારણા થયેલ નથી. એટલે આ જે ટીમોની રચના કરવામાં આવે તેઓને ચોક્કસ સમય મર્યાદા ત્રણ માસ કે છ માસમાં કામગીરીના

(અનુસંધાન પેઈજ ૪૪ ઉપર)

## કૃષિ સૃષ્ટિ



**હીરજી ભીંગરાડીયા**
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી અને અનેક એવોર્ડ અને પારિતોષિકથી વિભૂષિત થયેલ છે.

# "ખેતી વ્યવસાય" માનવીય મૂલ્યોના જતન-વર્ધનનું ધરુવાડિયું

**પરિચય :** હીરજી ભીંગરાડીયા - ગામ માલપરા, જિ. બોટાદ એ લોકભારતીમાંથી મેળવેલી કૃષિ સ્નાતકની પદવીને ખરા અર્થમાં સાર્થક કરી છે. પોતાના પંચવટી બાગ પર નિઃસ્વાર્થભાવે, નિદર્શનો, મીટિંગો, સેમિનારો ગોઠવીને પોતે મેળવેલ જ્ઞાન ખેડૂતો સુધી પહોંચાડે છે. જમીન સુધારણા, ગીર ગાયોનો ઉછેર, ઔષધીય પાક, સજીવ ખેતી, પાણી બચાવ સંગ્રહ તથા ટપક સિંચાઈ પધ્ધતિના ક્ષેત્રે છેલ્લાં ૪૦ વર્ષથી સેવાઓ આપે છે. ફૂલછાબ, સંદેશ તથા અગ્રણી સામયિકોના નિયમિત કોલમિસ્ટ છે. આકાશવાણી તથા દૂરદર્શન પર તેમના કૃષિ જ્ઞાનની સરવાણી નિરંતર વહેતી હોય છે.

ખેતી કરતા - કરતા થયેલાં અનુભવોની વાત કરતા કુલ પર પુસ્તકો પ્રસિધ્ધ કર્યા છે. સમાજ અને સંસ્થાઓએ તેની કદર કરીને ધરતીપુત્ર, ઈનોવેટીવ ફાર્મર તથા કૃષિ શિરોમણી સહિતના ૪૩ જેટલા એવોર્ડથી સન્માનિત કરેલા છે. કૃષિ ક્ષેત્રના ભીષ્મપિતા સમાન હીરજીભાઈને 'ઉમાસૃષ્ટિ' માં આવકારતા આપણે ગૌરવ અનુભવીએ છીએ.

વ્યવસાય તો ઘણા છે. પરંતુ એક વ્યવસાય ખુદ એવા મંદિર જેવો છે કે જેમાં ભગવાન રહેવાનું પસંદ કરે છે. એના ધંધાર્થીના દિલમાં પૂજારીની ભાવના જાગૃત કરનારાં પરિબળો એના ફરતાં વિંટાળાઈ વળેલાં હોય છે. એ મંદિરમાં કુદરતની કૃપાની ઝાલર નિત્ય ઝણઝણાતી હોય છે. તમામ જીવસૃષ્ટિ સાથેનું અવલંબન કે જોડાણ બીજા માટે ઘસાવાની વૃત્તિ જગાડે છે, કંઈક કરી છૂટવાની તમન્ના જગાડે છે. પ્રાણી તો શું, વનસ્પતિ જીવ સાથે એકાત્મની ભાવના પ્રગટાવે છો. મારો ઈશારો સમજી ગયા હશો વાચકો ! ખેતીના વ્યવસાયમાં આ તાકાત છે.

ભૂલ કરે તો મા ક્યારેક ફટકારી પણ લે છે. રોતું બાળક ક્યાં જાય ? વધુને વધુ માની સોડમાં ભરાતું જાય છે. તો આખરે મા તેની ભીની આંખે છાતી સરસું ચાંપી લે છે. એમ ખેડૂત માટે 'ખેતી' કેવળ ધંધો નથી. માતાના વાત્સલ્યમાં નિત્યનું થતું રહેતું સ્નાન છે.

### 'ખેતી' એક જીવનપ્રણાલી :

ખેતી એ બીજા ધંધાની માફક માત્ર પૈસા કમાવાની દ્રષ્ટિએ કરાઈ રહેતો ધંધો જ નથી. જેમણે માત્ર પૈસા જ કમાવા છે એમને માટે આ દુનિયામાં અનેક ઉદ્યોગો અને વ્યવસાયો ખુલ્લા પડ્યા છે. એમણે ખેતી સામું ન જોવાય. મિત્રો ! જિંદગીમાં પૈસાનું એક મહત્વ જરૂર છે. પણ માત્ર પૈસો એ જ જીવન નથી. પૈસા કરતાં પણ વધુ કિંમતી વસ્તુઓ આ જીવનમાં સમજવા-જાણવાની, માણવા-અનુભવવાની, જીવવા-પામવા જેવી છે. એની જેમને મન થોડીકે કિંમત હોય એમણે આ માનવીય મૂલ્યોમા જતન અને વિકાસની ખેવના કરનાર ખેતીને જીવનપ્રણાલી તરીકે સ્વિકારવી. તો એને એમાં જરૂર જીવનની સાર્થકતા મળી રહેવાની.

### ખેતી એ પાયાનો ધંધો અને ખેતી કરનાર "જગતનો તાત" કહેવાય છે :

જૈન સાધુ રત્નસુંદર વિજયજીના પુસ્તકમાં વાંચ્યું છે કે "સૂર્ય એટલા માટે મહાન નથી કે તે આકાશમાં ખૂબ ઊંચે ઊગી ધગધગતો તાપ આપે છે. પણ સૂર્ય એટલા માટે મહાન છે કે તે સર્વત્ર પ્રકાશ પાથરી સૌને નવી ચેતના બક્ષે છે." એમ ખેડૂત એટલા માટે મહાન નથી કે તે શરીરે લોંઠકો અને મહેનતમાં જબરો છે. ખેડૂત એટલા માટે મહાન છે કે તે ધરતીની ધૂળમાંથી ધાન્ય પકાવી અન્યોની પેટનો જઠરાગ્નિ શાંત કરવા માટે યજ્ઞ આહુતિ બની રહ્યો છે. અન્ય ઉદ્યોગધંધાઓ પૈસા લાવી આપે છે, ગૌણ સગવડોની ચીજો બનાવી આપે છે. પણ પેટનો ખાડો પૂરી શકતા નથી. એટલે જ તો તાતા બિરલા કે અનિલ અંબાણી જેવા ઉદ્યોગ મહારથીઓને પણ 'અન્નદાતા'નું બિરુદ નથી અપાતું. તેથી જ સરદાર વલ્લભભાઈ પટેલે કહ્યું હતું ને "આ ધરતી પર છાતી કાઢીને જો કોઈને ચાલવાનો અધિકાર હોય તો એક માત્ર ખેડુતને કે જે ધરતીમાંથી ધાન્ય પકાવી સમાજને જિવાડે છે."

ખેતી કરવાની સાથોસાથ બીજાને ઉપયોગી થતું રહેવાય, અને જેનાથી પોતાની જાતને સંતોષ અને સન્માન પ્રાપ્ત થતાં રહે તે શું ઓછા ગૌરવની વાત ગણાય?

### ખેતી પૂરો પ્રામાણિક વ્યવસાય છે :

મૂડી નહીં પણ વનસ્પતિ જ આ ધંધામાં ધંધાર્થીનો આરાધ્ય દેવ છે. એનાં બીજને ધરતીમાં પધરાવવું, છોડવો કે ઝાડવું જે ઊગે તેની તન અને મનથી રખેવાળી ને ગોવાળી કરતાં કરતાં જે ઉતપન્ન મળે તેને જ પ્રભુનો પ્રસાદ માની લેવાનો, કુદરત આપે અને ખેડૂત લે-એવી સીધી પ્રણાલી હોઈ, ખોટું કરનારી વચ્ચેની દલાલી ઊભી થતી નથી.

ખેતી એવો વ્યવસાય છે કે જેમાં બહારની કોઈ સત્તાની આડખીલીઓ નથી હોતી કે કોઈ આયોજનો મંજુર કરાવવાં પડતાં નથી. ખેડુત પોતાના નિર્ણયો પછી આયોજનના હોય કે અમલીકરણના, ખરીદ-વેચાણના હોય કે કોઈ ફંકશનમાં બહારગામ જવાનાં હોય ! પોતે પોતાની ઈચ્છા મુજબ વર્તી શકે છે. હા, સ્વતંત્રતા સાથે ઝોખમ જોડાયેલું હોય છે.

# કૃષિ સૃષ્ટિ

પિંજરાના પોપટને ખાવા મેવા મળે છે અને કિલકારી કરી સ્વતંત્ર ઊડી રહેલાને ચણ ગોતવા અને શિકારીઓથી બચવા સાવધાન રહેવું પડે છે.

**વનસ્પતિના વૈવિધ્યનો પૂરો ફાયદો ઉઠાવી શકાય છે :**

જેમ માણસની વર વાપરની અને ખાધા ખોરાકીની પાર વિનાની માગણીઓ ઊભી થઈ રહી છે તેમ વનસ્પતિ જગતમાં એ બધી જરૂરિયાતો પૂરી પાડી શકે તેવી વિશિષ્ટ શક્તિવાળાં છોડવાં-ઝાડવાંનીયે તાણ નથી. આપણે જરૂર શાની છે. બોલોને ! અનાજની કે કઠોળની? શાકભાજીની કે ફળોની ? તેલ નીકળતા બીયાંની કે ઈમારતીબરના લાકડા-કૂકડની? અરે ! મરી-મસાલા જેવા તેજાના પદાર્થો કે સુગંધી દ્રવ્યોની? વહેલું-મોડું, એકલું કે ભેગું, જલ્દી કે લાંબેગાળે-શું વાવવાથી વધારે વળતર મળી શકશે, બસ એનો અભ્યાસ કરી લેવાનો ખેડૂતે ! બધું જ પેદા થઈ શકે છે. આની આ ધરતી આના આ હવા-પાણી અને આના આ સૂર્યપ્રકાશ વડે ! જરૂર હોય માત્ર વનસ્પતિનાં બીજની જાત અને પ્રકારની યોગ્ય પસંદગીની ! જોઈએ એવો રંગ અને ગમે તેવો ઘાટ, ભાવતો સ્વાદ અને જોઈએ એટલો જથ્થો પૂરો પાડી દેવાની, કહોને જે જે હેતુ પાર પાડવા હોય તે બધા જ હેતુ પાર પાડી દેવાની આ વ્યવસાયમાં ત્રેવડ સમાયેલી છે.

**ખુલ્લું આકાશ, ધરતીનું સાંનિધ્ય, ઋતુઓ સાથે સંવાદ :**

ખેતી એ તો કુદરતના સતત સાંનિધ્યવાળો, કુદરતની વચાળે રહીને ન કરાતો વ્યવસાય છે ભાઈ ! કેટકેટલી જાતની ભાતભાતની વનસ્પતિઓ, એના અનેરાં રૂપ-રંગો, પાર વિનાનાં ઝીણાં-મોટાં જીવડાંઓ, ચકલીથી માંડી મોર સુધીના પાંખધારીઓ, અરે ! વરસભરમાં બદલાતી રહેતી ત્રણ ત્રણ ઋતુઓ અને વાતાવરણમાં આવતા અવનવા ફેરફારો ! બધાની વચ્ચે રહેવાનું, જીવવાનું અને બધાં સાથે બંધાઈ રહેવાનું. પોતાના પકાવેલાં અન્ન, દૂધ-ઘી અને ફળ-શાકભાજી આરોગવાનાં. ચોખ્ખાં હવા-પાણી વાપરવાનાં, પરસેવે નીતરી જવાય એટલી મહેનત કરવાની. આ બધું સ્વૈચ્છિક અને ઉલ્લાસભર્યું હોય તો શરીરની તંદુરસ્તી ઉપરાંત મનની પ્રફુલ્લતા અને માનસિક શાંતિ પણ વધારે મળે છે. “જેવું અન્ન તેવો ઓડકાર !” ભલા, આહાર અને વિહાર જ એવા કે મનને સંતોષ મળે છે. પૈસાથી ગાદલાં, ગોદડાં કે પલંગ-પથારી મેળવા શકાય. ઊંઘ તો મનની શાંતિ અને સંતોષ હોય તો જ ગાઢ, થાક ઉતારી નાખે એવી આવી શકે. ખેતી આ અનુભવ કરાવે છે.

**કુદરત પરની શ્રદ્ધામાં સાતત્ય જળવાઈ રહે છે :**

તમે જુઓ ! ખેતીમાં બધુ કુદરતી અને જીવંત છે. બિયારણ, છોડ, ઝાડ, નિંદણ, બળદ, મજૂર, રોગ-જીવાત બધાં જીવંત ! ઋતુઓ બધીના બદલાવ કુદરતી. વાતાવરણમાં થયા કરતા ફેરફારો બધા કુદરતી. મોલમાં સવા-કવા કેવા રહેશે કે ઉત્પાદન કેટલું મળશે તે બધાનો આધાર કુદરત પર જ. અને કુદરત-પ્રકૃતિનો રચનારો તો ભગવાન જ છે ને ? ખેડુતે તો બસ ‘ખેતીકાર્યો’ રૂપી ભક્તિ કર્યે જવાની. ફળ દેવાનું ઉપરવાળાને હાથ ! ગીતાના “કર્મણ્યે વાધિકા રસ્તે મા ફલેષુ કદાચન”નું કેવું સચોટ દર્શન ! પ્રભુકૃપા પ્રત્યેની અતૂટ શ્રદ્ધા ખેડૂતના અંતરમાં કાયમી ધરબાયેલી હોઈ, ઈશ્વરે ભજવા માટે કોઈ પ્રકારની સેવા-પૂજા-પાર્થના કે મંદિર-મસ્જિદ, દેરાં-દેવળમાં જઈ, ખાસ સમય લઈ દેખાડો કરવાની આવશ્યકતા જ રહેતી નથી. ખેડૂતને તો ખેતર એ જ એનું મંદિર છે અને અંદર ઊભેલા છોડવા, ઝાડવા, જીવડાં અને જાનવરો જ એને મન પ્રભુના પયગમ્બરો છે. ખેતી કરનારો કદી કુદરતને અવગણી શકે જ નહીં. એની દોરવણી પ્રમાણે ચાલવામાં જ એની જિંદગીનું સાફલ્ય છે. ■

મો. ૯૩૨૭૫ ૭૨૨૯૭

પેઈજ નં. ૪૨ નું ચાલુ (લોકોપયોગી માર્ગદર્શન)

સાપેક્ષમાં સુધારણા માટેનો Target આપવામાં આવે તો કામગીરી સમય મર્યાદામાં પુરી થશે જ્યારે આ કામગીરી ચાલતી હોય ત્યારે સુપ્રિટેન્ડન્ટ ઓફ લેન્ડ રેકર્ડ (SLR) પ્રાન્ત અધિકારી, ડી.આઈ.એલ.આર, મામલતદાર આ કામગીરીનું સતત Monitoring કરે અને પ્રાન્ત અધિકારી અને કલેક્ટરશ્રી દર માસે યોજાતી મહેસુલી અધિકારીઓની મિટીંગમાં સમિક્ષા કરે અને રાજ્ય કક્ષાએ સેટલમેન્ટ કમિશ્નર અને સચિવશ્રી મહેસુલ વિભાગ આ કામગીરીનું કડક સ્વરૂપે સમિક્ષા કરશે તો જ રેકર્ડ દુરસ્તીનું પૂર્ણ થશે.

ખાસ અગત્યની બાબત એ પણ ધ્યાનમાં આવેલ છે કે સરકારે આપેલ સાંથલીનીજમીનો, સરકારી / ગૌચરની જમીનો જે આવેલ છે તેમાં જે તે સમયે ખાસ કરીને સાંથલીની જમીનો / સરકારી જમીનો જે Physical સ્વરૂપે સ્થતિ છે. તેના બદલે ફેરફારો કરાયા છે. સાંથલીની જમીનોના કબજેદારોને મૂળ ગ્રાન્ટ થયેલ જગ્યાને બદલે મહત્વના વિકસિત ભાગમાં દર્શાવી દેવામાં આવી છે. સરકારી / ગૌચરની જમીનોમાં દબાણો હોય તો તે પણ ચોક્કસ પણે દર્શાવવા જોઈએ તેના બદલે ઘણી જગ્યાએ કબજેદાર બનાવી દેવાયા છે. આ બધી બાબતોમાં સરકારનું હિત જળવાય તે જોવું જરૂરી છે. છેવટે જે ઉદ્દેશથી મહેસુલી રેકર્ડ આધુનિકરણ કરવાના ભાગરૂપે રીસર્વે કરવામાં આવેલ તેમાં ખેડુત ખાતેદારો / જમીનના કબજેદારોને તેમના કાયદેસરના હક્ક પ્રમાણે રેકર્ડ ઉપલબ્ધ થાય તે માટે સરકાર સુનિશ્ચિત કરે તે જરૂરી છે. ■



**સંપાદક :**
**ડૉ. ભગીરથ કે. પટેલ**
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને ઈનીશીયેટીવ કમિટી
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક છે.

# ગટ્ટુના ગલ્લે...

**અભિનંદન :** આપણા બાલસૃષ્ટિ વિભાગના નિયમિત લેખિકા ગિરા પિનાકીન ભટ્ટની **"એક ખાનગી વાત"** નવલિકા સંગ્રહને **ગુજરાત સાહિત્ય અકાદમીનું તૃત્તીય પારિતોષિક** પ્રાપ્ત થયું છે. આ જ નવલિકા સંગ્રહને ગિરા ગુર્જરી સન્માન પણ પ્રાપ્ત થયેલ છે. આ ગૌરવશાળી સિદ્ધિ બદલ આપણે ગિરા બહેનને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.



**: લેખિકા :**
**ગિરા પિનાકીન ભટ્ટ**
**બાળ સાહિત્યકાર અને દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા**
**મો. ૯૯૦૯૬ ૪૧૨૬૨**

ગટુ ગધેડો આમતેમ રખડ્યા કરે... કંઈ કામ ધંધો ન કરે. કંઈ ભણ્યો-ગણ્યો પણ ન્હોતો, ત્યાં નોકરીએ રાખે કોણ ? રખડી રખડીને ગટુ થાક્યો હતો. આખો દિવસ બધાં કંઈ કંઈ કામકાજ કરતાં હોય. વાતો કરવા તેની સામે નવરું કોઈ નહીં એ કારણે જ એને કોઈ ધંધો કરવાનું વિચાર્યું, શું કરવું? એમાં ને એમાં પાછું વરસ ખેંચી નાખ્યું. બજારમાં રખડતાં રખડતાં, ને જે તેનો માર ખાઈ ખાઈને એ ધરાઈ ગયો હતો. ગટ્ટુ રખડેલો, ગટ્ટુ ભટકેલો, ગટ્ટુ નવરો, ગટ્ટુ નફરકો, જેવાં નામે સહુ બોલાવે. જે ગટ્ટુને જરાય ન ગમે. એક ગલ્લો ખોલીને બેસું, જેથી આવાં ઉપનામો તો ન મળે ગટ્ટુના મિત્રોએ શિખામણ આપી કે, કામ કામને શીખવે છે. તું નાનું-મોટું કંઈ પણ કામ કર. કામ કરીશ તો ટેવ પડશે. અક્કલવાન ઘોડાએ પણ ગટ્ટુને ઘણું સમજાવ્યો હતો, ને એના પ્રતાપે ગટ્ટુએ ગલ્લો ખોલ્યો.

બજારમાં આનંદ ફેલાયો. ગટ્ટુએ ગલ્લો ખોલ્યો, હા... પાનનો ગલ્લો. ગટ્ટુને શરૂ શરૂમાં કંઈ ફાવે નહીં, પણ ધીમે ધીમે શીખી લીધું. તેના ગલ્લામાં મળે સાદાં પાન, બનારસી પાન, મીઠાં સાદાં પાન, પાંચ પચાસ રૂપિયા મળતા જાય એમ ધંધો વધારવાની લાલસા વધે, અને બન્યું પણ એવું જ. ધંધો જામ્યો, પાનના રસિયાઓ આવી પહોંચે ગલ્લે, કેટલાંક રોકડિયા તો કેટલાંક ઉધાર. કેટલાંક દોડધામ કરતા આવે તો કેટલાંક ટાઈમ પાસ માટે. હોંચી હોંચી કરતો ગટ્ટુ બધાયને પાન આપે.

'ઓ... ય... ગટ્ટુ, ચાર મીઠાં પાન બાંધી દે, ચાલ ફટાફટ.' 'હાજી...' ના બદલે બોલી નાંખે 'હોંચી...' ઉતાવળા ગ્રાહકોને એ સાંભળવાની ફુરસત ક્યાં હતી ? નોકરી-ધંધા અને જવાનું હોય દૂર દૂર ત્યાં. એક સવારે ગટ્ટુના ગલ્લે કંઈક લટકતાં તોરણો દેખાણાં. કોઈ કશું સમજ્યાં નહીં. ગટ્ટુ તો એને લટકાવવામાં પડ્યો હતો. બધાં નજીક આવીને જોવા લાગ્યાં. અરે ! ગટ્ટુડોતો તમાકું વેચવા માંડ્યો. માંડ માંડ ટેવો છૂટી હોય એવાઓને તો મજા મજા. રોગો ભરખી જાય, કેવી એની સજા ? પણ ખાતા હોય એને ક્યાં એવું યાદ આવે ? કોઈ રોકે કે ટોકે તો એ ના ગમે. જેણે જેણે જાણ્યું એને આ ન ગમ્યું. હવે તો પાનની સાથે સાથે ગુટખા તમાકુ પણ વેચવા લાગ્યો. આવક વધતી ચાલી એમ લોભ બમણો થતો ગયો. લોભને થોભ ક્યાં ? ગટ્ટુએ હવે ગાડી વસાવી.

ગૌરી ગાય, બીસુ બકરી, ઊંટ આ બધાંયે જાણ્યું. અરે ! એ ગટ્ટુ ગાંડાને આ શું સૂઝ્યું ? ગલ્લામાં પાન મળે, બિસ્કિટ, ચોકલેટ મળે તે બરાબર. પણ તમાકુ વેચાય અને બધાં હોંશે હોંશે ખાય, એ તો ખરાબ કહેવાય.

વાત પહોંચી અક્કલવાન ઘોડાના કાને. હમણાં હમણાં તેને જરાય સમય નહોંતો. એણે રેસમાં ભાગ લીધો હતો. રોજ રોજ સતત અને સખત પ્રેક્ટિસ કરવી પડતી. વળી હરીફાઈની તારીખ થઈ ગઈ હતી, અને તે નજીકમાં જ હતી. આમ ને આમ કેટલાંક દિવસો નીકળી ગયા. હરીફાઈ યોજાઈ... એમાં અક્કલવાને ઈનામ મેળવ્યું. રાજીપો વ્યક્ત કરવા ઠેર ઠેરથી બધાં આવતાં. આવાં બધાં કારણોસર ઘોડાના મનમાંથી ગટ્ટુની વાત નીકળી જ ગઈ. હરખ કરવા આવેલી ગૌરીએ કહ્યું, 'તું અક્કલવાન છે, તારા અક્કલના જોરે તારી પ્રગતિ થઈ છે. તું મહેનતુ છે, અને મહેનતુ હોય તેને ઉપરવાળાનો સાથ મળે જ છે વહેલો કે મોડો. પરિશ્રમમાં તું પાછો ન પડે, એ વાતને બિરદાવવી જ રહી. ચારેકોર આનંદ જ આનંદ છે, પરંતુ હવે થોડો સમય કાઢી ગટ્ટુને સમજાવે તો સારું.' ગૌરીની વાત સાંભળી અક્કલવાનના કાન ચમક્યા. 'અરે... ગૌરી. સારું થયું તે યાદ દેવડાવ્યું. બાકી મારા મગજમાંથી તો નીકળી જ ગયું સાવ. આજે સાંજે જ એને મળું છું, તું નિશ્ચિત રહેજે.'

'પણ... બાપલા મારું નામ ના લેતો હોં.' 'અરે, નહીં દઉં, પરંતુ આટલી બધી ડરે છે કેમ ?' 'ગટ્ટુ ને ગટ્ટુની લાતનું ભલું પૂછવું. મારું ધ્યાન ન હોય ને મારા નાનકડા વાછરડાને મારી દે એ લાત, તો મારે કરવું શું ?' 'ભલે... ભલે... તું ચિંતા છોડ, હવે એ કામ મારું.'

ગૌરીનો આનંદ બેવડાયો. કોણ જાણે કોઈને કેમ સમજાતું નથી ? હવે કંઈ બધા અણસમજું થોડા છે ? ઠેર ઠેર વંકાઈ ગયેલાં જડબાં, અને ફરી ગયેલાં મોઢાનાં ચિત્રો મૂક્યાં છે, છતાં કોઈની આંખ કેમ ઊઘડતી નથી ? એમાંથી શું મળતું હશે ? નાહકના પૈસાની અને શરીરની બરબાદી ! શું ખવાય ને શું ન ખવાય એવી અક્કલ કાંઈ ઉછીની દેવાય ? સારા ખોટાનો ભેદ ન સમજાય ? ને ન સમજાય એને મૂરખ જ કહેવાય... ગૌરી વિચારતી હતી, અને ચાલતી હતી. રસ્તામાં મળી બીસુ બકરી, એણે પણ ગટ્ટુડાના આવા ધંધા અર્થે દુઃખ વ્યક્ત કર્યું. બીસુનું શું બીજું ગજું, ગટ્ટુ સામે ? બન્ને ત્યાંથી ચાલી નીકળ્યાં. લગભગ ચાર વાગે અક્કલવાન નીકળ્યો બજારે. ઘણા દિવસે દેખાયો હોવાથી બધાએ રાજીપો વ્યક્ત કર્યો. બાકી રહેલાં ઘણા બધાએ અભિનંદન પાઠવ્યા. અક્કલવાન આભાર માનતો માનતો આવી પહોંચ્યો ગટ્ટુના ગલ્લા પાસે. 'ઓહ ગટ્ટુ, આ તોરણિયાં શાનાં લટકાવ્યાં છે તેં ?' 'અરે, આવો... આવો... અક્કલવાન ! અભિનંદન. લ્યો એ તોરણિયામાંથી એક પડીકી તમે પણ ખાવ. એના રૂપિયા ના દેજો બસ. મારા તરફથી છે, લ્યો ખાવ ખાવ.'

'ના ગટ્ટુ ના... હું તને સમજાવવા જ આવ્યો છું કે આપણે જે ન ખાતા હોઈએ એ બીજાને ન દેવાય. હું જાણું જ છું કે... તમાકુંનાં ખેતરોની આસપાસ તમેય નથી ફરતા. તો બીજાને ખવરાવી તું શા માટે એને રોગિષ્ટ બનાવે છે ?' 'અક્કલવાન, મને એમાંથી પોસા મળે છે...ઘણું ઘણું કમાઉં છું.' 'ભાડમાં જાય એવી કમાણી. કોઈને સુખી ન કરી શકીએ તો કંઈ નહીં, પણ કોઈને દુઃખમાં, બામારીમાં ને અંતે દેવામાં તો ન ઉતાર... સમજી જા તું.'

અક્કલવાન દેખાતાં ગટ્ટુએ પડીકીનાં તોરણ ઉતારી લીધા. પણ જેવી પીઠ ફેરવી અક્કલવાને ત્યાં પાછાં તોરણો લટકાવી દીધાં. લાલચ વ્યસનની હોય કે ધનની એમ છૂટે ? અક્કલવાન હજી બજારમાં જ ઘૂમતો હતો. એના કાને વાત આવી પહોંચી. કામ હવે કુનેહથી લેવું એવું વિચારી એક ઝાડ નીચે ઊભો. ઝાડ ઉપર હતા કંઈક વાનરો, ચંચળ વાનરોને સમજાવી વાત. એ પડીકીમાં ભર્યો છે ઉત્પાત ! તમે ખાશો તો વધારે ભૂંડા થશો, એટલે હું જે સોંપું એ કામ તમે કરો તો કહું... નહીં તો અહીંથી જતો રહું.

'ના... ના... અક્કલવાન, તમે કહો. તમારું નામ જ એવું છે કે તત્પર છીએ તમારા કામ માટે અમે. આમેય નવરા જ છીએ...' આગેવાન વાંદરો બાલી ઊટ્યો. 'હા... હા... અને બધા સાવ નવરા, અમને કામ સોંપો... નહીંતર એક ડાળીથી બીજી ડાળ ને એક ઝાડથી બીજું ઝાડ, કંઈ નહીં તો હૂપાહૂપ.' બીજા વાનરો બોલી રહ્યાં. 'ત્યાં જુઓ, સામે પેલા ગટ્ટુનો ગલ્લો. તમારે ગલ્લા સામેના ઝાડ ઉપર બેસવાનું, ગટ્ટુની નજર ચૂકવીને લટકતી પડીકીઓનાં તોરણો તોડી લાવવાનાં. અને નાખી દેવાનાં દૂર દૂર કચરાનાં ડબ્બામાં. સમજાયું ને ?' 'હા... હા... અક્કલવાન, સમજાઈ ગયું. મજા આવશે, મજા પડશે...' કહેતાં નાનાં બચ્ચાં અને વાંદરીઓ પણ જોડાઈ ગઈ આ કામમાં.

ગટ્ટુનાં ગલ્લામાં તોરણિયાં એટલાં બધાં કે ગટ્ટુને શરૂ શરૂમાં કંઈ સમજાયું જ નહીં. વાંદરાઓ ગલ્લા ઉપર આવીને બેસી જાય ધીમેથી અને ખેંચી લે તોરણિયું. ગલ્લા ઉપર એક મોટું ઝાડ હતું. ઝાડની ડાળી ઝાલી લટકતા રહી ખેંચી લે સાઈડમાંથી, અને જાય નાઠા. ગટ્ટુને કશું સમજાયું નહીં, પરંતુ મહિને દા'ડે હિસાબ મળતો ન હતો. અરે! ધંધો તો ચાલે જ છે ધમધોકાર ને ખોટ વરતાણી કેમ ? હું તો ગલ્લામાં રહું છું. હાજર ને હાજર... આવું બને જ કેમ કરતાં ?

અક્કલવાનની અક્કલ કામે લાગી હતી. દૂર દૂર ઊભા રહી તમાશો જોવાની એને મજા પડી. ગૌરી અને બીસુના કાનેય આ વાત ગઈ. બંને ચૂપ જ રહેતાં. ગટ્ટુની ગણતરીઓ ઊંધી પડતી લાગી. પડીકીઓનાં તોરણો ખેંચાતાં ચાલ્યાં. હવે ગટ્ટુને ગાડી વેચી નાખવી પડી. ગટ્ટુ મોટો વેપારી બનવાનાં સપનાં જોતો હતો, પણ... રોડ ઉપર આવી ઊભો. લાગ જોઈ અક્કલવાન એના ગલ્લે જઈ ઊભો. 'ગટ્ટુ, સાંભળ્યું કે તેં ગાડી વેચી નાખી. એલ્યા આમ કેમ કરતાં થયું ? ચિંતા થઈ એટલે આવ્યો મળવા.'

'તમારી વાત સાચી છે અક્કલવાન! ગાડી સાચે જ વેચવી પડી. હમણાં હમણાં સમજાતું નથી, પણ ધંધો ખોટમાં જાય છે. એવું કેમ કરતાં થયું એ સમજાવતું નથી, હવે તમે જે ઉપાય બતાવો તે કરવા રાજી છું. તમે કહો તો પડીકીઓ વેચવાનું બંધ કરી દઉં બસ!'

અક્કલવાનને તો એ જ જોઈતું હતું. 'હા એવું કર... કોઈનું ભલું થશે તો ઉપરવાળો રાજી રહેશે. પાન, ચોકલેટ, બિસ્કિટ એવું બધું વેચ, પરંતુ પડીકીઓ વેચવાનું છોડ.'

ગટ્ટુએ વાત સ્વીકારી, તો બીજા મહિને હિસાબનો તાળો મળ્યો. ગટ્ટુ હરખાયો. ગુટખા, તમાકુનો ધંધો છોડ્યો. એની સુગંધી પણ લેતો નથી. ખોટ આવતી બંધ થઈ એનો આનંદ વધ્યો.

આ તરફ અક્કલવાને વાંદરાઓને સમજાવ્યું કે, 'હવે ગટ્ટુના ગલ્લામાંથી કશું જ ખેંચવાનું નહીં, લાવવાનું નહીં. વાંદરાઓ સમજ્યા એવું કે, ગટ્ટુના ગલ્લામાંથી જ નહીં, ખેંચવાનું, બાકી બધે જ છૂટ છે. બસ, ત્યારથી જ વાંદરાઓ જ્યાં ને ત્યાં હાથ મારે છે. એ શાક હોય કે ફળ ખાવાનું હોય કે ન હોય, પાકીટ ચશ્માં કે મોબાઈલ, થેલી, થેલો કે દુપટ્ટા... કામનું હોય કે ન હોય... બસ ખેંચી લેવું'

અક્કલવાન કેટલાને સમજાવે ? ગટ્ટુને સમજાવ્યો ત્યાં વાંદરાઓ બગડ્યાં... પરંતુ અક્કલવાનને એ વાતનો સંતોષ છે કે, પડીકીઓનો ધંધો બંધ થયો. હાશ ! હવે કોઈ કેન્સર જેવા મોટા રોગનો ભોગ નહીં બને. ખર્ચાના ખાડામાં કોઈ નહીં ઊતરે...

'બાકી ધંધાવાળાઓ ધ્યાન રાખે. એમની વસ્તુ ના ચોરાય એની. ત્યાં તો થઈ બૂમાબૂમ.' સવલી, તારી લારીમાંથી, ઊપડી ગઈ કેળાંની લૂમ... ને, હરીયા તારી લારીમાંથી દૂધી લઈ નાઠો પેલો બુઢિયો... પેલો કરસનકાકાની કોબીના દડા ખાલી... ઝાડ ઉપર ચડીને વાંદરાઓ મસ્તીથી ખાતાં હતાં. ગટ્ટુ, અક્કલવાન, ગૌરી ને બીસુ હસતાં હતાં ખડખડાટ. ■



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## વિશ્વની સૌથી મોટી સોશિયલ ક્રિકેટ ટુર્નામેન્ટ VPL-3 ફાઈનલ મેચ @ DUBAI









તા. ૦૧-૦૨-૨૦૨૫ ના રોજ VUF યુવા સંગઠન દ્વારા આયોજીત VPL-3 ફાઈનલ મેચ શ્રીરામ ૧૧ - રાજકોટ અને ફ્લેક્ષી બોન્ડ ૧૧ - અમદાવાદ વચ્ચે દુબઈ ખાતે યોજવામાં આવેલ. જેમાં શ્રી વિવેક ઓબેરોય (MD - BNW Developers), ચેરમેનશ્રી અંકુર અગ્રવાલ, શ્રી અનિલભાઈ પટેલ - GCA Sec., ક્રિકેટર શ્રીસંત, શ્રી શુભ પટેલ (CEO - Saar Developers) સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ વિશેષ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

VPL-3 ફાઈનલ મેચમાં ફ્લેક્ષી બોન્ડ-૧૧, અમદાવાદ વિજેતા થયેલ. જેમને ટ્રોફી તેમજ રૂ. ૫ લાખનો ચેક અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવેલ. સદર ટુર્નામેન્ટનું આયોજનમાં યુવા સંગઠનના ચેરમેનશ્રી જીતુભાઈ બી. પટેલ, શ્રી સુરેશભાઈ પટેલ, શ્રી રિકેનભાઈ પટેલ તેમજ સમગ્ર ટીમ, દુબઈથી શ્રી પવનભાઈ, શ્રી ચંદ્રેશભાઈ, શ્રી પ્રિતેશભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી હેમતભાઈ, શ્રી ચિંતનભાઈ, શ્રી દીપ્તીબેન દેવ, શ્રી ભરતભાઈ નારોલ, શ્રી ચંદ્રશેખર ભાટીયા તેમજ દુબઈના મીડિયા પાર્ટનર મિત્રોના સહયોગથી ટુર્નામેન્ટને જે સફળતા મળેલ છે તે બદલ તમામ મિત્રો પ્રત્યે સંસ્થા ગૌરવ અને અહોભાવની લાગણી અનુભવે છે.

## ઉમાછત્ર યોજના અંતર્ગત દિવંગત પરિવારને ૧૦ લાખની આર્થિક સહાય

સંસ્થાની ઉમાછત્ર સહાય યોજનાના સભ્ય શ્રીમતી રમિલાબેન પટેલનું આકસ્મિક રીતે નિધન થતાં તેમના પરિવારને મા ઉમિયાના કવચ રૂપે રૂા. ૧૦ લાખની આર્થિક સહાય સંસ્થા દ્વારા ચૂકવવામાં આવી. સંસ્થાની ઉમાછત્ર કમિટી તેમજ સંગઠનના મિત્રો પ્રાર્થના સભા દરમિયાન ઉપસ્થિત રહી શ્રધ્ધાંજલિ અર્પિત કરી. આ દુઃખદ ઘટનામાંથી તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી મા ઉમિયાને પ્રાર્થના.



## મહેસાણાના કહોડા ગામ ખાતે દિવ્યરથ પરિભ્રમણનું આગમન





તા. ૦૭-૦૨-૨૦૨૫ ના રોજ મહેસાણા જીલ્લાના કહોડા ગામે દિવ્યરથ પરિભ્રમણનું આગમન થયેલ. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી ડી.એન.ગોલ, મહેસાણા જીલ્લા ચેરમેનશ્રી વી. કે. પટેલ, દાતાટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર ભાઈ-બહેનો તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી વિઝન - મિશન તથા રથ પરિભ્રમણ વિશે માહિતી પ્રદાન કરી ઉપસ્થિતિ સર્વે ભાવિ-ભક્તોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## મહેસાણાના ટુંડાવ ગામ ખાતે દિવ્યરથ પરિભ્રમણનું આગમન





તા. ૧૦-૦૨-૨૦૨૫ ના રોજ સંસ્થાના ગોલ્ડન ભામાશા દાતાશ્રી પ્રહ્લાદભાઈ એ. પટેલ (કામેશ્વર) ના નિવાસસ્થાન મહેસાણા જીલ્લાના ટુંડાવ ગામે દિવ્યરથ પરિભ્રમણનું આગમન થયેલ. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, ખજાનચી શ્રી કાંતિભાઈ પટેલ, શ્રી સાંકળચંદભાઈ પટેલ, શ્રી જયંતિભાઈ પોકાર, મહેસાણા જીલ્લા ચેરમેનશ્રી વી. કે. પટેલ, દાતાટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર ભાઈ-બહેનો તથા ગ્રામજનો વિગેરે ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી વિઝન - મિશન તથા રથ પરિભ્રમણ વિશે માહિતી પ્રદાન કરી હતી. ઉપસ્થિતિ સર્વે ભાવિ-ભક્તોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## શ્રી વિવેક ઓબેરોય (ફિલ્મ કલાકાર) વિશ્વ ઉમિયાધામની મુલાકાતે





તા. ૧૭-૦૨-૨૦૨૫ ના રોજ ફિલ્મ કલાકાર શ્રી વિવેક ઓબેરોય - MD - BNW Developers વિશ્વ ઉમિયાધામની મુલાકાતે પધારેલ. જ્યાં તેઓએ જગતજનની મા ઉમિયાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબ સાથે શુભેચ્છા મુલાકાત લીધેલ.

## VIBES BUSINESS CONCLAVE @ AHMEDABAD





વિશ્વ ઉમિયા ઈન્ટરનેશનલ બિઝનેસ એન્ટરપ્રિન્યોર્સ એન્ડ સોશિયલ નેટવર્ક (VIBES) એ સંસ્થાનું એક ગતિશીલ પ્લેટફોર્મ છે. જે બિઝનેસ પ્રોફેશનલને જોડવા અને સશક્ત કરવા કાર્યરત છે. વાઈબ્સના હાલમાં ૧૧ સક્રિય ચેપ્ટરો કાર્યરત છે. જેમાં ૫૫૦ થી વધારે સાહસિકો આ નેટવર્ક સાથે જોડાયેલા છે. સંસ્થાના આ પ્લેટફોર્મમાં વધુમાં વધુ યુવા ઉદ્યોગ સાહસિકોને બિઝનેસ ક્ષેત્રે શ્રી સ્નેહ દેસાઈ - લાઈફ એન્ડ બિઝનેસ કોચનું માર્ગદર્શન મળી રહે તે માટે કોન્ક્લેવનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી, વાઈબ્સના મિત્રો તેમજ મોટી સંખ્યામાં યુવા સાહસિકો ઉપસ્થિત રહ્યા હતાં.

## મા ઉમિયા મંદિરના પંચમ્ પાટોત્સવનું ભવ્ય આયોજન









વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ ખાતે તા. ૨૮-૦૨-૨૦૨૫ ના રોજ જગતજનની મા ઉમિયાના મંદિરના પંચમ્ પાટોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી થઈ. આ પ્રસંગના અન્નકૂટના મુખ્ય યજમાનશ્રી જયંતિભાઈ એમ. પોકાર, નવચંડી યજ્ઞના યજમાન શ્રી વી. પી. પટેલ-USA, શ્રી રસિકભાઈ પટેલ, ધ્વજારોહણ, નવચંડી યજ્ઞ, બ્લડ ડોનેશન કેમ્પ, દાતાશ્રી કાર્યકર્તા સભા, મહાઆરતી જેવાં વિવિધ કાર્યક્રમો દરમિયાન મોટી સંખ્યામાં ભાવિક-ભક્તો ઉપસ્થિત રહી મા ઉમિયાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.



ડો. રૂપલબેન પટેલ
સમાચાર સંપાદિકા

## મહાશિવરાત્રિ પર્વ પર શિવ - પાર્વતીના વિવાહનું ભવ્ય આયોજન









વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ ખાતે તા. ૨૬-૦૨-૨૦૨૫ ના રોજ મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે લઘુરુદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેના મુખ્ય યજમાનશ્રી તરીકે જયંતિભાઈ પટેલ - સિલ્વર દાતાશ્રી (SCC ઈન્ફ્રા.) એ લાભ લીધેલ. શિવ - પાર્વતી વિવાહનું યુવા મહિલા સંગઠન દ્વારા આયોજન કરવામાં આવેલ. જેમાં શિવ - પાર્વતીના પાત્ર તરીકે શ્રી સંદિપભાઈ અને નેહલબેને ભૂમિકા ભજવી હતી અને રૂડાં મામેરાંના યજમાન તરીકે શ્રી રૂપેશભાઈ પટેલ - બાટા ગ્રુપ, કલોલ અને કન્યાદાન શ્રીમતી શશીબેન એસ. પટેલ - પ્રભારીશ્રી યુવા મહિલા દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી ભગુભાઈ પટેલ-USA તેમજ શ્રી વિક્રમભાઈ પટેલ (મુખી) વસ્ત્રાલ મામેરામાં સહયોગ આપી જોડાયેલ, તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ ભક્તોએ કન્યાદાન પેટે કવર અર્પિત કરી શ્રી ઉમેશ્વર મહાદેવ ભગવાનના કૃપાપાત્ર બન્યા હતા.

સદર કાર્યક્રમનું આયોજન યુવા મહિલા સંગઠનના પ્રભારીશ્રી શશીબેન પટેલ, ખુશ્બુબેન, જલ્પનબેન, અમીબેન, ભાર્ગવીબેન, મૌલિકાબેન, અવનીબેન, મનીષાબેન, મીનાબેન તેમજ તેમની સમગ્ર ટીમ અને વધુમાં આ પ્રસંગે ભૂલકાંઓએ વિવિધ પાત્રોનો રોલ ભજવીને જે અહમ્ ભૂમિકા અદા કરી તેનાથી કાર્યક્રમને જે સફળતા મળી છે તે બદલ તમામનો સંસ્થા ખૂબ ખૂબ આભાર અને ગૌરવની લાગણી વ્યક્ત કરે છે.



## કારોબારી તથા કાયમી ટ્રસ્ટી મંડળ મીટિંગ

તા. ૨૩-૦૨-૨૦૨૫ ના રોજ સંસ્થાની કારોબારી તથા કાયમી ટ્રસ્ટી મંડળની મીટિંગ સંસ્થાના પ્રમુખશ્રીના અધ્યક્ષ સ્થાને એજન્ડાના કામો સારું મળી. જેમાં એજન્ડા અંતર્ગત જરૂરી ચર્ચા - વિચારણા કરવામાં આવી.


Vishv UMIYA Foundation
VUF INSTITUTE CIVIL SERVICES
PSI - CONSTABLE
RUNNING PASSOUT STUDENTS
BATCH FEATURES
• TEST SERIES
• COUCHING
• ONE TO ONE MENTORSHIP
• LIBRERY
• CANTEEN
• HOSTEL
ADMISSION OPEN TILL
01/03/2025
Address :
Vufics, C/O Radiant School Of Science,
Kh Road, Sargasan,
Gandhinagar 382421
Call Us:
720 20 80 202

NABH Accredited | I.C.M.R. Registered | KAYAKALP Certified | FOGSI

# ખુશીઓથી રમશે આંગણું, જયારે ઘરે બંધાશે પારણું



## કયા દંપતીઓ લાભ લઈ શકે છે?

**મહિલા**

બંધ ટ્યૂબ્સ, વારંવાર IUI માં નિષ્ફળતા, ઈંડામાં ખરાબી
અનિયમિત માસિક અને ગર્ભાશયમાં ગાંઠ હોવી

**પુરુષ**

ઓછા શુક્રાણુ, શુન્ય શુક્રાણુ, શુક્રાણુઓની
ધીમી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા

## ઉપલબ્ધ સેવાઓ

IUI | IVF | ICSI
બ્લાસ્ટોસિસ્ટ કલ્ચર | PGD/PGS એન્ડ્રોલૉજી
સર્જિકલ સ્પર્મ એસ્પિરેશન | ક્રાયો પ્રિઝર્વેશન
એગ - સ્પર્મ - એમ્બર્યો | TESA | PESA
માઈક્રો TESE 4D સોનોગ્રાફી | એન્ડોસ્કોપી
NABL પ્રમાણિત લેબોરેટરી

## તમામ સુવિધા એકજ સ્થળે

અત્યાધુનિક IVF લેબ, સચોટ નિદાન, સફળ પરિણામ, IVFના પ્રથમ પ્રયત્ને ઉત્તમ સફળતા, પોતાનું ઈંડુ અને પોતાના જ શુક્રાણુથી IVF સારવારમાં અગ્રેસર, નિષ્ણાંત અને અનુભવી એમ્બ્રિઓલજિસ્ટની ટીમ, જેવા અત્યાધુનિક જિનેટિક ટેસ્ટ.

**20000+** પરિવારને મળી આઈ.વી.એફ. થી ખુશીઓ

**૭૦ દેશોના લોકોને સારવાર આપનારા**

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ સર્વે ઓફ ફર્ટિલિટી ક્લિનિક 2019માં દ્વિતિય ક્રમાંક (પશ્ચિમ ઝોન)



**ડૉ. આર. જી. પટેલ**
(ઈન્ફર્ટિલિટી અને IVF સ્પેશ્યાલીસ્ટ)

Sunflower Hospital

**સનફ્લાવર ઈન્ફર્ટિલિટી એન્ડ IVF સેન્ટર**
માનવ મંદિર પાસે, ટ્રાફિક પોલીસ હેલ્મેટની સામે, મેમનગર, અમદાવાદ, ગુજરાત 380052. મોબાઈલ નં : 079 27410080, +91-9687003993

**સનફ્લાવર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ**
નાથાલાલ કોલોની, પંજાબ નેશનલ બેંક ની સામે, લખુડી સર્કલ પાસે, નારણપુરા, અમદાવાદ- 380013. મોબાઈલ નં : 07929914965, +91-9099400445

**સનફ્લાવર IVF ક્લિનિક**
418, સાહિત્ય આર્કેડ, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ, ગુજરાત - 382 330. મોબાઈલ નં : 07946010728, +91-9099400221

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025
Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721


## COMPLETED PROJECTS




RETAIL & WORK SPACES
AT SOUTH BOPAL




RETAIL & OFFICE SPACES
AT SG HIGHWAY

## NEW PROJECTS




RETAIL & OFFICE SPACES
AT AMBLI 'T' JUNCTION




3 BHK SERENE HOMES
AT SINDHU BHAVAN EXTENSION ROAD



3 BHK
KIDS FRIENDLY HOMES
COMING SOON



સંજયભાઈ પટેલ
(વિસલપુર)
+91 98254 42197